# ઓહલે સુન્નત વ જમાઅત

આ'બે

**મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર.........**

બફયુઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ
બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

ISLAMIC WELFARE MISSION
GRWB/057/BHARUCH/02
At. : Dayadara, Di. Bharuch Pin. 392020 Guj. India
Ph. (02642) 282792, 282911

# બરકાતે ખ્વાજા (માસિક)

**"બરકાતે ખ્વાજા" (માસિક)**
૧-માર્ચ-૨૦૦૪
મુહર્રમુલ્ હરામ-સફરુલ્ મુઝફ્ફર
હિ.સ. ૧૪૨૫
વર્ષ : ૦૧ અંક : ૦૩, સળંગ અંક : ૦૩

**★ માનદ તંત્રી ★**
**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

આ **"બરકાતે ખ્વાજા"** (માસિક) **"ઈસ્લામિક વેલ્ફેર મિશન"** દયાદરા તરફથી તેના પ્રમુખ, તંત્રી, પબ્લીશર તથા પ્રિન્ટર પટેલ શબ્બીર અલી રઝવી (B. Sc.)એ **"ટેકનો પ્રિન્ટ"** કાટવાલા એસ્ટેટ, યાકૂતપૂરા, વડોદરામાં છપાવી ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરાની ઓફિસેથી પ્રગટ કર્યું.

**★ સ્થાપક અને પ્રકાશક ★**
**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

**★ પત્ર વ્યવહારનુ સરનામું ★**
બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા
તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦
ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨

## ★ મન્કબત શરીફ ★

જો ભી રઝા કે નામસે ચિળતા દિખાઈ દે
ઉસકા અકીદા સાફ બિગળતા દિખાઈ દે

એહમદ રઝા તો અપની કિતાબોં કી શકલમેં
ગદ્દારે દીં સે આજ ભી લળતા દિખાઈ દે

અલ્લાહ રે વો મુફતીએ આ'ઝમ કા રૂએ પાક
ગૌષુલવરા કા નૂર બરસતા દિખાઈ દે

બરકાતિય્યત કી ખૂશ્બૂ હૈ જિસમેં ભરી હૂઈ
વો અઝહરી ગુલાબ મહકતા દિખાઈ દે

શેરે રઝા મુનાઝેરા કરને કો આ ગયા
મુલ્લા વહાબીયોં કા લરઝતા દિખાઈ દે

**"આકિબ"** હમ ઉસ રઝા કે ગદા હૈં યે જાન લો
જો સૈયદોં કે નામ પે મરતા દિખાઈ દે

*-"આકિબ" બરકાતી, પેટલાદ*

## ★ લવાજમ ★

| | | |
|---|---|---|
| ★ છુટક નકલ | રૂા. | ૧૦-૦૦ |
| ★ વાર્ષિક લવાજમ | રૂા. | ૧૦૦-૦૦ |
| ★ વિદેશ માટે | £ | 15-00 |
| ★ પેટ્રન ફી | રૂા. | ૧૦૦૦-૦૦ |
| ★ આજીવન | રૂા. | ૨૫૦૦-૦૦ |
| ★ વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| ★ વિદેશ માટે આજીવન | £ | 250-00 |

**નૂરાની આર્ટ, દયાદરા. ફોન : ૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧**

**નોંધ :** ગ્રાહક નંબર.................. આપનું લવાજમ તા. ............................થી પૂરું થાય છે, નવા વર્ષ માટે લવાજમ મોકલી આપી આભારી કરશો.

# બરકાતે ખ્વાજા *(માસિક)* માર્ચ-૨૦૦૭

અંક : ૦૩ **અનુક્રમણિકા** સળંગ અંક : ૦૩


| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૧. | તંત્રી લેખ (એહલે સુન્નતની કામ્યાબી..) | પટેલ શબ્બીર અલી રઝવી | ૦૩ |
| ૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | લેખક : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યલય) | ૦૯ |
| ૩. | (દર્સે હદીષ) મિર્કાત શર્હે મિશ્કાત | મુફ્તી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ (કાર્યાલય) | ૧૧ |
| ૪. | શિફા શરીફ | લેખક : હઝરત કાઝી અયાઝ رحمۃ اللہ علیہ (કાર્યાલય) | ૧૪ |
| ૫. | ઈસ્લામ અને આધુનિક શોધો | લેખક : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની (ગુજરાતી અનુવાદક) પટેલ શબ્બીર અલી રઝવી | ૧૮ |
| ૬. | ચિશ્તી બુઝુર્ગો સાથે આ'લા હઝરતની અકીદત | પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી | ૨૧ |
| ૭. | કુફ્નો મસ્અલો અને ઈમામ અહમદ રઝા | લેખક : હઝરત મુફ્તી શરફુલ હક્ક رحمۃ اللہ علیہ અનુવાદક : હાફેઝ મૂસા ઝંઘારવી | ૨૪ |
| ૮. | બુરી નજરથી બચો | લેખક : મુફ્તી મુહમ્મદ અમીન ફૈસલાબાદી અનુવાદક : મૌલાના મોહસિન મક્કી (સેગવા) | ૨૮ |
| ૯. | બઝમે ઔલિયા : હઝરત ફુઝૈલ ઈબ્ને અયાઝ رحمۃ اللہ علیہ | કાર્યાલય | ૩૨ |
| ૧૦. | ઈલ્મે દીનનું મહત્વ | જનાબ મુહમ્મદ ઈમરાન રઝા–દયાદરવી | ૪૦ |
| ૧૧. | ફતવા વિભાગ | જનાબ મુફ્તી હારૂન રશીદ કાદરી અમજદી કંબોલ્વી | ૪૩ |
| ૧૨. | મુસીબતમાં મૌતની તમન્ના કરવું કેવું ?! | જનાબ મૌલાના અલ્તાફ હુસૈન મિસ્બાહી–વાગરા | ૪૩ |
| ૧૩. | બરકાતે ખ્વાજાની ટપાલ | કાર્યાલય | ૪૫ |


### ★ શૈખે તરીકત હઝરત પીર સૈયદ કમરૂદ્દીનબાવાનો સંદેશ ★

મુહિબ્બે ગિરામી જનાબ શબ્બીરભાઈ પટેલ, સલામ મસ્નૂન, આપના તરફથી **"બરકાતે ખ્વાજા"** માસિક શરૂ થયું જેના બે અંકો અમને મળ્યા આપની મેહનત કાબિલે દાદ છે, લેખોની ગોઠવણી તથા લેખો પણ વજનદાર જોવા મળ્યા, મુબારકબાદ !

વાંચકોને મારો સંદેશ છે કે સુન્નિયતની સેવા કાજે સચોટ સાહિત્ય, વાસ્તવિક જ્ઞાન જે **"અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા"** થકી શબ્બીર પટેલ પ્રસિદ્ધ કરતા હતા અને કરતા રહેશે, સાથોસાથ હવે દર મહિને હક્કની સુવાસ ફેલાવતી કલમની મજા માણવા, ઈમાનને તાજગી બખ્શવા આ અંકના જરૂરથી ગ્રાહક બનો તથા બનાવો ! ***–(હઝરત) સૈયદ કમરૂદ્દીન એ. કારંટવી દરિયાઈ અશરફી***

# અહલે સુન્નતની કામયાબી ચાહનારાઓ માટે દીવાદાંડી



**સંપાદક : તંત્રી બરકાતે ખ્વાજા પટેલ શબ્બીર અલી રઝવી**

દીને ઈસ્લામ તથા સુન્નિયતની ભલાઈની વાતો કરનારા ઘણા જોવા મળે છે. કેવળ જોશ જઝબાતને ઉભારનાર તથા મૌખિક રીતે વાતોનાં વડાં કરનારાઓની કમી નથી, પણ યોગ્ય આયોજનપૂર્વક આ દિશામાં ઈસ્લામ સામે તથા સુન્નિયત સામે ઉઠતી કુફ્રો શિર્ક તથા ગુમરાહીની આંધીઓનો સામનો કરી અડગતાથી ટકી રહેવા માટેની અમલી કાર્ય પદ્ધતિ દર્શાવનાર તથા તેમાં અમલી હિસ્સો લેનારા જ ખરા દીન તથા સુન્નિયતના હમદર્દ ગણાશે. આ ક્ષેત્રે આપણા મહાન ઉલમા ખાસ કરીને ઈમામે અહલે સુન્નત મુજદ્દિદે દીનો મિલ્લત **ઈમામ અહમદ રઝા** મુહદ્દિષે બરેલ્વી رضي الله عنه એ કેવી લાગણી પ્રદર્શિત કરી છે અને શા માર્ગો દશાવ્યા તેને રજુ કરતો લેખ "કન્ઝુલ ઈમાન" ઉર્દૂ, માસિક–દિલ્હી (ડિસે.–૦૩)ના એડિટર હઝરત મૌલાના યાસીન અખ્તર મિસ્બાહી લિખિત અહીં સંક્ષિપ્તમાં સાધારણ ફેરફાર સાથે રજુ કરીએ છીએ. મૌલા કરીમ આપણને એના પર અમલની તૌફીક આપે. *–આમીન. (તંત્રી : બરકાતે ખ્વાજા)*

*ઉઠ કે અબ બઝ્મે જહાંકા ઔર હી અંદાઝ હૈ*
*મશ્રિકો મગ્રિબમેં તેરે દૌરકા આગાઝ હૈ*

ઈસ્લામ દીને ફિતરત (પ્રાકૃતિક ધર્મ) તથા વિ□ માનવ ધર્મ છે, તેની અજોડ તા'લીમ તથા તેના નિયમોની સમૃદ્ધતા તથા નિપૂણતા માટે કુર્આને હકીમ બોલતુ સાક્ષી છે. આદમથી લઈને આજ સુધી ઈસ્લામ ધર્મ ખાલિકે કાયનાતનો પસંદીદા ધર્મ છે અને કિયામત સુધી આ જ ધર્મ માનવ જાતના માર્ગદર્શન તથા હિદાયતના માટે પૂરતો છે. તેની તબ્લીગ સર્વ અંબિયા તથા રસૂલો عليهم السلام એ કરી અને ખાતમુન્નબિય્યીન પયગંબરે ઈસ્લામ હઝરત મુહમ્મદ મુસ્તફા صلى الله تعالى عليه وسلم એ ગારે હિરાથી નીકળીને ફારાનની ટોચ પરથી એના તરફ જ લોકોને દા'વત આપી કે તેઓ અરબ તથા અજમ અને પૂર્વ તથા પશ્ચિમ સૌના રસૂલ હતા અને તેમની નબુવ્વત તથા રિસાલત સૌના માટે આમ હતી. આ દીનની પસંદગીનું કુર્આને હકીમ આ રીતે એલાન કરે છે : **(અર્થ)** : "બેશક ! દીન અલ્લાહની નજીક ઈસ્લામ જ છે." *(સૂરએ આલે ઈમરાન)*

અને રસૂલ કાઈનાત صلى الله تعالى عليه وسلم ને બારગાહે ઈલાહીથી એ જ એલાનનો હુકમ થયો કે : **(અર્થ)** : *(સૂરએ અઅ્રાફ)* "તમે કહો કે હે લોકો ! બેશક ! હું તમારા સૌની તરફ અલ્લાહનો રસૂલ છે."

રસૂલે કૌનેન صلى الله تعالى عليه وسلم ની ઉમ્મત ખયરે ઉમમ છે, સર્વ ઉમ્મતની શાહિદ (સાક્ષી) છે અને હક્ક તથા હિદાયતની દા'વત આપનાર ઉમ્મત છે. જેમ કે કુર્આને હકીમ ઈર્શાદ ફર્માવે છે :**(અર્થ)** :"તમે તે સૌ ઉમ્મતોમાં બેહતર છો જે લોકોમાં જાહેર થઈ, ભલાઈનો હુકમ આપો છો અને બુરાઈથી રોકો છો." *(સૂરએ આલે ઈમરાન)*

**(અર્થ)** : "અને એ જ પ્રમાણે અમે તમને દરમ્યાની ઉમ્મત બનાવી કે લોકો પર તમે ગવાહ બનો અને રસૂલ તમારા માટે ગવાહ બને." (સૂરએ બકરહ)

**(અર્થ)** : "બોલાવો ! તમારા રબની રાહની તરફ હિકમત અને સારી નસીહતની સાથે અને તેમની સાથે એ પદ્ધતિથી બહષ કરો જે સૌથી શ્રેષ્ઠ હોય." *(સૂરએ નહ્લ)*

પયગંબરે ઈસ્લામ ﷺ ને રબ્બે કાઈનાતે જે દીનની તબ્લીગનો હુકમ આપ્યો તે જ સંપૂર્ણ સમૃદ્ધ, કામિલ તથા મુકમ્મલ દીન છે અને વિ□ના સર્વ ધર્મો પર છવાઈ જનારો છે કે ઈજ્જત તથા પ્રભાવ દીને હક્કની જ શાનને લાયક છે.

**(અર્થ)** : "તે જ અલ્લાહ જેણે પોતાના રસૂલને હિદાયત અને હક્ક ધર્મની સાથે મોકલ્યા જેથી કરીને સર્વ ધર્મો પર તેને ચઢીયતો કરે, ભલે મુશ્રિકને તે ભારે તથા નાપસંદ હોય." *(સૂરતુસ્ સફ)*

અલ્હમ્દુલિલ્લાહ ! આપણે એ જ દીને હક્કના ઝંડાધારી છીએ જે બાતિલ દીનો પર ગાલિબ (ચઢીયાતો) છે. એ જ કિતાબ તથા સુન્નતના આપણે અનુસરણ કરનારા છીએ જેના બારામાં હાદીએ બર હક્ક ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો છે કે તેને જે મજબૂતીથી પકડી લેશે તે કદી ગુમરાહ થશે નહીં. સુન્નતે રસૂલ તથા સુન્નતે સહાબાએ કિરામ આપણો જીવન ધોરી માર્ગ છે. જે અંબિયા તથા સિદ્દીકો તથા શહીદો તથા સાલેહ લોકો પર અલ્લાહનું ઈનામ છે તેમના જ હિદાયતના માર્ગે આપણે ચાલી રહ્યા છીએ. સલફથી ખલફ સુધીનો આપણો દીની રિશ્તો સતત જોડાયેલો અને એકબીજાથી સંકળાયેલો છે, જે આપણી દુનિયવી તથા ઉખરવી (આખેરતની) ભલાઈ તથા કામયાબી બેહતરીનની ઝમાનત છે.

સવાદે આ'ઝમ અહલે સુન્નત વ જમાઅત જ ઈસ્લામના ખરેખર વારસ તથા તેના હામિલ તથા અમીન છે એટલા માટે તેમની પ્રથમ કક્ષાની જિમ્મેદારી અને તેમનો મઝહબી તથા મિલ્લી ફરીઝો છે કે તેઓ ઈસ્લામ પર કાયમ તથા દાયમ રહીને માનવ જાતની સહીહ કિયાદત તથા રહનુમાઈના પોતે પોતાને લાયક પુરવાર કરે. ઈસ્લામની સાચી તા'લીમાત દુનિયા સમક્ષ રજુ કરે, તેના વિ□વ્યાપી પૈગામને જગતભરના કિનારાઓમાં ફેલાવી દે, દુનિયાની કૌમોને તેના પ્રતિ ધ્યાનિત કરે, રૂહાની કુવ્વત અને ઈલ્મી દલીલોની સાથે તેની તા'બીર તથા સ્પષ્ટતા કરે, અને પુખ્ત હિકમતપૂર્ણ રીતે ઈસ્લામના વિરોધીઓના વાંધાઓ તથા આક્ષેપોને રદિયો આપીને પોતાની અમાનત તથા વરાસતની સાચા અર્થમાં રક્ષા કરે.

આજે ઈસ્લામ પર ચોતરફથી હુમ્લા થઈ રહ્યા છે, કુર્આનની વિરૂદ્ધ આક્ષેપોનો વરસાદ છે, ઈસ્લામી જગત જાત જાતના ખતરાઓનો સામનો કરી રહ્યું છે અને એવું લાગે છે કે આપણુ સંપૂર્ણ અસ્તિત્વ અમેરિકા તથા યૂરોપની ભૌતિક તથા વૈજ્ઞાનિક શક્તિઓના સમક્ષ મજબૂર, બેબસ તથા લચાર છે. શું આ સ્થિતિ આપણને ગફલતની નિંદ્રામાંથી જાગૃત કરવાના માટે પૂરતી નથી ?

ખૂદ આપણા હિંદુસ્તાનની સ્થિતિ પણ આજે વિપરિત છે. મુસ્લિમ વિરોધી તત્વો ઘણી તીવ્રતાપૂર્વક હિંદના મુસ્લિમોની વિરૂદ્ધ પોતાનો ઘેરાવ સાંકડો કરી રહ્યાં છે. ઈસ્લામ, કુર્આન, જેહાદ, મસ્જિદ, મદ્રસા, તા'લીમ, નોકરી, ધંધા, વેપાર કઈ કઈ ચીજની વિરૂદ્ધ રાત દિવસ તેમના હુમ્લા નથી થઈ રહ્યા ? અને બેઈજ્જતી તથા ઝલીલ કરવાનું તે કયુ હથિયાર છે જે આપણા વિરૂદ્ધ નથી ઉગામી રહ્યા ? શું આપણો દીન તથા ઈમાન, આપણી ઈજ્જત આબરૂ અને આપણી જાન તથા માલ તેમના સતત હુમ્લાઓના હેઠળ નથી ? અને આપણી મહાનતાઓની દરેક નિશાનીઓ અસ્તિત્વને મિટાવવાના માટે સિતમકારો તથા દગાબાજોના સશસ્ત્ર દળો ડગલેને પગલે સાવધાન તથા સફબંધી થઈ તૈયાર નથી ?

જો એવું છે ! અને યકીનન છે ! તો પછી સંજોગોના સામે ટકરાવું અને હિંમત તથા અડગતાભેર અમલના મેદાનમાં આવવું સવાદે આ'ઝમ અહલે સુન્નતની જ જિમ્મેદારી છે. તેને જ શોભે છે કે તે દીની ઈલ્મી શક્તિ તથા દરેક તે તૈયારીની સાથે મેદાનને સંભાળે જેનાથી ઈસ્લામ તથા મુસલમાનોની ઈજ્જતની રક્ષા થઈ શકે અને ઝિલ્લત તથા મુફલિસી અને અધોગતિ તથા પડતીની તે જ આંધીની દિશાને ફેરવી દેવામાં આવે.

ઈસ્લામી જગત તથા હિંદના મુસ્લિમોના લાભોની રક્ષા એ સવાદે આ'ઝમ અહલે સુન્નતની ફરજોનું એક મહત્વનું અંગ છે. દીન તથા મઝહબ

અથવા સંસ્કૃતિ તથા સભ્યતા અથવા ભાષા અથવા મુસલમાનો સંબંધે કોઈ ચીજ પ્રગતિ ચીંધાતી આંગળી તથા ટીકા ટીપ્પણોનો સામનો કરવો સવાદે આ'ઝમની અનિવાર્ય ફરજ બને છે. અને એનાથી ગફલત તથા ઉણપ વર્તવી તેની મિલ્લી (કૌમી) ગૈરતનું ખૂન છે. જો રગોનું લોહી જામ નથી થઈ ગયું તો પછી દર્દ તથા બેકરારીનો એહસાસ તેને એક પળના માટે પણ ચૈનથી રહેવા દેશે નહીં. આ જ ઈમ્તેહાન છે એની હયાતનું અને તેની ઈમાની ઉષ્માનું અને આ જ માપદંડ છે એનું કે સવાદ આ'ઝમ કહેવડાવવાના માટેનો તેને ખરેખર હક્ક છે કે નહીં!

ઈસ્લામના એહસાનને ઓળખવું, ઈસ્લામની રક્ષા તથા ઈસ્લામની હિફાઝતનો નિશ્ચય તથા હોસલો તથા જઝબો અને તડપ જ સવાદે આ'ઝમ (અહલે સુન્નત)ની ખાસ ખૂબી રહી છે, એનાથી એનું વજૂદ છે, એ જ એની ઓળખ છે અને આ જ તેનો વકાર છે. ઈસ્લામના અસંખ્ય એહસાનો તેમ જ તેના પર તૂટી પડેલી મુસીબતોની ઘટાઓનો ઘણા જ વલાવલાપૂર્ણ અંદાઝમાં ખલીફએ આ'લા હઝરત સદરુલ અફાઝિલ નઈમુદ્દીન મુરાદાબાદી علیہ الرحمۃ والرضوان એ (વિસાલ–હિ.સ. ૧૩૬૭, ઈ.સ ૧૯૪૮) જે તે સમયને અનુલક્ષીને ઉલ્લેખ કરીને સવાદે આ'ઝમ અહલે સુન્નતને ખબરદાર કરી હતી. તે જ પ્રમાણે હુજ્જતુલ ઈસ્લામ મૌલાના મુહમ્મદ હામિદ રઝા કાદરી બરકાતી قدس سرہ એ (વિસાલ : ઈ.સ. ૧૯૪૩)એ સુન્ની કોન્ફરન્સ મુરાદાબાદ ખાતે ઈ.સ. ૧૯૨૫ માં જે ઐતિહાસિક ખુત્બો પ્રમુખ સ્થાનેથી આપ્યો હતો તેમાં ઘણી જ અર્થપૂર્ણતા તથા દીર્ઘદષ્ટિની સાથે હિંદના મુસ્લિમોને અમલની દા'વત આપી હતી જેના પ્રમાણે જો આગેકૂચ કરવામાં આવી હોત તો ઈસ્લામની ઉચ્ચતા તથા મહાનતા અને મુસલમાનોની સરબુલંદી તથા અમ્ન શાંતિને આજે આ રીતે ચો તરફથી ચલેંજોનો સામનો ન કરવો પડત. ઈ.સ. ૧૯૪૬ સુન્ની કોન્ફરન્સ–બનારસમાં મોહદ્દિષે આ'ઝમે હિંદ હઝરત મૌલાના સૈયદ મુહમ્મદ અશરફી જીલાની કછોછવી قدس سرہ (વિસાલ : ઈ.સ. ૧૯૬૦)ની વલવલાઅંગેઝ તકરીરે પણ કાંઈ એવો જ પૈગામ આપ્યો હતો. પરંતુ અફસોસ! કે સવાદે આ'ઝમ (અહલે સુન્નત)નો મોટો ભાગ કોન્ફરન્સો પર કોન્ફરન્સો અને જલસા પર જલસાઓ તો કરતો રહ્યો પણ આયોજનો અને તેના પર અમલની પ્રતિ ગફલત તથા સુસ્તીનો લકવો આજ સુધી છવાયેલો છે.

આ જ ગફલતના હીમને તોડવા હઝરત અલ્લામા અર્શદુલ કાદરી علیہ الرحمۃ والرضوان એ પણ તનતોડ કોશિશો કલમ તથા ઝબાન તથા પોતાની હિકમતપૂર્ણ પ્રવૃત્તિઓ વડે કરી છે.

અને ખાસ તો મુજદ્દિદે આ'ઝમ, ઈમામે અહલે સુન્નત, આ'લા હઝરત **ઈમામ અહમદ રઝા** رضی اللہ عنہ એ કેવી મહાન ખિદમતો ખૂદ તને તનહા અંજામ આપી અને મુસ્લિમ ઉમ્મતની સુધારણા તથા ભલાઈ તથા રુશ્દો હિદાયત (માર્ગદર્શન)ના માટે તેમણે શું શું નથી કર્યું ? અને જે કર્યું તે શા માટે કર્યું અને જે નથી કરી શક્યા તેના માટે એમની પાસે શા ઉઝ્ર હતા ? તેઓ અહલે સુન્નતના ભાવિના માટે શું કરવા ચાહતા હતા અને એ માટે કાર્યપદ્ધતિ તેમની પાસે શી હતી ? કયા કયા કાર્યક્ષેત્રો પર તેમની નજર હતી અને તેઓ અહલે ઈલ્મ તથા સંપત્તિધારીઓ માટે શું શું વિચારતા હતા ? અહલે સુન્નતની પ્રગતિના માટે તેમના દિમાગમાં શું આયોજનો હતાં ? એ સૌને જાણવાના માટે નીચેના લખાણો વાંચો, **વાંચીને વિચારો અને વિચારીને તેના પર અમલ કરો** કે આ સૌ લખવા લખાવવાનો અને આપની સમક્ષ રજુ કરવાનો મકસદ એ જ છે. ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ જણાવે છે :–

''આ ફકીર હકીર (આ'લા હઝરત)ની જિમ્મેદારીમાં પુષ્કળ કામો છે અને એમાંય શક્તિની ઉણપ અને એના ઉપર એકલાપણુ, એ એવી બાતો છે કે ફકીરને બીજાં કામો પ્રતિ ધ્યાનિત થવાથી મજબૂરન્ દૂર રાખે છે. ખૂદ પોતાના મદ્રસામાં કદમ રાખવાની ફુરસદ નથી મળતી.

આ ખિદમત કે ફકીર સરાપા તકસીરથી મારા મૌલાએ અકરમ صلی اللہ تعالی علیہ وسلم કેવળ પોતાના કરમથી લઈ

રહેલા છે, એ અહલે સુન્નત તથા મઝહબે અહલે સુન્નતની જ ખિદમત છે.

જે ભાઈ ચાહે જેટલા દિવસ ચાહે ફકીર (આ'લા હઝરત)ના ત્યાં રોકાણ કરે, મહીનો, બે મહીના, વરસ બે વરસ, અને ફકીરની મિનિટ ખાલી જુએ અથવા જે સમયે ફકીરને (આ'લા હઝરતને) કોઈ અંગત કરતાં જુએ તો તે જ વખતે પકડ કરે કે તું આટલી વારમાં બીજુ કામ કરી શકતો હતો.

હવે જ્યારે કે બિહમ્દિહી તઆલા પૂરો સમય જ આપના મઝહબની ખિદમતગારીમાં ગુઝારે છે તો હવે એ કામ જો ફુઝૂલ અથવા બીજુ એનાથી મહત્વનું હોય તો મને હિદાયત કરવામાં આવે, નહીં તો ફકીરનો ઉઝ્ર સ્વીકારને પાત્ર છે.

મોલ્વી સૈયદ દીદાર અલી સાહબ (અલ્વરી) મોલ્વી અબુલ ફરહ અબ્દુલ હમીદ સાહબે ફકીરને (આ'લા હઝરતને) એક અંજુમન સ્થાપીને તેની ખિદમતો અંજામ આપવાના માટે કહ્યું. ફકીરે ગુઝારિશ કરી કે જે કામ અલ્લાહ عزوجل અહીંથી લઈ રહ્યો છે તે જરૂરી છે કે નહીં ? ફર્માવ્યું, સખ્ત જરૂરી છે ! ફકીરે અર્ઝ કરી, અન્ય કોઈ વ્યક્તિને અહીં એના માટે નિયુક્ત કરી આપો અને મારી પાસેથી કોઈ અન્ય ખિદમત અહલે સુન્નતની લો ! ફર્માવ્યું, ન બીજો કોઈ એને કરી શકે છે ન દસ માણસો મળીને અંજામ આપી શકે છે. ફકીરે ગુઝારિશ કરી કે તો પછી ઉઝ્ર સ્પષ્ટ છે.

મતલબ કે અંજુમને અહલે સુન્નત જે મહત્વના મકસદો ચાહે છે તેમાંથી એક મારી શક્તિ અનુસાર પ્રેક્ટિકલી મૌજૂદ છે તો તેને જ અંજુમનની ખિદમત સમજશો. **હું જ્યાં પણ છું અને જે હાલમાં છું મઝહબે અહલે સુન્નતનો અદના ખિદમતગાર અને મારા સુન્ની ભાઈઓનો શુભેચ્છક અને દુઆગો છું.** *(પેજ–૪૧, ફતાવા રઝવિય્યહ, ભાગ–૧૨)*

"ખાલિસ અહલે સુન્નત (મજબૂત સુન્નીઓ)ની એક સંગઠિત શક્તિની ચોક્કસ જરૂરત છે પણ તેના માટે ત્રણ ચીજોની સખત જરૂરત છે : **(૧)** આલિમોનો ઈત્તેફાક **(૨)** શક્તિ અનુસાર સહન શક્તિ **(૩)** અલ્લાહની રાહમાં માલદારોનું ખર્ચ કરવું, અહીં એ સર્વની ઉણપ છે.

આપણા માલદારો નામના ચાહે છે, ગુનાહનાં કામોમાં બલ્કે ઉઘાડી ગુમરાહીમાં હજારો ઉડાડી આપશે, તીજારીઓનાં મોં ખોલી આપશે, યુનિવર્સિટીના માટે કેટલા જલ્દી ત્રીસ લાખ ભેગા થઈ ગયા ! દેવબંદ મદ્રસાને એક સ્ત્રીએ પચાસ હજાર આપી દીધા પણ કોઈ સુન્ની મદ્રસાને પણ આ દૈન નસીબ થઈ ?! (આ તે સમયની વાત છે.)

પ્રથમ તો દીન તથા મઝહબના સમર્થનનું નામ લેતાં (માલદારો) ગભરાય ! (અને બકી નાખે કે) મિયાં ! આ તો મોલ્વીઓના ઝઘડા છે ! અને વળી જો શરમા શરમી થોડોક સરખો મામૂલી ચંદો પણ નક્કી કર્યો તો જ્યારે માથા પર સવાર થઈએ ત્યારે જ આપશે. બલ્કે તકાઝો કરીએ તો ગુસ્સો થાય અને ઢીલ દઈએ તો સૂઈ રહે !

બીજું કે આપણા કાર્યકરોને તે ચાલબાજી માલૂમ નથી જેનાથી વહાબીઓ ખુદાના બંદાઓને છળકપટથી ન કેવળ પોતાના સમાન મઝહબવાળાઓને બલ્કે પોતાના સાથીદારોની પાસેથી રૂપિયા પડાવી લે છે. એના માટે રિયા તથા નિફાક તથા પ્રપંચ તથા બેહયાઈ તથા બેશરમી લા'ઝિમ છે. તે ન આપણામાં છે ન આપણી શરીઅત તે માટે ઈજાઝત આપે છે, તો હવે કહો કે કામ કઈ રીતે થશે ?

હમણાં એક નંબરનો વહાબી એક બાઅસર સૂફીને ત્યાં ચંદો લેવા ગયો. તેમણે કહ્યું કે, સાંભળ્યું છે કે તમે અહમદ રઝાના વિરોધી છો ? તો તેણે કહ્યું કે, "કસમથી ! હું તો એમના દરનો કૂતરો છું !" કૂતરો બનીને પાંચસો લઈ આવ્યો.

આલિમોની એ હાલત છે કે રઈસો કરતાં અધિક આરામ તલબ છે અને મઝહબની હિમાયતના નામથી ગભરાય છે. જે ખુદાનો બંદો પોતાની જાન તેના પર વકફ કરે તેને મૂર્ખ બલ્કે મુફસિદ સમજે છે ! સુસ્તી તેમના દિલોમાં ઘર કરી ચૂકી છે. નદવાના

દિવસોમાં હિંદુસ્તાનભરનો અનુભવ થયો. નદવાનાં લખાણો સાંભળીને ઝલાલત ! ઝલાલત ! (ગુમરાહી ! ગુમરાહી !)ની રટ લગાડે અને જ્યારે કહો કે, હઝરત ! લખી આપો ! તો કહે, ભાઈ ! લખાવો નહીં ! અમારા ફલાણા મિત્ર બુરુ માની જશે ! અમારા ફલાણા ઉસ્તાદને ખોટુ લાગશે ! ઘણાનો એ ખયાલ કે એ વબાલ પોતાના માથે કોણ લે ?! બદ્‌મઝહબ દુશ્મન થઈ જશે, દાંતો પર રાખી લેશે, ગાળો, ધમકીઓ અખ્બારોમાં છાપશે, જાત જાતના આક્ષેપો ઉછાળશે, સારી ભલી જાનને ખતરામાં કોણ નાખે ? અમુકને એવું કે મઝહબની હિમાયત કરી તો સુલેહ કુલ્લી ન રહેશે ! હર દિલ અઝીઝી જતી રહેશે ! અને પુલાવ ખુર્મા તથા નજરાણામાં ફરક પડી જશે અથવા કમસે કમ આગતા સ્વાગતા તો આમ ન રહેશે.

ઉલમાના ઈત્તેફાક (એકતા)ની હાલત છે કે હસદનું બજાર ગરમ છે, એકનું નામ કોઈ રીતે મશહૂર થયું તો ઘણા તેના વિરોધી થઈ ગયા ! તેની તૌહીન તથા ટીકામાં ગુમરાહોના હમઝબાન બન્યા કે, "હેં" લોકો એને પૂછે છે ! અને અમને નહીં !

**હવે બતાવો ! કે જે કૌમ પોતાનામાં કોઈને ચઢિયાતો ન જોઈ શકે, તે પોતાના અપૂર્ણ લોકોને કામિલ અને આજિઝોને ફઝ્લ (કમાલ)વાળા બનાવવાની શું કોશિશ કરશે ?** ખરેખર આ બાબત સૌમાં નથી, પણ મોટા ભાગના માટેનો હુકમ કુલ માટે ગણાય છે. *(પેજ-૧૩૨, ફતાવા રઝવિય્યહ્, ભાગ-૧૨)*

"ગુમરાહોનો સામનો કરવામાં આ ફકીર (આ'લા હઝરત)થી જે બની શક્યું બિહમ્દિહી તઆલા ચૌદ વરસની વયથી એમાં મશ્ગૂલ છે અને મારા રબ્બે કરીમે કરમ કરીને મારી વિસાત, મારા હોસલામાં મારાં કામો કરતાં હજાર ગણો અધિક ફાયદો બખ્શ્યો. બાકી તમે જે ચાહો છો તે એ જ એકતાની શક્તિ પર આધારિત છે જેની સ્થિતિ ઉપર વર્ણવી.

મહાન કમી માલદારોની નિષ્કાળજી અને રૂપિયાની નાદારી છે. હદીષનો ઈર્શાદ સાચો ઠર્યો કે, **"તે જમાનો આવનારો છે કે દીનનું કામ પણ રૂપિયા વિના ચાલશે નહીં."**

કોઈ બાકાયદા આલીશાન મદ્રસા તો તમારા હાથોમાં નથી, કોઈ અખ્બાર, પેપર આપને ત્યાં નથી, મુદર્રિસો, વાઈઝો, મુનાઝિરો, લેખકોની અધિકતા જરૂરત પ્રમાણે આપણી પાસે નથી, અને **જેઓ કાંઈ કરી શકે છે તેઓ રોજી રોટીની જિમ્મેદારીવાળા છે** અને **જેઓ ઘરની જવાબદારીથી મુક્ત છે તેઓ એ લાયક નથી.**

અમુકે જિગરનું લોહી બાળીને કિતાબ લખી તો છપાય કઈ રીતે ? કોઈ રીતે કાંઈક છપાયું તો ફેલાવો કઈ રીતે થાય ? કેમ કે દીવાન (શાયરીની બુક) નથી, નોવેલ નથી કે આપણા ભાઈઓ બે આનાની ચીજનો રૂપિયો આપીને શોખથી ખરીદે ! અહીં તો સૌ મોઢું વકાસે છે ! પુષ્કળ રૂપિયા હોય તો શક્ય છે કે આ સૌ ફરિયાદો દૂર થાય.

**★ મસ્લક તથા મઝહબની પ્રગતિ માટે આ'લા હઝરત رحمۃ اللہ علیہ એ દર્શાવેલ મુદ્દાઓ ★**

૧. અઝીમુશ્શાન મદ્રસાઓ ખોલવામાં આવે જેમાં બાકાયદા તા'લીમ આપવામાં આવે.
૨. તલબા (વિદ્યાર્થીઓ)ને સ્કોલરશીપ આપવામાં આવે જેથી મને કમને પણ ઈલ્મના પ્રતિ ખેંચાઈ.
૩. મુદર્રિસોને ઊંચા (સંતોષજનક) પગારો તેમની કારવાઈઓ પ્રમાણે આપવામાં આવે.
૪. ઉત્સાહી તલબાની તપાસ રાખવામાં આવે અને જે જે કામમાં વધુ મુનાસિબ જોવા મળે તેને યોગ્ય સ્કોલરશીપ આપીને તેમાં લગાડવામાં આવે.
૫. તેઓમાંથી જેઓ તૈયાર થતા જાય તેમને પગારો આપીને દેશમાં ફેલાવી દેવામાં આવે જેથી તેઓ સાહિત્ય થકી, તકરીરો તથા વાએઝો થકી તથા મુનાઝરાઓ વડે દીન તથા મઝહબનો પ્રચાર કરે.
૬. મઝહબની તરફદારીમાં તથા બદ્‌મઝહબોની રદમાં ઉમદા કિતાબો તથા રિસાલાઓ યોગ્ય નઝરાણાઓ લેખકોને આપીને લખાવવામાં આવે.

૭. છપાઈ ચૂકેલા તથા ન છપાએલા રિસાલાઓને સુંદર રીતે છાપીને દેશમાં મફત વહેંચવામાં આવે.

૮. વિવધ શહેરોમાં તમારા સફીરો નિગરાનીમાં રહે અને જ્યાં જે પ્રકારના વાઅઝ તથા મુનાઝરા કે કિતાબની જરૂરત હોય તેની તમને ખબર કરે અને તમે દુશ્મનોની સરકોબીના માટે (રદને માટે) તમારી ફોજો, મેગેઝીનો તથા રિસાલાઓ મોકલો.

૯. જે આપણા લોકોમાં કામ કરવાને પાત્ર હોય પણ પોતાના ધંધામાં મશગૂલ હોય તેને વઝીફાઓ નક્કી કરીને રોજી રોટીના પ્રશ્નથી બેફિકર કરી દો અને જે કામમાં તેને આવડત હોય તે કામમાં લગાડી દો.

**૧૦.** તમારાં મઝહબી અખબારો પ્રકાશિત થાય, અમુક અમુક સમયમાં દરેક વિષયનાં લખાણો મઝહબની હિમાયતમાં આખા દેશમાં કિંમત સાથે કે વિના મૂલ્યે દૈનિક અથવા કમસે કમ અઠવાડિકના હિસાબે પહોંચાડતા રહો.

હદીષનો ઈર્શાદ છે : ''આખર જમાનામાં દીનનું કામ પણ દિરહમ તથા દીનાર (રૂપિયા પૈસા)થી ચાલશે.'' અને કેમ ન સાચુ ઠરે કે સાદિકો મસ્દૂક صلی اللہ تعالیٰ علیہ وسلم નું કલામ છે. *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૧૨, પેજ–૧૩૩)*

**ઈમામે અહલે સુન્નતના રજૂ કરેલા મુદ્દાઓનો સાર :** **(૧)** અઝીમુશ્શાન મદ્રસાઓ **(૨)** તલબા માટે સ્કોલરશીપો **(૩)** મુદર્રિસો માટે મોટા મોટા સંતોષજનક પગારો **(૪)** તલબાના માટે યોગ્ય સ્કોલરશીપ સાથે તર્બિયતી કોર્સ **(૫)** પગારદાર લેખકો તથા મુકર્રિરો તથા મુનાઝિરો **(૬)** ફાયદાકારક કિતાબો તથા મેગેઝિનો (અંકો)ના લેખન તથા સંપાદનના માટે નઝરાણા **(૭)** ઉમદા તથા સ્ટાન્ડર્ડ કક્ષાની કિતાબો તથા પુસ્તિકાઓની મફત વહેંચણી **(૮)** શહેર શહેરની સર્વે (Survey) રિપોર્ટ અને જરૂરત અનુસાર આયોજનપૂર્વકની કોશિશ **(૯)** પોતાના રોજી રોટીના ધંધામાં મશ્ગૂલ જે તે ક્ષેત્રના નિષ્ણાતોને રોજી રોટીની જિમ્મેદારીથી મુક્ત કરીને દીની તથા ઈલ્મી કામ પર લગાડવાના માટે વઝીફા **(૧૦)** પ્રચાર માધ્યમો, દૈનિક પત્ર, અઠવાડિક વગેરે.

સારાંશ કે **(૧)** જરૂરત તથા લાયકાત પ્રમાણે કાર્યની વહેંચણી **(૨)** મુખ્લિસ તથા લાયકાતવાળા આલિમોની રાજી રોટીની જિમ્મેદારીથી મુક્તિ **(૩)** દરેક જમાઅતને લગતા તથા કૌમને લગતી જિમ્મેદારીના માટે યોગ્ય સરમાયા (આર્થિક પુંજી)ની વ્યવસ્થા કરવી.

સો વરસો પહેલાં ઈમામે અહલે સુન્નતે મસ્લક તથા મઝહબની પ્રગતિના માટે આ હિદાયતનાં નિશાનો ઈતિહાસના પૃષ્ઠો પર અંક્તિ કર્યા હતાં. હવે નવીન સંજોગો અને જરૂરતોના પ્રમાણે આ અમલ કરવા માટેની રેખાઓની સ્પષ્ટતા તથા ખુલાસો અતિ લા'ઝિમ તથા જરૂરી છે. નવા જમાનાના તકાઝાઓ આપણી પાસેથી કાંઈક ઔર પણ માંગણીઓ કરી રહ્યા છે. કેવળ હિંદુસ્તાન નહીં બલ્કે ઈસ્લામી જગતના પ્રવાહમાં સવાદે આ'ઝમે (અહલે સુન્નત) પોતાની વ્યવસ્થિત યોજના આયોજીત કરીને તીવ્ર ગતિની સાથે અમલ કરવાની જરૂરત છે. **કેવળ લફ્ફાઝી અને ના'રાબાજીથી કૌમ તથા મિલ્લતની સમસ્યાઓ હલ નથી થતી, એના માટે લાંબા ગાળાની આયોજનપૂર્વકની યોજના, મહેનત તથા મશક્કત, સબ્ર તથા સહનશીલતા અને કિરદાર તથા અમલના લાંબા માર્ગોએથી પસાર થવું પડે છે** અને અતિ વિશાળ બેક ગ્રાઉન્ડ તથા આગળ પાછળના સંજોગોને સામે રાખીને કદમ ઉઠાવવો પડે છે. કૌમ શું ચીજ છે ? અને કૌમોની કિયાદત (લીડર શીપ) તથા ઈમામત કોને કહે છે એના માટે : (શેઅર)

*જિગર ખૂં હો તો ચશ્મે દિલમેં હોતી હૈ નઝર પૈદા*

★ ★ ★ ★ ★ ★

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન

ضیاء القرآن

હપ્તો : ૦૩

કાર્યાલય

અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## ★ સૂરએ બકરહ્‌ની તફસીર ★

સૂરએ બકરહ્‌ મદની છે, ૨૮૬ આયતો અને ૪૦ રુકૂઅ ધરાવે છે.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

અલ્લાહના નામથી શરૂ કરું છું જે ઘણો જ મહેરબાન હમેશાં રહમ કરવાવાળો છે.

الٓمّٓ ۚ ذٰلِكَ الْكِتٰبُ لَا رَيْبَ ۛۚ فِيْهِ ۛۚ هُدًى

અલિફ, લામ, મીમ[૧]. આ શાનવાળી કિતાબ[૨] જરાય શક નથી એમાં[૩] એ હિદાયત છે.

لِّلْمُتَّقِيْنَ ۙ الَّذِيْنَ يُؤْمِنُوْنَ بِالْغَيْبِ وَ

પરહેઝગારના માટે[૪] જેઓ ઈમાન લાવ્યા છે ગયબ પર[૫] અને...

يُقِيْمُوْنَ الصَّلٰوةَ وَمِمَّا رَزَقْنٰهُمْ يُنْفِقُوْنَ ۙ

સહીહ સહીહ અદા કરે છે નમાઝ[૬] અને એનાથી જે અમે તેમને રોજી આપી ખર્ચ કરે છે[૭].

**૧. અલિફ–લામ–મીમ** : મુફસ્સિરીને કિરામે એ અક્ષરો (હર્ફો)ની સ્પષ્ટતા કરતાં વિવિધ કથનો લખ્યાં છે. મારી દષ્ટિએ અહસન કૌલએ છે કે **અલિફ–લામ–મીમ** તથા અન્ય મુકત્તેઆત હર્ફો એ તે રહસ્યો છે જે અલ્લાહ તઆલા અને તેના રસૂલની દરમ્યાન છે. રૂહુલ મઆનીના લેખકનું આ લખાણ જુઓ : (અર્થ) આ અક્ષરોનો સાચો ભાવાર્થ નબી કરીમ ﷺ જાણે છે અને ઔલિયાએ કામિલીનને એ ઈલ્મ બારગાહે રિસાલતથી અતા થાય છે. અમુક સમયે એ હુરૂફ ખૂદ પોતાનાં રહસ્યોને ઔલિયાએ કિરામથી વર્ણવી દે, જાણે એ હુરૂફ તે ઝાતે પાકથી બોલતા થતા હતા જેમના ઈશારાથી અબૂજહલની હથેળીમાં કાંકરીઓએ અલ્લાહ તઆલાની તસ્બીહ બયાન કરી હતી.

**૨.** એનાથી મુરાદ કુર્આને કરીમ છે. **ઝાલિક** જો કે સામાન્યતઃ તે મુશારુન્ ઈલૈહ (જેના પ્રતિનિર્દેશ કરવામાં આવે)ના માટે વપરાય છે જે દૂર હોય, પરંતુ એવાના માટે પણ વપરાય છે જે હિસ્સન્ (જાહેરી રીતે) તો નજીક હોય પરંતુ પોતાની શાન અને રુત્બાના એ'તબારથી ખૂબ જ ઉચ્ચ અને પહોંચથી દૂર હોય. એટલા માટે તર્જુમામાં જાહેરી નઝદીકી અને મર્તબાના એ'તબારે દૂરી બંનેનો લેહાઝ કરીને તર્જુમો કરવામાં આવ્યો છે : "આ શાનવાળી કિતાબ."

**૩.** એવું ન ફર્માવ્યું કે **લાયરાબ ફીહિ** "એમાં શક નથી કરવામાં આવતો" કેમ કે એના પર શંકા કુશંકાની ધૂળ ઉડાડનારાઓની ન ત્યારે કમી હતી ન અત્યારે છે. બલ્કે ફર્માવ્યું **લારયૂબ ફીહિ** એટલે એની સ્પષ્ટ દલીલો, તેની રોશન તા'લીમાત, તેના વર્ણન કરેલા ઐતિહાસિક બનાવો તથા તેની આગાહીઓ હક્ક તથા સદાકતના તે ઉચ્ચ મીનારા છે જ્યાં શંકા કુશંકાની ધૂળ નથી પહોંચી શકતી. જો કોઈ શંકા કરે છે તો તે તેની કુસમજ તથા કુબુદ્ધિ છે. જો કમળાના બીમારને દરેક ચીજ પીળી દેખાય તો આ તેની આંખોનો કુસૂર છે, દરેક ચીજ તો પીળી નથી !

**૪.** જો કુર્આને કરીમ **હુદલ્લિન્નાસ** એટલે સર્વ ઈન્સાનો માટે હિદાયતનો પૈગામ છે પરંતુ તેની હિદાયતથી ફાયદો પરહેઝગાર જ ઉઠાવે છે એટલા માટે અહીં એ લેહાઝથી વિશિષ્ટ કરી દેવામાં આવ્યું

અને આવો ઉપયોગ દરેક બોલીમાં સામાન્ય છે. તકવાનો તો શબ્દકોશમાં એ અર્થ છે : નફ્સને દરેક એવી ચીજથી મેહફૂઝ કરવો જેનાથી નુકસાનનો ભય ન હોય. શરઈ બોલીમાં તકવો કહે છે દરેક ગુનાહથી પોતાની જાતને બચાવવું. તેના વિવિધ દરજ્જાઓ છે. દરેક શખ્સે પોતાના દરજ્જાના પ્રમાણે તેની તા'બીર કરી છે. મારી દષ્ટિએ સૌથી અસરકારક તથા આસાન આ છે : (અર્થ) "તારો રબ તને ત્યાં ન જુએ જ્યાં જવાથી તેણે તને રોકયો છે, અને એ સ્થળેથી તને ગૈર હાજર ન પામે જ્યાં હાજર થવાનો તેણે તને હુકમ આપ્યો છે.

**૫.** અહીંથી **મુફલિહૂન** સુધી તે મુત્તકીઓની નિશાનીઓ વર્ણન કરવામાં આવી છે જેઓ કુર્આનની હિદાયતથી ફયઝયાબ થાય છે. તેમની **પ્રથમ નિશાની** એ છે કે તેઓ ગયબ પર ઈમાન લાવે છે. ઈમાનનો મતલબ છે મજબૂત યકીન, અને ગૈબ દરેક તે ચીજને કહે છે જે જાહેરી હોશ હવાસની પહોંચથી ઉચ્ચ અને બુદ્ધિની સમજથી ઉચ્ચતર હોય. દા.ત. વહી, ફરિશ્તા, કિયામત, જન્નત, દોઝખ અને ખૂદ અલ્લાહની ઝાત. આ સૌ એવી ચીજો છે જે ન આંખો વડે જોઈ શકાય છે અને ન બુદ્ધિ થકી સમજી શકાય છે. તેને જાણવાનો કેવળ એક જ ઝરીયો છે અને તે નબીની ઝાતે પાક છે. તેમની હક્ક વર્ણવતી જીભ વડે જે કાંઈ નીકળે તેના પર ઈન્સાન મજબૂત યકીન રાખે એટલા માટે ગયબ પર ઈમાનને તકવાની પ્રથમ શર્ત ઠરાવવામાં આવેલ છે. એ ચીજોના ઉપરાંત ઈસ્લામી શરીઅતના તે હુકમો જેની હિકમતોને સમજવાથી માનવબુદ્ધિ (શરૂમાં) લાચાર રહે છે અથવા તે ઈર્શાદો જે તેના વ્યક્તિગત લાભ અથવા સામુહિક તથા સીમિત વતની લાભોની વિરૂદ્ધ હોય છે તો એવા હુકમોને સ્વીકારવા પણ ઈમાન બિલ ગયબમાં દાખલ છે. એટલે કે નબીની જણાવેલી દરેક ચીજને સાચી જાણે અને નબીના ઈર્શાદના લાભદાયી તથા ફાયદાકારક હોવા પર એને એટલી હદે યકીન હોય કે એ તમામ રુકાવટો છતાં તેને અસલી સ્વરૂપ આપવા તૈયાર થાય. યકીન તથા ફર્માંબરદારી (આજ્ઞાપાલન)નો આ મકામ જ્યાં સુધી કોઈને મયસ્સર નથી થતો ત્યાં સુધી તે કુર્આનની હિદાયતથી કોઈ લાભ નથી પામી શકતો. બલ્કે બેયકીની અને શંકાકુશંકાની એ કૈફિયત તેના તમામ અમલોને નિરર્થક કરી નાખે છે.

*સુન અય તહઝીબે હાઝિરકે ગિરફતાર*
*ગુલામી સે હૈ બે યકીની*

તો જાણવા મળ્યું કે મુત્તકીની પ્રથમ નિશાની એ છે કે તે હુઝૂર નબી કરીમ ﷺ ની બતાવેલી તમામ ચીજો પર મજબૂત યકીન ધરાવે છે.

**૬.** આ **મુત્તકીઓની બીજી નિશાની** છે. કુર્આનમાં એ હુકમ ક્યાંય પણ નથી કે નમાઝ પઢયા કરો, બલ્કે જ્યારે પણ ફર્માવ્યું તો એ જ કે "નમાઝ કાયમ કરો." નમાઝ કાયમ કરવાનો મતલબ એ છે કે નમાઝને તમામ જાહેરી તથા બાતિની હક્કોની સાથે અદા કરો. નમાઝના જાહેરી હક્કો તો એ છે કે નબી પાક ﷺ ની સુન્નતના પ્રમાણે તમામ અરકાન બજાવી લાવવા છે. અને બાતિની હક્કો એ છે કે તું ખુશૂઅ તથા ખુઝૂઅમાં ડૂબેલો (તલ્લીનપણે ખુદાની યાદમાં મગ્ન) હોય અને એહસાનની કૈફિયત છવાયેલી હોય એટલે કે તું મહસૂસ કરી રહ્યો હોય કે જાણે તું તારા મઅબૂદને જોઈ રહ્યો છે, નહીં તો કમસે કમ એટલું તો જરૂર હોય કે તું સમજે કે તારો રબ તને જોઈ રહ્યો છે. આ ઝૌક તથા શૌખથી અદા કરેલી નમાઝ જ તે નમાઝ છે જેને દીનનો સ્તંભ તથા મો'મિનની મેઅરાજ ફર્માવવામાં આવ્યું છે. શેઅર :–

*મેરા કયામ ભી હિજાબ મેરા સુજૂદ ભી હિજાબ*

**૭.** શબ્દકોશમાં રિઝક કહે છે હિસ્સા તથા બખ્શિશને ચાહે જાહેરી હોય કે બાતિની. માલ, ઔલાદ, ઈલ્મ તથા મઅરેફત આ લેહાઝથી સૌ રિઝ્ક છે. અને અહીં પણ રિઝ્કનો એ જ શાબ્દિક અર્થ મુરાદ છે. આ આયતથી જાણવા મળ્યું કે જે કાંઈ કોઈની પાસે છે, માલ તથા જાયદાદ હોય, ઈલ્મ તથા ઈરફાન તે કોઈનું પોતાનું નથી પણ સૌ અલ્લાહનું આપેલું છે, તેમજ અલ્લાહ તઆલાની ખુશ્નૂદી એમાં છે કે તે એમાં કંજૂસાઈ ન કરે, બલ્કે જેઓ આ નેઅમતોથી મેહરૂમ છે તેમનામાં વહેંચણી કરતો રહે. દૌલતમંદ પોતાની દૌલત વડે, આલિમ પોતાના ઈલ્મ વડે અને આરિફ પોતાના રૂહાની ફયઝો વડે હક્કદારોને માલામાલ કરે. આ આમ ફયઝ **મુત્તકીઓની ત્રીજી નિશાની** છે. *(ક્રમશ:)*

(દર્સે હદીષે પાક)

# મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

(એટલે)

# મિર્કાત શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

(કાર્યાલય) હપ્તો : ૦૩

## હદીષ : ૩

રિવાયત છે : હઝરત ઈબ્ને ઉમરથી[૧], ફર્માવે છે કે ફર્માવ્યું નબી કરીમ صلى الله عليه وسلم એ કે ઈસ્લામ પાંચ ચીજો પર કાયમ કરવામાં આવ્યો[૨]. એની ગવાહી કે અલ્લાહના સિવાય કોઈ મા'બૂદ નથી, મુહમ્મદ صلى الله عليه وسلم તેના બંદા અને રસૂલ છે[૩] અને નમાઝ કાયમ કરવી[૪] ઝકાત આપવી અને હજ્જ કરવી[૫] અને રમઝાનના રોઝા. *(બુખારી તથા મુસ્લિમ)*

## ★ સમજુતી ★

**૧.** આપનું નામ અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર છે. નબુવ્વતના ઝહૂરથી એક વરસ પહેલાં પેદા થયા. હિ.સ. ૭૩ માં ઈબ્ને ઝુબૈરની શહાદતથી ત્રણ મહિના બાદ વફાત પામ્યા. ઝીતૂવીના મકબરાએ મુહાજિરીનમાં દફન થયા. ૮૪ વરસની ઉમર શરીફ પામ્યા. ઘણા જ મુત્તકી અને સુન્નતો પર આમિલ હતા. رضي الله عنه *(મિર્કાત વગેરે)*

**૨.** એટલે ઈસ્લામ તંબુ જેમ છે અને પાંચ અરકાન તેના પાંચ થાંભલાઓની જેમ કે જે કોઈ એનામાંથી એકનો ઈન્કાર કરશે તે ઈસ્લામથી નીકળી જશે અને તેનો ઈસ્લામ તૂટી પડશે. યાદ રાખશો કે આ અમલો પર ઈમાનનો કમાલ આધારિત છે અને તેના માનવા પર ઈમાનનો નફ્સ (અસલ) અવલંબિત છે, જેથી જે સહીહુલ અકીદા મુસલમાન કદી કલ્મો ન પઢે, નમાઝ રોઝાનો પાબંદ ન હોય તે જો કે મુસલમાન તો છે પણ કામિલ નથી. અને જો એમાંથી કોઈનો ઈન્કાર કરે તો તે કાફિર છે. જેથી હદીષ પર કોઈ વાંધો નથી, ન તો અમલો ઈમાનના ભાગ છે.

**૩.** એના સર્વ ઈસ્લામી અકીદા મુરાદ છે, જે કોઈ અકીદાનો મુન્કિર છે તે હુઝૂરની રિસાલતનો જ મુન્કિર છે. હુઝૂરને રસૂલ માનવાનો એ અર્થ છે કે આપની દરેક વાતને માનવામાં આવે.

**૪.** હમેશાં પઢવી, સહીહ પઢવી, અને દિલ લગાડીને પઢવી એનું નામ નમાઝ કાયમ કરવી છે.

**૫.** જો માલ હોય તો ઝકાત તથા હજ્જ અદા કરવી ફર્ઝ છે, નહીં તો નહીં, પણ તેને માનવી દરેક સમયે અનિવાર્ય છે. નમાઝ હિજરતથી પહેલાં મેઅરાજમાં ફર્ઝ થઈ. ઝકાત તથા રોઝા હિ.સ. ૨ માં અને હજ્જ હિ.સ. ૯ માં ફર્ઝ થયો.

## હદીષ : ૪

રિવાયત છે : હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنه થી[1], ફર્માવે છે કે ફર્માવ્યું નબી صلى الله عليه وسلم એ ઈમાન કેટલીક અધિક સિત્તર શાખો છે[2] એ સૌમાં આ'લા એ કહેવું છે[3] કે અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ નથી અને સૌથી અદના તકલીફદાયક ચીજને માર્ગમાંથી હટાવવું છે[4], અને ગૈરત (શરમ) પણ ઈમાનનો ભાગ છે.

### ★ સમજુતી ★

**૧.** આપનું નામ કુફ્રમાં અબ્દુશ્શમ્સ અને ઈસ્લામમાં અબ્દુર્રહ્માન ઈબ્ને સખરદુસી છે. ખૈબરના વર્ષે ઈસ્લામ લાવ્યા. ચાર વરસ સફર તથા મુકામ પર હુઝૂરની સાથે પડછાયાની જેમ રહ્યા. આપને બિલાડી ઘણી પ્યારી હતી એટલે સુધી કે એકવાર પોતાની બાંયમાં બિલાડી રાખેલ હતા, તો હુઝૂરે ફર્માવ્યું તમે અબૂ હુરૈરહ્ એટલે બિલાડીવાળા છો ! ત્યારથી આપ એ કુન્નિયતથી મશહૂર થઈ ગયા. મદીના મુનવ્વરામાં હિ.સ. ૩૫ માં વફાત પામ્યા. જન્નતુલ બકીઅમાં દફન થયા. ૮૭ વરસની ઉમર થઈ. ગઝબની યાદશક્તિ હતી. આપનાથી ચાર હજાર ત્રણસો ચોસઠ (૩૪૬૪) હદીષો રિવાયત પામેલી છે.

**૨.** 'શુઅ્બહ્'' ઝાડની ડાળીને કહે છે, અહીં આદત (ખસલત) મુરાદ છે એટલે કે મામૂલી કામથી લઈને આ'લા કામ સુધી સૌ ઈસ્લામી ખસ્લતોમાં કોઈને ન છોડો.

**૩.** એટલે કે કલ્માએ તૈયેબહ પઢતા રહેવું, તેની આદત પાડવી, મુડદાને કલમા તૈયેબહ્નો સવાબ પહોંચાડવો, તીજીયું વગેરે કરવું, આ હદીષથી નીકળેલ છે કેમ કે અફઝલ ઈબાદતનો સવાબ પણ અફઝલ છે, એ જ બખ્શવું જોઈએ.

**૪.** પથ્થર, ઈંટ તથા લાકડી વગેરે જેનાથી લોકો ઠોકર ખાય તથા અગવડ અનુભવે તેને દૂર કરવું સવાબ છે એટલે સુધી કે પાણી પીવડાવવું સવાબ છે એટલા માટે અમુક લોકો પરબો બનાવે છે.

**૫.** ગૈરતથી ઈમાની ગૈરત (લાજ) મુરાદ છે જે ગુનાહોથી રોકી દે, મખ્લૂક બંદાઓથી, અલ્લાહના રસૂલથી, ફરિશ્તાઓથી, અલ્લાહ તઆલાથી શરમ કરે. ગુનાહ ન છુપાઈને કરે કેમ કે અલ્લાહ, રસૂલ, ફરિશ્તા જુએ છે, ન એલાનિયા કરે કે મુસલમાન પણ જોઈ રહ્યા છે. નફ્સાની તથા શૈતાની ગૈરત મુરાદ નથી. જેમ કે નમાઝ કે ગુસ્લથી શરમાય છે.

## હદીષ : ૫

રિવાયત છે : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી[1]. ફર્માવે છે કે ફર્માવ્યું નબી صلى الله عليه وسلم એ કે, મુસલમાન તે છે જેની જીભ તથા હાથ વડે મુસલમાન[2] મેહફૂઝ રહે અને મુહાજિર તે છે જે મના કરેલ ચીજો છોડી આપે[3]. આ બુખારીના શબ્દો છે, અને મુસ્લિમમાં છે ફર્માવે છે કે નબી કરીમ صلى الله عليه وسلم થી પૂછવામાં આવ્યું કે કયો મુસલમાન બેહતર છે ? ફર્માવ્યું, જેની જીભ તથા હાથ વડે મુસલમાન અમ્નમાં રહે.

### ★ સમજુતી ★

**૧.** આપ અમ્ર ઈબ્ને આસ ઈબ્ને વાઈલના પુત્ર છે. પોતાના પિતાથી પહેલાં ઈમાન લાવ્યા. આપે જ હુઝૂર صلى الله عليه وسلم ની ઈજાઝતથી હદીષો લખી જેની સંખ્યા સાતસો છે. મહાન આલિમ, મહાન મુત્તકી આબિદ

હતા, છેવટમાં નાબીના (અંધ) થઈ ગયા હતા. હિ.સ. ૬૨ માં તાઈફ અથવા મિસ્રમાં વફાત પામ્યા. *(મિર્કાત)*

**૨.** એટલે કે કામિલ મુસલમાન લુગતની તથા શરીઅતની રૂએ દરેક પ્રકારે મુસલમાન હોય તે મો'મિન છે જે કોઈ મુસલમાનની ગીબત ન કરે, ગાળ ન આપે, મહેણા ટોણા ન મારે, ચુગલી વગેરે ન કરે, કોઈને ન મારે, ન પીટે, ન તેની વિરૂધ્ધ કાંઈ લખે. આ હદીષ અખ્લાકથી ભરપુર છે. મુસલમાનોની સલામતીનો ઉલ્લેખ ખાસ કરીને એટલા માટે કર્યો કે અમુક સંજોગોમાં કાફિર સાથે લડવું, અથડાવું, તેમને બુરા કહેવું ઈબાદત છે. અહીં જુલ્મની રીતે ગીબત તથા તકલીફ પહોંચાડવું મુરાદ છે. આ હદીષનો મતલબ એ નથી કે જાલિમ મુસલમાન કાફિર છે અથવા દયાળુ કાફિર મુસલમાન છે.

એટલે કે કામિલ મુહાજિર (હિજરત કરનાર) તે મુસલમાન છે જે વતનના ત્યજવાની સાથો સાથ ગુનાહોને પણ ત્યજી દે. અથવા ગુનાહ છોડવું પણ શબ્દકોષની દષ્ટિએ હિજરત છ જે હમેશાં ચાલુ રહેશે.

## હદીષ : ૬

હઝરત અનસ[1] થી રિવાયત છે ફર્માવ્યું : નબી કરીમ ﷺ એ કે તમારામાંથી કોઈ મો'મિન નથી થઈ શકતું જ્યાં સુધી કે હું તેને તેનાં માંબાપ, ઔલાદ તથા સર્વ લોકો કરતાં પ્યારો ન થઈ જાઉં[2]. *(મુસ્લિમ, બુખારી)*

## ★ સમજુતી ★

**૧.** આપ અનસ ઈબ્ને માલિક નઝર અન્સારી ખુઝરમી છે. હુઝૂરના ખાસ ખાદિમ જે દસ વરસ સુધી સોહબતે પાકમાં રહ્યા, સો વરસથી વિશેષ વય પામ્યા. ફારૂકી યુગમાં બસરા ચાલ્યા ગયા હતા ત્યાંથી હિ.સ. ૯૩ ની નજીકમાં જ આપનો ઈંતેકાલ થયો. બસારમાં આખરી સહાબીની વફાત આપની થઈ. આપની કબ્રે અન્વર આમ તથા ખાસ લોકો માટે ઝિયારતગાહ છે.

**૨.** અહીં મહોબ્બતથી મુરાદ તબઈ મહબૂબ છે ન કે કેવળ અકલી મહબૂબ. કેમ કે ઔલાદને માબાપથી તબઈ (પ્રાકૃતિક, સ્વભાવિક) મહોબ્બત હોય છે. એ જ મહોબ્બત હુઝૂર સાથે વિશેષ હોવી જોઈએ અને બિહમ્દિહી તઆલા દરેક મો'મિનને હુઝૂર જાન તથા માલ તથા ઔલાદ કરતાં અધિક પ્યારા છે. સામાન્ય મુસ્લિમો પણ મુર્તદ ઔલાદ તથા બેદીન માબાપને ત્યજી દે છે. હુઝૂરની ઈજ્જત પર જાન ન્યોછાવર કરી આપે છે. ગાઝી અબ્દુર્રશીદ, ગાઝી ઈલ્મુદ્દીન, અબ્દુલ કૈયૂમ વગેરેનાં જીવતાં જાગતાં ઉદાહરણો મૌજૂદ છે. *(ક્રમશઃ)*

*(પેજ નં. : ૨૩ નું ચાલુ.....)*

જોઈએ કે આ ગલત આક્ષેપ સમયના મુજદ્દિદ પર, વલીએ કામિલ લગાડીને તેઓ ક્યાં જશે ?!

ઈમામે અહલે સુન્નતે ઔલિયાએ કિરામની અઝમતોની હિફાઝત કરી, ખાનકાહોના પીરાને તરીકત તથા મશાઈખે શરીઅતને એનો એહસાસ હોવો જોઈએ અને ખાનકાહો તથા દર્સગાહોના બંધારણના વખતે ઈમામે અહલે સુન્નત આ'લા હઝરતના ખયાલોની (માન્યતાઓની) કે જે કુર્આન હદીષ તથા અકવાલે ઉલમાથી સનદ પામેલ છે કાળજી લેવી જોઈએ, એ પ્રમાણે થશે તો ખાનકાહોની પાકીઝગીને પાયમાલ કરવાની કોઈનામાં હિંમત થશે નહીં. મોટી મોટી ખાનકાહો પર બદ્અકીદા લોકો પોતાની નજરો જમાવીને બેઠેલા છે અને ઘણી બધી જગાઓ પર તેઓ કબજા માટે કેસો પણ લડી રહ્યા છે. જો કોઈએ એની તેહકીક કરવી હોય તો દિલ્હીની ભૂમી પર ચાલ્યો જાય કે ત્યાં વહાબી દેવબંદીઓ બાકાયદા મુજાવરી કરતા જોવા મળશે ! *(ક્રમશઃ)*

## ★ હુઝૂરનો ﷺ મકામ તથા મર્તબો કુર્આનમાં ★

فَاٰمِنُوْا بِاللّٰہِ وَرَسُوْلِہٖ "તો ઈમાન લાવો અલ્લાહ વ રસૂલ પર." *(પારા–૯, સૂ. અઅ્રાફ, આયત–૧૫૮)*

આ બંને સ્થળોએ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે પોતાના હબીબ ﷺ ના રિસાલતના મન્સબને પોતાની સાથે વાવે આતિફાના થકી એકત્ર કરેલ છે જે શિર્કને ઝિક્ર (એકઠા ઝિક્ર)ના માટે છે અને રસૂલુલ્લાહ ﷺના સિવાય આ શિર્કત કોઈ અન્યના માટે જાઈઝ નથી.

મને શયખ અબૂ અલી હુસૈન ઈબ્ને હાફિઝ મુહમ્મદ જયાની رضی اللہ تعالیٰ عنہما એ હદીષ બયાન કરી અને એની ઈજાઝત આપી અને એની કિરાઅત ષિકહ્ છે. તે ફર્માવે છે કે મને હદીષ બયાન કરી અબૂ ઉમર નમરીએ, તેમને અબૂ મુહમ્મદ ઈબ્ને અબ્દુર્રહમાને, તેમને અબૂબક્ર ઈબ્ને દાસહ્એ, તેમને અબૂ દાઉદ સજઝીએ, તેમને અબૂ વલીદ તયાલ્સીએ, તેમને શઅબાએ, તેમણે મન્સૂરથી, તેમણે અબ્દુલ્લાહ ઈબ્ને યસારથી, તેમણે હુઝૈફાથી અને તેમણે રસૂલુલ્લાહ ﷺ થી સાંભળ્યું કે આપે ફર્માવ્યું :–

لَا یَقُوْلَنَّ اَحَدُکُمْ مَاشَآءَ اللّٰہُ وَشَآءَ فُلَانٌ وَلٰکِنْ مَاشَآءَ اللّٰہُ ثُمَّ شَآءَ فُلَانٌ

**તર્જુમો** : કોઈ એવું ન કહે કે અલ્લાહ તઆલા ચાહે અને ફલાણો ચાહે બલ્કે આ પ્રમાણે કહે કે અલ્લાહ તઆલા ચાહે પછી ફલાણો ચાહે. (એટલે વાવે આતિફાની જગાએ **ષુમ્મ** હોવું જોઈએ.)[૧]

**૧.** આ હદીષ શરીફ મિશ્કાત શરીફમાં મૌજૂદ છે અને તેમાં નબી કરીમ ﷺ એ મુસલમાનોને આ અદબ શિખવાડયો છે કે, આમ ન કહો અલ્લાહ અને ફલાણો ઈચ્છશે બલ્કે આમ કહો કે અલ્લાહ ઈચ્છશે પછી ફલાણો ઈચ્છશે, કેમ કે વાવની મેળવણીના દ્વારા ભાગીદારી શોધવામાં આવે છે અને ખુદાની મરજીના સાથે બીજાની મરજીની ભાગદારી ન કરવામાં આવે. બલ્કે બીજાની મરજી અલગ બયાન કરવામાં આવે એટલે એમ કહી શકાય છે કે, અલ્લાહ ઈચ્છશે પછી તેના રસૂલ ઈચ્છશે તો ફલાણું કામ થઈ જશે, અલ્લાહ ઈચ્છશે પછી તેનો રસૂલ ચાહે તો હું સફળ થઈ જઈશ.

આ મસ્અલામાં પણ ઈમામુલ્ વહાબિયા (વહાબી) મૌલ્વી મુહમ્મદ ઈસ્માઈલ દહેલ્વી (અલ્મકતુલ, હિ.સ.: ૧૨૪૬ સને ૧૮૩૧)એ બેઈમાની અને રસૂલ દુશ્મનીનું પ્રદર્શન કર્યું છે. એટલે કે તેમણે પોતાની દીન અને ઈમાન વિરૂદ્ધ કિતાબ તકવિયતુલ ઈમાનમાં સ્પષ્ટ લખી દીધું કે, "રસૂલના ચાહવા (ઈચ્છવા)થી કશું જ થતું નથી." *(તકવિયતુલ ઈમાન, મતબૂઆ અશરફ પ્રેસ, લાહોર, પેજ–૧૨૭)* **ફૂટ નોટ અનુસંધાન આગળના પેજ ઉપર.......**

ખતાબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું છે કે, રસૂલલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ આ બારગાહે ખુદાવંદીનો અદબ શિખવાડયો છે કે, અલ્લાહની મરજી બીજાની મરજી પર આગળ રાખવી જોઈએ. હા ! બીજાની મરજીને **ષુમ્મ** (પછી)ના સાથે મેળવી શકો છો ? જે ક્રમ અને સ્વીકૃતિ માટે આવે છે. જ્યારે કે "વાવ" મેળવવાથી E FUlNFZLDF8[GMJØI KP3

તેના જેવી એક બીજી હદીષ પણ છે કોઈ ખતીબે (સંબોધનકારે) નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના હુઝૂર ખુત્બો પઢયો અને એમાં એ પણ કહ્યું, مَنْ يُّطِعِ اللّٰهَ وَرَسُوْلَهٗ فَقَدْ رَشَدَ وَمَنْ يَّعْصِهِمَا ત્યારે સરવરે કોનો મકાં صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, بِئْسَ خَطِيْبُ الْقَوْمِ اَنْتَ قُمْ તું કૌમનો ખરાબ ખતીબ છે ! ઉભો થઈ જા !

**ફુટ નોટ અનુસંધાન પાછળના પેજનું ચાલુ..** પોતાના આ ફૈસલાને પ્રશંસિત (જેમની પ્રશંસા કરવામાં આવી હોય તે) આ હદીષથી તાકીદ કરવાનો અસફળ પ્રયત્ન કરવામાં આવેલ છે. لَا تَقُوْلُوْا مَا شَآءَ اللّٰهُ وَشَآءَ مُحَمَّدٌ وَقُوْلُوْا مَا شَآءَ اللّٰهُ وَحْدَهٗ વહાબીઓના ઈમાનની આ ખેદજનક બેઈમાની છે. કેમ કે પ્રથમ તો હદીષ ખંડિત છે. બીજું એ કે તકવિયતુલ ઈમાનમાં એ સંકેત પણ કરવામાં આવ્યો નથી કે આ હદીષ ખંડિત છે ત્રીજું એ આ જ મિશ્કાત શરીફની જેને ગેર મુન્કતેઅ (ખંડિત સિવાયની) હદીષના વિષય હેઠળ આ હદીષ લખવામાં આવી છે. તેમાં مَا شَآءَ اللّٰهُ ثُمَّ شَآءَ فُلَانٌ કહેવાની તા'લીમ આપવામાં આવી છે તેનો ઉલ્લેખ સુદ્ધા કરવામાં ન આવ્યો. પરંતુ તેણે આંખો બંધ કરી બેખબર લોકોની આંખોમાં મન મૂકીને ધૂળ ઝાંકી છે. ચોથું એ કે જ્યારે અસલ હદીષમાં مَا شَآءَ اللّٰهُ ثُمَّ شَآءَ فُلَانٌ મૌજૂદ છે. તો આ વિષયને શિર્કમાં બયાન કરવું કેટલી હદે સિતમ ઝર્ફી (હસી મજાકમાં જુલ્મ કરવો) અને હદીષે રસૂલ પર જુલ્મ છે. પાંચમું ખંડિત સિવાયની હદીષને છોડીને ખંડિત હદીષથી અલગ કરી દઈને, ગૈર મુન્કતેઅ (ખંડિત સિવાયની) હદીષના વિષયને શિર્ક બતાવવું હળાહળ બદ્દાનત છે. અથવા રસૂલની દુશ્મની પણ ! છઠ્ઠું ખંડિત સિવાયની હદીષની તા'લીમ مَا شَآءَ اللّٰهُ ثُمَّ شَآءَ فُلَانٌ છુપાવવું અને ખંડિત હદીષના શબ્દો وَقُوْلُوْا مَا شَآءَ اللّٰهُ وَحْدَهٗ ને રજુ કરવાનું કારણ રસૂલ દુશ્મની છે. અશ્કે રસૂલ ? આ ઈતાઅત (આજ્ઞાપાલન) છે બગાવત (બળવો) ? આ શરાફત (લાયકાત) છે કે (દુષ્ટતા) ? આ તૌહીદ બયાન કરેલ છે કે શેતાની ધોકો ? આ વલી ઈલ્લલ્લાહી છે અથવા બૂલહબી ?!

*મન આં ચે શર્ત બલાગસ્ત બા તૂ મીગ વીમ–તૂ ખ્વાહ અઝ સુખનમ પંદગીરવ ખ્વાહ મલાલ*

૨. મુજદ્દિદે માયએ હાજરા ઈમામ અહમદ રઝાખાન બરેલ્વી رحمۃ اللہ علیہ એ ઈમામુલ્ વહાબીયા મૌલ્વી મુહમ્મદ ઈસ્માઈલ દહેલ્વીની આ શરારત (દુષ્ટતા)ને દરિયામાં ડૂબાડી દેવા અને તેની હકીકતને ઈલ્મવાળાઓ પર સ્પષ્ટ કરવા માટેના હેતુસર ઈમામુલ્ વહાબિયાની સ્પષ્ટ ખિયાનત (બૂરી દાનત) અને અય્યારી (છળકપટ)ને મથાળું આપી તે હેઠળ ફર્માવ્યું છે : اقول وباللّٰه التوفيق اولاً તે જ પૂરાણી આદત તે જ પૂરાણી બીમારીના દા'વાના સમયે આસમાન પર બેસનાર અને દલીલ લાવવામાં અસ્ફલુસ્સાફિલીન (તદ્દન નીચે દોઝખના સાતમા તબકામાં) હદીષમાં છે તો એટલું કેમ ન કહો તે શિર્કનો હુકમ ક્યાં ગયો ?! બીજું એ કે સખ્ત છળકપટની જાળ બીછાવી ચાલ ચાલવી મિશ્કાત શરીફના પ્રકરણમાં ચર્ચાવામાં આવેલી છે. હદીષ હુઝયફા رضی اللہ عنہ થી એમ કથિત છે કે, નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, لَا تَقُوْلُوْا مَا شَآءَ اللّٰهُ وَشَآءَ فُلَانٌ وَلٰكِنْ قُوْلُوْا مَا شَآءَ اللّٰهُ ثُمَّ شَآءَ فُلَانٌ ન કહો જો ચાહે (ઈચ્છે) અલ્લાહ અને ચાહે (ઈચ્છે) ફલાણા બલ્કે એમ કહો જે ચાહે અલ્લાહ પછી ચાહે ફલાં. મિશ્કાત શરીફમાં તેને મસ્નદ ઈમામ અહમદ વ સુનન અબી દાઊદ શરીફથી સંબંધિત કરી ફર્માવ્યું : وَفِيْ رِوَايَةٍ مُنْقَطِعًا અને એક રિવાયતમાં ખંડિત એટલે જેની સનદ નબી صلی اللہ تعالیٰ علیہ وسلم સુધી લગાતાર નહીં પહોંચેલ આમ આવી છે. અહીં તે રિવાયત વિસ્તારથી વર્ણવી છે. હોશિયાર અને ધૂર્તે જોયું કે, અસલ હદીષ તો તેના દા'વા શિર્કને જહન્નમમાં દાખલ કરી દે છે. તેને સ્પષ્ટ રીતે ઉલ્ટાવી દીધું અને ફક્ત આ ખંડિત રિવાયત નકલ કરી લીધી. શું તે એ સમજતો હતો કે, મિશ્કાત ઈલ્મવાળાની નજરથી ગુપ્ત છે ? ના ! ના ! તે સારી રીતે જાણતો હતો કે, ઈલ્મની પઢાઈની શરૂઆત કરનારને પહેલાં તેને પઢાવે છે પરંતુ તેને તો બિચારી પ્રજાને છેતરવાનો હેતુ હતો જેમને ઈલ્મની હવા ન લાગી હોય ! સમજી લીધું કે, તેમના પર અંધારું નાખી જ દઈશ. ઈલ્મવાળાઓએ અન્ય કહ્યું શું માન્યું છે કે તેમના પર વાંધા ઉઠાવનાર હશે. *(અલ્ અમ્નુ વલઉલા, મત્બૂઆ, લાહોર, હિ.સ. ૧૩૯૫, પેજ–૨૧૩, ૨૧૪)*

આમાં મતભેદ છે કે, છેવટનો શબ્દ **કુમ** (ઊભો થઈ જા) અથવા **ઈઝહબ** (અહીંથી ચાલ્યો જા) ફર્માવ્યું, અબૂ સુલયમાન ખતાબી رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું છે કે, આપે તે કાર્યને પસંદ ન કર્યું કે તેણે બંને નામોને નિર્દેશ રૂપે (**હુમા**ની ઝમીર) એકત્ર કરી દીધા હતા. કેમ કે એકત્ર કરી દેવામાં સરખાપણું (બરાબરી) જોવા મળે છે અને બાકી હઝરાતો તે તરફ ગયા છે કે, આપે "યઅ્સિહિમા" પર વકફ કરી દેવાને નાપસંદ ફર્માવ્યું હતું. પરંતુ હઝરત સુલયમાન علیہ الرحمۃ والرضوان નો ખયાલ વધુ સહીહ માલૂમ પડે છે. કેમ કે હદીષ સહીહમાં એ આવેલું છે કે وَمَنْ يَّعْصِهِمَا فَقَدْ غَوٰى અને مَنْ يَّعْصِهِمَا પર વકફ કરવું વર્ણન થયેલ નથી. મુફસ્સિર હઝરાત અને અસ્હાબે મઆનીનો આ બાબતમાં મતભેદ છે કે, ઈર્શાદે ખુદાવંદી اِنَّ اللّٰهَ وَمَلٰٓئِكَتَهٗ يُصَلُّوْنَ صَلُّوْا عَلَيْهِ وَسَلِّمُوْا تَسْلِيْمًا صَلُّوْا عَلَيْهِ وَسَلِّمُوْا تَسْلِيْمًا **અર્થ** : બેશક ! અલ્લાહ અને તેના ફરિશ્તાઓ દુરૂદ મોકલે છે આ ગૈબ કહેનાર (નબી) પર અય ઈમાનવાળાઓ ! એમના પર દુરૂદ અને સલામ ખૂબ મોકલો. *(સૂરએ અહઝાબ, આયત–પર)*

એમાં યુસલ્લૂનની પનાહગાહ (મર્જઅ) અલ્લાહ તઆલા અને મલાઈકા બંને છે કે નથી ?! કેટલાક ઉલ્માએ કિરામ (વિદ્વાનોએ) તેને બંને તરફ જાઈઝ ઠેરવેલ છે જ્યારે કે કેટલાક હઝરાત એવું કહેવાથી મનાઈ કરે છે. કેમ કે તેને બંને તરફ પ્રત્યાગામી (રાજેઅ) માનવાથી ભાગીદારી અનિવાર્ય બની જાય છે અને તેઓએ આ અંતઃકરણને (ઝમીરને) ફરિશ્તાઓના સાથે ખાસ કરેલ છે અને તેઓ આ આયતમાં આ પ્રમાણે ધારણા માને છે. اِنَّ اللّٰهَ (يُصَلِّىْ) وَمَلٰٓئِكَتَهٗ يُصَلُّوْنَ عَلَى النَّبِىِّ ط

હઝરત ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે, આપે બારગાહે રિસાલતમાં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالٰی علیہ وسلم આપના "ફઝાઈલ"માંથી એ પણ છે કે, અલ્લાહ તઆલાએ આપની ઈતાઅત (આજ્ઞાપાલન)ને પોતાની ઈતાઅત ઠરાવતાં ફર્માવ્યું છે, مَنْ يُّطِعِ الرَّسُوْلَ فَقَدْ اَطَاعَ اللّٰهَ **અર્થ** : જેણે રસૂલનો હુકમ માન્યો બેશક ! તેણે ખુદાનો હુકમ માન્યો. *(સૂરએ નિસા, આયત–૮૦)* અને આ ક્રમમાં અલ્લાહ તઆલાએ આ પણ ફર્માવ્યું છે: قُلْ اِنْ كُنْتُمْ تُحِبُّوْنَ اللّٰهَ فَاتَّبِعُوْنِىْ يُحْبِبْكُمُ اللّٰهُ وَيَغْفِرْ لَكُمْ ذُنُوْبَكُمْ ۗ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ ۝ **અર્થ** : હે મહબૂબ ! તમે ફર્માવી દો ! કે લોકો જો તમે અલ્લાહને દોસ્ત રાખતા હોઉ તો મારા ફર્માબરદાર બની જાવ ! અલ્લાહ તમને દોસ્ત રાખશે અને તમારા ગુનાહ માફ કરી દેશે અને અલ્લાહ માફ કરનાર મહેરબાન છે. *(સૂરએ આલે ઈમ્રાન, આયત–૩૦)*

રિવાયત છે કે, જ્યારે આ આયતે કરીમા નાઝિલ થઈ તો કેટલાક કાફિરોએ એ કહેવાનું શરૂ કરી દીધું કે, મુહમ્મદ صلی اللہ تعالٰی علیہ وسلم એ ઈચ્છે છે કે, અમે તેમને પોતાનો ખુદા માની લઈએ જેવું નસારાઓએ હઝરત ઈસા علیہ الصلوٰۃ والسلام ને પોતાના ખુદા બનાવી લીધા હતા. એના પર અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે આ આયત ના'ઝિલ ફર્માવી : قُلْ اَطِيْعُوا اللّٰهَ وَالرَّسُوْلَ ۚ فَاِنْ تَوَلَّوْا فَاِنَّ اللّٰهَ لَا يُحِبُّ الْكٰفِرِيْنَ ۝ **અર્થ** : તમે ફર્માવી દો કે, અલ્લાહ અને રસૂલનો હુકમ માનો પછી જો તેઓ મોઢું ફેરવે તો અલ્લાહને કાફિર પસંદ પડતા નથી. *(સૂરએ આલે ઈમ્રાન, આયત–૩૧)*

શાને રિસાલતના મુન્કિરોને બેઈજ્જત કરવા ખાતર અલ્લાહ તઆલાએ આ આયતમાં પોતાની ઈતાઅત (આજ્ઞાપાલન)ને પોતાના હબીબ صلی اللہ تعالٰی علیہ وسلم ની ઈતાઅતના સાથે ભેળવીને બયાન કરી છે. મુફસ્સિરીન (તફસીરકારો) હઝરાતના વચ્ચે ઉમ્મુલ કિતાબ એટલે સૂરએ ફાતિહામાં ચર્ચવામાં આવેલ છે: اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ ۝ اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ ۝ *(સૂરએ ફાતિહા આયત–પ, ૬)* **અર્થ** : અમને સીધા

રસ્તે ચલાવ ! તેઓનો રસ્તો જેમના પર તેં એહસાન કર્યું. ''સિરાતલ મુસ્તકીમ''થી મુરાદ શું છે ?! અબુલ આલિયા તાબઈ (વફાત, હિ.સ. : ૯૦) અને ઈમામ હસન બસરી رحمۃ اللہ علیہ (વફાત, હિ.સ. : ૧૧૦) ફર્માવે છે કે, સિરાતે મુસ્તકીમથી રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم , નેક લોકો, અહલે બૈત અને સહાબાએ કિરામ મુરાદ છે. આ કથનને ઉપર લખેલ બંને હઝરાતોએ ઈમામ અબુલ હસન માવરદી رحمۃ اللہ علیہ (વફાત, હિ.સ. ૧૫૦) એ નકલ કરેલ છે અને ઈમામ મક્કી رحمۃ اللہ علیہ એ પણ તેના જેવી વાત બયાન કરી છે. અને ફર્માવ્યું છે કે, સિરાતે મુસ્તકીમથી મુરાદ રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم અને આપના બંને બુઝુર્ગ સાથી હઝરત અબૂબક્ર (વફાત, હિ.સ. : ૧૩) અને હઝરત ઉમર (વફાત, હિ.સ. : ૨૪) رضی اللہ عنہما મુરાદ છે.

એના જ જેમ અબુલ લૈષ નસર બિન મુહમ્મદ સમરકંદી رحمۃ اللہ علیہ એ (વફાત, હિ.સ. ૩૭૩) સિરાતે મુસ્તકીમની તફસીરમાં ચર્ચા કરેલ છે, તેઓ ફર્માવે છે કે જ્યારે આ તફસીર ઈમામ હસન બસરી رحمۃ اللہ علیہ ને જાણવા મળી તો તેમણે ફર્માવ્યું, ખુદાની કસમ ! (અબુલ આલિયહ્ رحمۃ اللہ علیہ એ) સાચુ કહ્યું અને ખૈરખ્વાહી કરી છે. ઈમામ અબુલ હસન માવરદી رحمۃ اللہ علیہ આ કથનની તફસીરને અબ્દુર્રહમાન બિન ઝૈદ رحمۃ اللہ علیہ થી વર્ણન કરી છે અને અબ્દુર્રહમાન સલ્લમી رحمۃ اللہ علیہ તેને ઈર્શાદે બારી તઆલા فَقَدِ اسْتَمْسَكَ بِالْعُرْوَةِ الْوُثْقٰى ની તફસીરમાં કેટલાક આરિફોથી વર્ણન કર્યું છે એટલે તેઓ ફર્માવે છે કે, **ઉર્વતિલ્વુષ્કા** મુરાદ રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ની મુકદસ ઝાત મુરાદ છે અને એ પણ કહેવામાં આવ્યું છે કે, તેનાથી મુરાદ ઈસ્લામ છે અને એ પણ કહેવામાં આવ્યું છે કે તેનો મતલબ તૌહીદની સાક્ષી આપવી છે. પછી ઈર્શાદે બારી તઆલા وَاِنْ تَعُدُّوْا نِعْمَةَ اللّٰهِ لَا تُحْصُوْهَا. *(સૂરએ ઈબ્રાહીમ, આયત–૩૪)* અને જો અલ્લાહની નેઅમતો ગણો તો ગણી શકશે નહીં. *(સૂરએ નહ્લ, આયત–૧૮)*

સુહૈલ બિન અબ્દુલ્લાહ તસ્તરી رحمۃ اللہ علیہ એ તેની તફષીરમાં કહ્યું છે :–

نِعْمَتُهٗ بِمُحَمَّدٍ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّمَ **અર્થ** : ખુદાની નેઅમતથી મુરાદ મુહમ્મદ રસૂલલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم છે.

અલ્લાહ તબારક વ તઆલાએ પોતાના હબીબ رحمۃ اللہ علیہ ની શાનમાં ફર્માવ્યું છે, وَالَّذِیْ جَآءَ بِالصِّدْقِ وَصَدَّقَ بِهٖۤ اُولٰٓئِكَ هُمُ الْمُتَّقُوْنَ અર્થ : અને તેઓ જે આ સત્યને લઈને પધાર્યા અને તેઓ જેમણે એની સચ્ચાઈને ટેકો આપ્યો તેઓ જ ડરવાવાળા છે. *(સૂરએ રઅદ, આયત–૨૮)*

ઘણા તફસીરકારોએ આની તફષીરમાં ફર્માવ્યું છે કે : اَلَّذِیْ جَآءَ بِالصِّدْقِ થી મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم મુરાદ છે. જ્યારે કેટલાક કારીઓએ **સદકાને તખ્ફીફ** (બોલવામાં શબ્દને હલ્કો કરી પઢવો)ના સાથે **સદકબિહી** પઢેલ છે. બીજા ઉલ્માએ કિરામ (વિદ્વાનો) ફર્માવે છે : **સદકબિહી**થીમુરાદ અહલે ઈમાન (ઈમાનવાળાઓ) છે અને કેટલાક હઝરતોએ કહ્યું છે કે : **સદકબિહી**થી મુરાદ હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہ છે જ્યારે કે કેટલાક હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ને પણ મુરાદ જણાવે છે. આ સિલસિલામાં આ સિવાય પણ કથનો નકલ કરેલ છે. ઈર્શાદે ખુદાવંદી : اَلَا بِذِكْرِ اللّٰهِ تَطْمَئِنُّ الْقُلُوْبُ **અર્થ** : દિલ અલ્લાહની યાદથી શાંતિ પામે છે. (સૂરએ રઅદ, આયત–૨૮) ની તફસીરમાં હઝરત અબુલ હજ્જા મુજાહિદમાં જુબૈર તાબઈ (વફાત, હિ.સ. ૧૨૩) થી રિવાયત છે કે ઝિકરુલ્લાહથી મુરાદ હઝરત મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم અને આપના અસ્હાબ છે.

**નોંધ** : આ લેખથી શિફા શરીફનો ગુજરાતી અનુવાદ જરૂરી સુધારા સાથે **જનાબ ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી (પાટડીવાલા)**નો કરેલ સાભાર લીધો છે.

Islam & Modern Inventions

# ઈસ્લામ અને આધુનિક શોધો


અરબી લેખક : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની

ઉર્દૂ અનુવાદક : અબૂ હમ્માદ મુફતી અહમદમિયાં બરકાતી મારહરવી (પાક.)

ગુજરાતી અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


હપ્તો : ૦૩

## ★ નબી અકરમ ﷺ નો ગયબનો ઈલ્મ ★

સર્વ પ્રશંસાઓ અલ્લાહના માટે છે જેવી તેના ઉચ્ચ મર્તબાને લાયક છે. અને રહમત નાઝિલ થાય આપણા સરકાર હઝરત મુહમ્મદ ﷺ અને આપના અહલે બયત તથા સહાબા પર. અમ્મા બઅદ, બેશક ! નબી ﷺનો ઈલ્મે ગયબ અને અલ્લાહ તઆલાનું આપને ખબર કરવું જે કાંઈ થઈ ગયું અને જે કાંઈ કિયામત સુધી થશે, અને એની ખબર કે બંને તબકાઓ જન્નત કે દોઝખની મંઝિલોમાંથી પોત પોતાની મંઝિલમાં ચાલ્યા જશે બલ્કે તેના પછીના જમાનાની પણ જેનો કોઈ છેડો નથી. ઈલ્મવાળા તથા ઈમાનવાળાઓના માટે તદ્દન ઉઘાડુ છે, સમજબુઝ તથા બુદ્ધિશાળીઓ માટે બિલકુલ સ્પષ્ટ છે, કોઈ પણ બે (૨) સમજ ધરાવનાર માણસો આપના ઈલ્મમાં મતભેદ નથી કરી શકતા તથા કોઈ પણ બે એમાં શક નથી કરી શકતા. એટલા માટે કે દલીલો તથા બુરહાનો એટલા વિપુલ પ્રમાણમાં આવેલી છે કે જેટલી જરૂરત હતી. નબી ﷺ ના ઈલ્મે ગયબના બારામાં તો એના માટે અલ્લાહ તઆલાનો આ કૌલ જ પૂરતો છે :

عالم الغيب فلا يظهر على غيبه احدا
الا من ارتضى من رسول

(ગયબનો જાણનાર તો પોતાના ગયબ પર કોઈને માહિતગાર નથી કરતો સિવાય પોતાના પસંદીદા રસૂલોના.) એની સાથોસાથ એ વાત પર પુખ્તા ઈજમાઅ છે કે અલ્લાહ તઆલાના પસંદીદા રસૂલોમાં સૌથી અફઝલતરીન રસૂલ અને તમામ રસૂલોના સરદાર હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ જ છે. આ મામલામાં કોઈનો મતભેદ નથી, જેથી તે લોકોમાં પણ હુઝૂર ﷺ જ અફઝલ છે જેમના પર અલ્લાહ તઆલા પોતાનો ગયબનો ઈલ્મ જાહેર કરે છે. અલ્લાહ તઆલાએ પણ એની ખબર આપી અને ખૂદ હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ આપને દરેક ચીજથી માહિતગાર કર્યા, દરેક ચીજનો ઈલ્મ આપ્યો અને દરેક ચીજને સારી રીતે જાહેર કરી આપી. ત્યાં સુધી કે દરેક ચીજ આપને સારી પેઠે માલમ પડી ગઈ. જેમ કે અમુક આસ્માનો તથા જમીનોની દરમ્યાનમાં હતું, અને જે કાંઈ થઈ ચૂક્યું તથા થવાનું છે તે સર્વ આપે જાણી લીધું.

તદ્દઉપરાંત તે તમામ ચીજો જેના બારામાં આપની આગાહીઓ સાચી ઠરી. અને મુતવાતિર હદીષો અને પ્રસંગોએ જેનું સમર્થન કર્યું, આંખોએ જેનું સમર્થન કર્યું. સારાંશ કે જમાનાની કરવટો, સદીઓ અને વર્ષોનું પસાર થઈ જવું અને જેના બારામાં નબી કરીમ ﷺ એ ફર્માવ્યું કે એ મારા પછી થશે, તે સર્વ કાંઈ હુઝૂર ﷺ ના ફર્માન અનુસાર અને આપની આગાહીના પ્રમાણે બન્યું. એકવાર હુઝૂર ﷺ ખુત્બો આપવા ઉભા થયા

તો આપે આપના સહાબીઓને તે દરેક ચીજની ખબર આપી જે આપના પછી થનારી હતી. સહાબાએ કિરામ عَلَيْهِمُ السَّلَام ની એક જમાઅતથી એવું જ નકલ થયેલ છે. એ જમાઅતમાં હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ, હઝરત હુઝૈફા ઈબ્ને યમાન, હઝરત અબૂ ઝૈદ અન્સારી, હઝરત અબૂ સઈદ ખુદરી તથા હઝરત ઈબ્ને અબ્બાસ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ સામેલ છે.

જેમ કે સહીહ બુખારી શરીફમાં હઝરત તારિક બિન શહાબથી રિવાયત થયેલ છે. ફર્માવે છે કે મેં હઝરત ઉમર رضی اللہ عنہ થી સાંભળ્યું, આપ ફર્માવી રહ્યા હતા :–

"એકવાર સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم અમારામાં ઉભા થયા તો આપે અમને મખ્લૂકની પેદાઈશની ખબર આપી, એટલે સુધી કે જન્નતી પોતાના ઠેકાણે અને દોઝખી પોતાનાં ઠેકાણે પહોંચી ગયા. જેણે એને યાદ રાખ્યું તેણે યાદ રાખ્યું અને જે ભૂલી ગયો તે ભૂલી ગયો." *(બુખારી, ભાગ–૧, પેજ–૪૫૩)*

બુખારી, મુસ્લિમ અને અબૂ દાઊદે હુઝૈફા ઈબ્ને યમાન رضی اللہ عنہ થી રિવાયત કરી છે :–

"એકવાર નબી અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ અમને ખુત્બો આપ્યો અને એમાં કિયામત સુધી થનારી કોઈ એવી ચીજ ન છોડી જેનો ઉલ્લેખ ન કર્યો હોય. જેણે જાણ્યું તેણે જાણ્યું અને જે અજાણ રહ્યો તે અજાણ રહ્યો." *(મુસ્લિમ, ભાગ–૨, પેજ–૩૯૦, અબૂ દાઊદ, ભાગ–૨, પેજ–૧૨૬)*

"હું એમાંથી કોઈ ચીજને જોઉં તો જે ચીજને હું ભૂલી ગયો છું અને તે ફરી મને દેખાડવામાં આવે તો તે ચીજને એવી જ રીતે યાદ કરી શકુ છું જેવી રીતે કે કોઈ વ્યક્તિ કોઈનો ચહેરો ઘણા દિવસો સુધી ગાયબ રહ્યા બાદ જુએ છે તો ઓળખી લે છે." એટલે કે જો હું કોઈ ચીજ જોઉં તો બતાવી શકુ છું કે એના બારામાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પેશનગોઈ (આગાહી) કરી હતી. *[–ઉર્દૂ અનુવાદક (હવાલો : ઉપર મુજબ)]*

અબૂ દાઊદે અને હઝરત હુઝૈફાથી એક અન્ય તરીકાથી રિવાયત કરી છે. તે ફર્માવે છે : ખુદાની કસમ ! હું નથી જાણતો કે અસ્હાબે રસૂલ (સહાબીઓ) ભૂલી ગયા કે ભૂલાવી દેવામાં આવ્યું. ખુદાની કસમ ! રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ કોઈ ફિત્નાનો માર્ગ સૂચવનાર નથી છોડયો જેની સંખ્યા ત્રણસોથી વિશેષ છે, એટલે સુધી કે દુનિયા ખત્મ થઈ ગઈ પણ એ કે અમને તેનું તેના બાપનું તેના કબીલાનું નામ જણાવી આપ્યું. *(અબૂ દાઊદ, ભાગ–૨, પેજ–૧૨૬)*

અને અહમદ તથા મુસ્લિમે હઝરત અબૂ ઝૈદ અન્સારી رضی اللہ عنہ થી હદીષ રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ અમને ફજરની નમાઝ પઢાવી પછી આપ મિમ્બર મુબારક પર તશરીફ લઈ ગયા ત્યાં સુધી કે ઝોહ્રનો સમય થઈ ગયો. આપ નીચે ઉતર્યા અને ઝોહ્રની નમાઝ પઢાવી અને ફરી મિમ્બર પર તશરીફ લઈ ગયા, ત્યાં સુધી કે અસ્રનો સમય થઈ ગયો પછી આપ ઉતર્યા, અસ્ર પઢાવી અને ફરી મિમ્બર પર તશરીફ લઈ ગયા એટલે સુધી કે સૂર્યાસ્ત થયો. તો એમાંનુ કેટલુંક થઈ ચૂક્યું અને કેટલુંક થવાનું છે સૌની ખબર આપી. જે અમારામાં અધિક આલિમ છે તે જ અધિક યાદ રાખનારો છે. *(મુસ્લિમ, પેજ–૩૯૦, ભાગ–૨)*

અહમદ, તિર્મિઝી અને હાકિમે પોતાની સહીહમાં હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત કરી. તેઓ ફર્માવે છે કે નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ અમને એક દિવસે અસ્રની નમાઝ પઢાવી. આપે અસ્ર બાદથી સૂર્યાસ્ત સુધી ખુત્બો આપ્યો. જેણે એને યાદ રાખ્યો તેણે યાદ રાખ્યો અને જે ભૂલી ગયો તે ભૂલી ગયો. આપે એ ખુત્બામાં દરેક તે ચીજની ખબર આપી જે કિયામત સુધી થનારી છે. *(તિર્મિઝી, પેજ–૩૧૯)*

અને અહમદે પોતાની મુસ્નદમાં વર્ણન કર્યું : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم અમારામાં ઊભા થયા અને જે

કાંઈ આપની ઉમ્મતમાં કિયામત સુધી થનારું છે તેના બારામાં અમને બતાવ્યું. જે એને સુરક્ષિત રાખી શકયું તેણે સુરક્ષિત રાખ્યું અને જે ભૂલી ગયો તે ભૂલી ગયો. *(મુસ્નદે ઈમામ અહમદ, પેજ–૨૫૪, અલ જઝાઉર્રાબિઅ)*


## ★ કિતાબ લખવાનો સબબ ★

હઝરત અબૂઝર رضی اللہ عنہ એ ફર્માવ્યું કે બેશક ! અમને રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એ હાલમાં છોડયા કે કોઈ પક્ષી પોતાની પાંખો વડે આકાશમાં નથી ઉડતુ જેના બારામાં આપે અમને ઉલ્લેખ ન કર્યો હોય. એને અહમદે તથા ઈબ્ને સઅદે તબકાતમાં રિવાયત કરી. *(મુસ્નદે ઈમામ અહમદ, પેજ–૧૫૩, અલ જઝાઉલ ખામિસ)* એ જ પ્રમાણે હઝરત અબૂ દરદા رضی اللہ عنہ થી તેના બારામાં ફર્માવ્યું જેમાં અબૂ યઅ્લાએ અને તિબ્રાનીએ કબીરમાં રિવાયત કરી.

મકસદ એ છે કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાના સહાબીઓને દરેક તે ચીજના બારામાં બતાવ્યું જે આપના બાદ થનારી હતી અને જેના બારામાં અલ્લાહ તઆલાએ આપને ખબરદાર કરી આપ્યા. પછી આપે સહાબા رضوان اللہ تعالیٰ علیہم اجمعین ને તેના વિશે વર્ણન કર્યું. અને દરેક તે ખબર જે લાગુ પડે છે જેના બારામાં આપે ઈર્શાદ ફર્માવ્યો કે આવું થશે તે આજ સુધી જાહેર થતું જઈ રહ્યું છે. જે કાંઈ માઝીમાં જાહેર થયું તેને તો એ લોકોએ સ્પષ્ટ કર્યું જેમણે આપી સીરતમાં, ફઝાઈલમાં, મો'જિઝાઓમાં અને વિશિષ્ટતાઓમાં કિતાબો લખી અને તેને વર્ણન કરી તેનો ખુલાસો, નિશ્ચિતતા તથા તેહકીક કરી. પરંતુ આજે આપણા જમાનામાં જે ક્રાંતિઓ, સંજોગોનાં પરિવર્તનો, સંસ્કૃતિમાં બગાડ અને તબદીલીઓ શરૂ થઈ રહી છે અને જે મહાન બાબતો, અકસ્માતો અને નિત નવીન શોધો થઈ રહી છે તો મેં કોઈ એવી વ્યક્તિ નથી જોઈ જે એને એકત્ર કરવાની કોશિશમાં હોય અને આ નવા બનાવોના સંબંધે સાફ સાફ કુર્આની આયતો અને નબવી હદીષોમાં છે જે નિર્દેશો છે તેની સ્પષ્ટતા કરે ! જો કે એ ચીજોના બારામાં એ કિતાબોમાં પણ ઘણો બધો ઉલ્લેખ છે જેમાં કિયામતની નિશાનીઓ વર્ણન કરવામાં આવી છે, પરંતુ તે એટલી ગુચવણ ભરેલી છે કે સામાન્ય લોકો એનામાં તથા વર્તમાનકાળની આશ્ચર્યમય ચીજોમાં સરખાપણુ નથી પેદા કરી શકતા, અને ન એ આયતોમાં જે ઈર્શાદો છે એમાં કોઈ મળતાપણુ કરી શકે છે. કેમ કે નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ કદીક તો એ ચીજોના બારામાં સ્પષ્ટપણે વર્ણન કરી આપ્યું અને કદીક સરખામણી, દ્રષ્ટાંત તથા ઈશારાથી કામ લીધું, જેવો સંજોગ હોય. અને તેને દરેક જમાનાના લોકો સમજતા રહ્યા. કેમ કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ખૂબ જ સમૃદ્ધ તથા સંક્ષિપ્ત વાત કરતા હતા. એટલા માટે આલિમોએ તે હદીષોની સ્પષ્ટતામાં ચિંતન તથા સંશોધન કર્યું અને જેવું પણ તેમની બુદ્ધિમાં સમાયું અને તેમની સમજમાં આવ્યું તેની તેમણે સ્પષ્ટતા કરી. દરેક જમાનાના લોકોએ પોતાના જમાનામાં જોવા મળતી ચીજો પર તે હદીષોને એકત્ર કરી અને જે કંઈ પણ તેમના યુગમાં બનાવો, પરિવર્તનો અને વિવિધ હાલતો થતી રહી તે આલિમોએ તેમાં સરખામણી કરી. જો કે તે પણ સહીહ છે પરંતુ હકીકત એ છે કે તેમાંથી મોટા ભાગની હાલતો એ છે કે જે આપણા જમાનામાં જોવા મળે છે. એટલે કે પાછલા આલિમોને તો કાંઈ ન કાંઈ અર્થઘટન કરવું પડતુ હતું, પરંતુ વર્તમાનકાળની હાલતો તથા પ્રસંગો એ દર્શાવે છે કે હદીષોમાં વર્તમાન ચીજોનું સાફ સાફ વર્ણન છે.

આ કિતાબમાં હું તે હદીષોનો ઉલ્લેખ કરી રહ્યો છું કે જેમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ વર્તમાનકાળની સ્થિતિઓ, લોકો તથા નિત નવી શોધોના બારામાં ઈશારા (નિર્દેશો) કર્યા છે. જ્યાં સુધી મારો ઈલ્મ છે તથા મારી સમજ પહોંચે એટલે સુધી અને જે પામ્યું તેને હું રજુ કરી રહ્યો છું.

અલ્લાહ તઆલા કોઈ અન્યને પણ આ તૌફીક આપે કે આના કરતાં પણ અધિક સ્પષ્ટતા કરી શકે અને તેના ખુલાસો કરી શકે. *(ક્રમશઃ)*



# ચિશ્તી બુઝુર્ગો સાથે આ'લા હઝરતની અકીદત



હપ્તો : ૦૩
✍:પટેલ શબ્બીર અલી રઝવી

## ☆ આ'લા હઝરત બારગાહે નિઝામુદ્દીન ઔલિયામાં ☆

મુસલમાનો પર આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ નાં જેવી રીતે ઘણા એહસાનો છે તેમાંનું એક એહસાન એ પણ છે કે આપે ઔલિયાએ કિરામના મકામ તથા મર્તબા અને તેમની અઝમત (મહાનતા) તથા રફઅત (ઉચ્ચતા)ની હિફાઝતના માટે ખૂબ જ જદ્દો જેહદ કરી છે. આપની અતિશય કોશિશોનું જ પરિણામ છે કે મુસલમાનોનાં દિલોમાં એ પાકીઝા સિફાત શખ્સિયતોની મહોબ્બતનો ચિરાગ રોશન છે.

હઝરત સૈયેદેના મહબૂબે ઈલાહી رضی اللہ عنہ ની બારગાહ બીમારોના માટે દારુશિફા છે, મોટા મોટા હોદ્દેદારો અને માલો દૌલતવાળા ત્યાં ન્યાઝમંદીની સાથે હાજર થાય છે અને ઈન્શાઅલ્લાહ કિયામત સુધી આ ક્રમ ચાલુ રહેશે.

ઈમામે અહલે સુન્નત આ'લા હઝરત કોઈ વલીની અઝમતો (મહાનતા)નો સ્વીકાર કિતાબોના અભ્યાસથી કર્યા કરતા ન હતા, બલ્કે પોતાની નિગાહોથી જોઈને કર્યા કરતા હતા. એટલા માટે કે આપની ખૂદની બાતિની કુવ્વત (રૂહાની શક્તિ)નો આલમ એ હતો કે જો કોઈના મુર્દા દિલ પર પોતાનો દસ્તે કરમ ફેરવી દેતા તો મુર્દા દિલ ઝિંદા થઈ જતુ. અને જો કોઈ ખુદાના વલીના પર ફૈઝનો દરવાજો બંધ થઈ જતો તો તેને ખોલવાની આપને ગુઝારિશ કરતા.

હુઝૂર સૈયેદેના મહબૂબે ઈલાહી નિઝામુદ્દીન ઔલિયા رضی اللہ عنہ ની બાઅઝમત બારગાહમાં ઈમામે અહલે સુન્નતે પણ હાજર થઈને ફૈઝ પ્રાપ્ત કર્યો છે. આપે આપના મલ્ફૂઝાત શરીફમાં હુઝૂર સૈયેદેના મહબૂબે ઈલાહીનું જે રીતે વર્ણન કર્યુ છે એનાથી હુઝૂર સૈયેદેના મહબૂબે ઈલાહીની અતિશય મહોબ્બત અને મકામ તથા મર્તબો પ્રદર્શિત થતો જોવા મળે છે. હુઝૂર સૈયેદેના મહબૂબે ઈલાહીની રોશન ઝમીરીનો ઉલ્લેખ આ'લા હઝરત આ પ્રમાણે કરે છે :–

"૧૭ મી શરીફ માહે ફાખિર રબીઉલ આખર હિ.સ. ૧૨૯૩ માં ફકીર (આ'લા હઝરત)ને એકવીસમુ વરસ હતું. આ'લા હઝરત પોતાના વાલિદે માજિદ તથા હઝરત મુહિબ્બે રસૂલ જનાબ મૌલાના મોલ્વી મુહમ્મદ અબ્દુલકાદિર સાહબ કાદરી બદાયૂની આલિયાની સાથે મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ ની બારગાહમાં હાજર થયા. હુજરા શરીફની ચારેબાજુ બાતિલ ખેલ તથા મનોરંજનની મજલિસો ગરમ હતી. શોર તથા ધમાલમાં કાન પર કોઈ વાતનો અવાજ સંભળાતો ન હતો. બંને હઝરાતે આલિયા પોતાના મુત્મઈન દિલો સાથે કબ્ર શરીફ પાસે હાજર થઈને મશ્ગૂલ થઈ ગયા. આ ફકીરે (આ'લા હઝરતે પોતે) શોરબકોરની ભીડના લીધે પરેશાની અનુભવી. દરવાઝાએ મુતહ્હરા પર ઉભા રહીને હઝરત સુલ્તાનુલ ઔલિયાથી અર્ઝ કરી કે, હે મૌલા ! ગુલામ જેના માટે હાજર થયો તેમાં આ અવાજો દખલ પાડી રહી છે. આવી અર્ઝ કરીને

**બિસ્મિલ્લાહ** કહીને જમણો પગ હુજરાના પાક દરવાજામાં રાખ્યો તો ખુદાના હુકમથી સર્વ અવાજો તરત જ અદશ્ય થઈ ગયા. મેં ગુમાન કર્યું કે આ લોકો ખામોશ થઈ ગયા છે. પાછળ ફરીને જોયું તો એ જ બજાર ગરમ હતું, અંદર રાખેલો કદમ બહાર કાઢયો તો ફરી તે જ અવાજો ને જોશ જોવા મળ્યો. ફરી **બિસ્મિલ્લાહ** કહીને જમણો પગ અંદર મૂક્યો તો ફરી એ જ પ્રમાણે શાંતિ જણાઈ (કાન પર કાંઈ ન સંભળાતુ હતુ). હવે જણાયું કે આ મૌલાનો કરમ અને હઝરત સુલ્તાનુલ ઔલિયાની કરામત તથા આ નાચીઝ બંદા પર રહમત તથા મદદ છે. અલ્લાહનો શુક્ર અદા કર્યો અને મવાજહે આલિયામાં મશ્ગૂલ થઈ ગયો, ત્યાં કોઈ અવાજ ન સંભળાયો. પણ જેવો બહાર આવ્યો તો ફરી એ જ હાલ હતો કે ખાનકાહની બહાર કિયામગાહ સુધી પહોંચવું મુશ્કેલ થયું. ફકીરે (આ'લા હઝરતે) આ પોતાના પર ગુઝરેલી ગુઝારિશ રજુ કરી, કેમ કે પ્રથમ તો એ અલ્લાહની નેઅમત હતી અને રબ તઆલા ફર્માવે છે : **(અર્થ)** "તમારા રબની એ નેઅમતોને લોકોમાં ખૂબ વર્ણન કરો." તેમ જ બીજું એમાં ઔલિયા કિરામના ગુલામો માટે ખુશખબરી તથા મુન્કિરો માટે બલા તથા અફસોસ છે. ઈલાહી ! સદકો તારા મહબૂબ બંદાઓનો કે અમને દુનિયા તથા આખેરત, કબ્ર તથા હશ્રમાં તારા મહબૂબોની અતિશય બરકતોથી અમને માલામાલ કરે !.. *(મલ્ફૂઝાત શરીફ, પેજ-૪૧૫, ૪૧૬)*

દોસ્તો ! વાંચો ! આ આ'લા હઝરતે વર્ણન કર્યું છે ! અને જેમના દિલમાં આ'લા હઝરત પ્રત્યે કીનો છે તેવા બીમાર દિલોને બતાવો ! કે **અકીદત શીખવી હોય બુઝુર્ગોની તો આ'લા હઝરતના દરના પ્રથમ ગુલામ બનો !** પણ તમારી ગંદી ઝબાનને આ'લા હઝરતની વિરૂધ્ધ ચલાવતાં લાખવાર વિચારો કે તમે કેટલો ભયાનક જુર્મ કરી રહ્યા છો !

એક જગાએ મલ્ફૂઝાત શરીફમાં આ'લા હઝરતે સૈયેદના મહબૂબે ઈલાહી رضی اللہ عنہ તથા હઝરત ઈમામ યૂસુફ رضی اللہ عنہ ના ઝોહદ તથા કરામત તથા ફિકહી બસીરત, મકામ તથા મર્તબામાં ફર્ક અને મુલ્લા અલી કારી رحمۃ اللہ علیہ ના વાંધાનો જવાબ આપતાં લખ્યું છે :–

હઝરત મહબૂબે ઈલાહી رضی اللہ عنہ નો લકબ ઝરબખ્શ છે. હઝરતની બખ્શિશની એ હાલત હતી કે બાદશાહને ત્યાંથી મોટા મોટા કિંમતી જવેરાત ભરેલા થાળો લાવીને રાખવામાં આવ્યા. એક જણ હાજર હતો તેણે અર્ઝ કરી, આ તમારા માટે તોહફો છે.

તો આપે ઈર્શાદ ફર્માવ્યો આ એકલા મારા માટે જ નથી ! આવું કહીને સૌ તેને આપી દીધું.

હઝરત ઈમામ યૂસુફ رضی اللہ عنہ ની પાસે હારૂન રશીદે રૂપિયા અશ્રફીઓના થાળ મોકલ્યા. એક જણે અર્ઝ કરી, આ તોહફા તમારા સૌના માટે છે. ઈર્શાદ ફર્માવ્યો, આ ફળોની જેમ છે કે જે હદિયો પેશ કરવામાં આવે તે તમામ હાજરનોમાં બરાબર રીતે વહેંચાતો હોય છે. એના સિવાય અન્ય ચીજોનો હુકમ નથી. આ બંને બનાવોને લખીને મુલ્લા અલી કારી علیہ رحمۃ الباری એ વાંધો ઉઠાવ્યો કે બંને જવાબો આપસમાં મેળ ખાતા નથી. મેં તેના હાશિયા પર એ જવાબ લખ્યો કે ઈમામ યૂસુફ رحمۃ اللہ علیہ મકામે તશ્રીહમાં હતા, તેમના એક એક કાર્યો તથા કથનો તથા હાલતોથી એટલે સુધી કે તેમના એક એક દેખાવ પરથી દલીલો કરવામાં આવે છે અને આ મકામે તબતીલમાં હતા, આમનો મર્તબો એમના મર્તબાથી અલગ છે. અહીં ગૈરથી તદ્દન કટ થવું છે, એથી ઉલ્ટુ તેમનો એક ફેઅલ બલ્કે તેમની એક પોશિશ (છુપાવવું) સુદ્ધાં દલીલ હોય છે. તેમની તમામ હાલતો મન્કૂલ હોય છે. એકવાર આપ યૌમે શકમાં એટલે જે દિવસે શક હોય કે તે રમઝાનની પહેલી છે કે શા'બાનની ત્રીસમી છે, આપ બપોર પછી બજારમાં તશરીફ લાવ્યા અને ફર્માવ્યું કે રોઝો ખોલી નાખો. તે વખતનો આપનો દેખાવ નકલ થયેલ છે કે કાળા ઘોડા પર સવાર હતા, કાળો લિબાસ પહેરલ હતા, કાળો અમામો બાંધેલ હતો, મતલબ કે દાઢી

મુબારક સિવાય કોઈ ચીજ સફેદ ન હતી. એના પર ક્યાસ કાઢવામાં આવ્યો કે કપડાં કાળા રંગનો પહેરવો જાઈઝ છે. એક જણે સવાલ કર્યો કે તમારો રોઝો છે કે નથી ? ચુપકીદીથી કાનમાં કહ્યું, હું રોઝાથી છું. એનાથી એ મસ્અલો નીકળ્યો કે મુફતી ખૂદ શકના દિવસે રોઝો રાખે અને અવામને ન રાખવાનો હુકમ આપે. સારાંશ કે આપે બંને સાહબોના મર્તબામાં તફાવત નથી કર્યો. કેમ કે તેમણે કહ્યું કે બંને કથનોમાં કેટલો ફરક છે પરંતુ બંને મર્તબાઓમાં પણ તો કેટલો ફરક છે ........" *(મલ્ફૂઝાત શરીફ, પેજ–૪૧૫, ૪૧૬)*

ઈમામે અહલે સુન્નતની એ ખૂબી હતી કે અસ્લાફની (પૂર્વજ બુઝુર્ગોની) અદબની જાળવણી કોઈ પળે હાથથી જવા દેતા ન હતા અને જે મસ્અલાની તેહકીક કરે છે તેના દરેક પાસાને સ્પષ્ટ કરી દે છે જેનાથી વાંચક દરેક રીતે મુત્મઈન થઈ જાય છે. આપે અસ્લાફના અદબ તથા એહતેરામની જે સમજ જાગૃત કરી છે તેની અસરો આજે દરેક ઠેકાણે જોવા મળે છે. **પૂરા વિ□ાસની સાથે કહી શકાય છે કે જો આપની જાત ન હોત તો કોઈ ખાનકાહ ગુસ્તાખ તથા બદ્ઝબાનોની બુરાઈથી મેહફૂઝ ન રહેત.**

*નજદિયત દારો રસન પર દેખીયે મસ્લૂબ હૈ*
*હમકો બસ નક્શે શહે અહમદ રઝા મત્લૂબ હૈ*

એક સાહિબે વિલાયતે હઝરત મહબૂબે ઈલાહી قدس سرہ ની બારગાહમાં દૂર દરાઝથી હાજરીનો ઈરાદો કર્યો. માર્ગમાં જેનાથી પણ મહબૂબે ઈલાહીના વિશે પૂછતા તે આપની તારીફ જ કરતો. તો તે બુઝુર્ગે પોતાના દિલમાં વિચાર્યું કે મારી મહેનત બેકાર થઈ ગઈ ! કેમ કે તેઓ **જો હક્ક ગો (સત્ય કહેનારા) હોત તો લોકો જરૂર તેમનુ બુરુ બોલતા હોત.** જ્યારે દિલ્હી નજીક આવ્યું તો તેમણે લોકોને આપના વિશે પૂછયું તો હવે બુરાઈઓ સાંભળવા મળી ! કોઈ કહેતું કે દિલ્હીનો મક્કાર (ધોકાબાઝ) છે ! તો કોઈ કાંઈ કહેતું ! તેમણે કહ્યું કે અલ્હમ્દુલિલ્લાહ ! મહેનત વસૂલ થઈ !....." *(મલ્ફૂઝાત શરીફ, પેજ–૨૦૪)*

**આવો ! વધુ એક પ્રસંગ જોઈ લો ! :** ત્રણ કલંદર હઝરત નિઝામુદ્દીન મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ ની બારગાહમાં આવ્યા અને એમણે ભોજનની માંગણી કરી. હઝરતે તરત જ ખાદિમોને ભોજન લઈ આવવાનો આદેશ આપ્યો અને તેઓએ જે કાંઈ હાજર હતું તે તેમની સામે મૂક્યું. કલંદરોમાંથી એક જણે તે ભોજન ઉપાડીને ફેંકી દીધું અને કહ્યું કે સારું ભોજન લાવો. હઝરતે તેના અસભ્ય વર્તન તરફ ધ્યાન ન આપતાં ખાદિમોને તેના કરતાં વધારે સારુ ખાણું લાવવાની આજ્ઞા આપી. પરિણામે ખાદિમ પહેલાં કરતાં વધારે સારુ ખાણું લાવ્યો. પેલા કલંદરે પાછું તે ફેંકી દીધું અને તેના કરતાં સારુ ખાણું માંગ્યું. હઝરતે તેના કરતાં પણ વધારે સારુ ખાણું પીરસવાનો હુકમ કર્યો અને ખાદિમે તેની સમક્ષ પહેલાં કરતાં પણ ચઢિયાતું ખાણું મૂક્યું પરંતુ કલંદરે તે પાછું ઉપાડીને ફેંકી દીધું અને તેના કરતાં પણ ચઢિયાતા ખાણાની માંગણી કરી. અંતે હઝરતે પેલા કલંદરને પોતાની પાસે બોલવીને તેના કાનમાં ઈર્શાદ ફર્માવ્યો કે તમે માર્ગમાં મરી ગયેલા બળદનું જે માંસ ખાધું હતું તેના કરતાં તો આ ખાણું સારુ હતું. આ સાંભળીને પેલા કલંદરની હાલત બદલાઈ ગઈ. હકીકતમાં તેઓ ત્રણેય લાંઘણો ખેંચ્યા પછી રસ્તામાં એક મરેલો બળદ પડયો હતો જેમાં કીડા પડી ગયા હતા તેનું માસ ખાઈને આવ્યા હતા. હા, તો પેલો કલંદર આપના કદમોમાં પડી ગયો. હઝરતે તેને ઉભો કરીને પોતાના સીનાથી લગાડી લીધો અને જે કાંઈ તેને અર્પણ કરવાનું હતું તે અર્પણ કરી દીધું. *(મલ્ફૂઝાતે આ'લા હઝરત, ભાગ–૧, પેજ–૧૨)*

હઝરત મહબૂબે ઈલાહી رضی اللہ عنہ સાથે ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ ને જે લગાવ તથા હુસ્ને અકીદત તથા અત્યંત મહોબ્બત હતી તે લખાણની લીટી લીટીએથી છલકાઈ રહી છે અને તેમ છતાં હસદખોરો તથા વિરોધીઓ કોઈ અણછાજતા શબ્દો બોલે તો તેમણે પોતાની આખેરતની ફિકર કરવી

*(વધુ પેજ નં. : ૧૩ પર...... )*

# ફિત્નો મસ્અલો અને ઈમામ અહમદ રઝા

**હપ્તો : ૦૩**

★ **લેખક** ★
ફકીહે આ'ઝમે હિંદ, શારેહે બુખારી હઝરત અલ્લામા મુફતી શરીફુલ્ હક્ક رحمۃ اللہ علیہ
★ **અનુવાદક** ★
અલ્હાજ હાફેઝ મૂસા ઝંઘારવી *(પ્રેસ્ટન, યુ.કે.)*

## ★ સહાબાએ કિરામનો અમલ ★

હઝરત અલી શેરે ખુદા كرم الله تعالى وجهه الكريم ના સમયમાં ખારજીઓ પેદા થયા, જેમણે હઝરત અલી كرم الله تعالى وجهه الكريم ને એટલા જ કારણે મુશ્રિક કહ્યા કે એમણે સિફ્ફીનની લડાઈમાં તહકીમ કબૂલ કરી લીધી અર્થાત સુલેહપંચને માની લીધું. કે બંનેવ પોત પોતાના પક્ષમાંથી એક એક માણસને પોતાનો હકમ (સુલેહ માટેનો લીડર) બનાવી લે અને તેઓ જે ફેંસલો કરે તે બંનેવ પક્ષે કબૂલ કરી લેવો.

ખારજીઓએ આના વિરૂધ્ધ કુર્આને કરીમથી દલીલ રજુ કરી કે **ઈનિલહુકમુ ઈલ્લા લિલ્લાહ.** હઝરત અલી رضی اللہ عنہ એ એમના વિરૂધ્ધ જેહાદ કરી એમને કત્લ કર્યા, ત્યાં સુધી કે તેઓ જમીન પરથી મરી ફીટે. લડાઈના અંતે આપે પોતાના સાથી સહાબાઓને ફર્માવ્યું, નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના ફર્માન મુજબ તમે જમીન ઉપરથી બદ્તરીન (સૌથી ખરાબ) મખ્લૂકને (ખારાજીઓને) કત્લ કરી છે.

આપના સમયમાં એવા લોકો પણ થયા કે જેમણે આપને (હઝરત અલીને) ખુદા કહ્યા. હઝરતે એવા લોકોને હુકમ આપ્યો કે એમને પકડી પકડીને આગમાં સળગાવી દેવામાં આવે. અને તે જ પ્રમાણે અમલ પણ થયો.

## ★ તાબેઈને કિરામનો અમલ ★

તાબેઈને કિરામના સમયકાળમાં ખારજીઓ અને મોઅતઝલા ફિર્કાના લોકો પેદા થયા, જેમાં ખારજીઓએ ઘણી મજબૂતી પક્ડી લીધી હતી. તેમની સાથે તાબેઈન હઝરાતે વારંવાર જેહાદ કરવી પડી અને એમની ગુમરાહ વાતોના જવાબો આપી રદિયો આપ્યો.

મુજતહિદ ઈમામોના સમયમાં બીજા પણ કેટલાક ગુમરાહ ફિર્કાઓએ જન્મ લીધો (જેમ કે, કદરિયા, જહમિયહ્ વગેરે...) તો એઓનો પણ ખૂબ ખૂબ રદિયો કરવામાં આવ્યો.

જ્યારે બાદશાહ મા'મૂન રશીદના સમયમાં મોઅતઝલાએ માથું ઉચક્યું તો તમામ મોહદ્દિષો અને ફુકહાએ કિરામે મળીને પોતાની ઈલ્મી તાકાતથી ખૂબ જ જદ્દો જેહાદ કરી, એના કિલ્લાને ભસ્મીભૂત કર્યો.

રાફઝીઓ (શીઆ) બીજી સદી હિજરીમાં જ પેદા થઈ ચૂક્યા હતા પરંતુ તે વખતે એમની પાસે ન એમની પોતાની કોઈ પાર્ટી કે નક્કી થએલી સંસ્થા હતી કે ન તો એમના અકીદાઓનું કાયદેસરનું બંધારણ હતું, પરંતુ જ્યારે પણ કોઈ બુઝર્ગને એમના ગુમરાહ અકીદાની ખબર પડતી તો તેઓ તેનો જોરદાર રદ ફર્માવતા.

હઝરત ઝૈદ શહીદ رضی اللہ عنہ ની દુશ્મનો સાથે લડાઈ થઈ તે વખતે એમના લશ્કરમાંથી રાફઝીઓએ માંગણી કરી કે હઝરતે શૈખયન (હઝરત અબૂબક્ર અને હઝરત ઉમર رضی اللہ تعالیٰ عنہما ) પર તબર્રા (ગાળો ભાંડવી) કરવામાં આવે, તો આપે એ લોકોને ઈન્કાર કરી દીધો એટલું જ નહીં સાથે જ પોતાના લશ્કરમાંથી કાઢી મૂક્યા, અને ફર્માવ્યું, એમણે અમોને છોડી દીધા (અકીદામાં) તો અમે પણ એમને કાઢી મૂક્યા. પછી જ્યારે રાફઝીઓ એક મજબૂત ફિર્કારૂપે બની ગયા તો ઉલમાએ કિરામે એમનો સંપૂર્ણપણે વિનાશ નોતરતો રદ કર્યો.

આપણા દેશમાં (હિંદુસ્તાનમાં) મેહદવી ફિર્કો નીકળ્યો તો ઉલમાએ કિરામ ચૂપકીદી સાધી બેસી નથી રહ્યા બલ્કે એના નાશ માટે બને તેટલી વધુ કોશિશો કરી રદ કરતા રહ્યા છે.

સારાંશ કે ઈસ્લામી ઈતિહાસ આ વાતની સાક્ષી પૂરે છે કે જ્યારે જ્યારે પણ ઈસ્લામના સર્વમાન્ય અકીદાઓની વિરૂદ્ધ અકીદો લઈ કોઈ પણ કલમો પઢનાર ઉભો થયો તો તેને ઉલમાએ છોડયો નથી, અને તે કેવી રીતે ચૂપકીદી સાધી છોડી શકે ! હુઝૂર આકાએ કાઈનાત صلی اللہ تعالیٰ علیہ وسلم નું ફર્માન છે કે, જ્યારે ફિત્ના અને ગુમરાહીઓ, બિદઅતો જાહેર થાય અને તે સમયે આલિમ પોતાનો ઈલ્મ જાહેર ન કરે તો તેવા આલિમ ઉપર અલ્લાહ તેના ફરિશ્તા અને તમામ મખ્લૂકની લા'નત છે."

ઉપરોક્ત વિસ્તૃત ચર્ચાને અંતે સાબિત થઈ ચૂક્યું કે, કોઈપણ વ્યક્તિ પછી તે પોતાની જાતને કલમો પઢી મુસલમાન જાહેર કરનાર હોય પરંતુ તે સવાદે આ'ઝમ અહલે સુન્નત (અહલે ઈસ્લામ)ની વિરૂધ્ધ કોઈપણ અકીદો કે માન્યતા ફેલાવવાની કોશિશ કરે તો જવાબદાર ઉલમા, મશાઈખ અને મુફતી સાહેબો પર ફર્ઝ છે કે તેઓ પોતપોતાની ઈલ્મી શક્તિ મુજબ બને તેટલો વધુ રદિયો કરી તેના જૂઠા અકીદા અને માન્યતાને જૂઠ સાબિત કરી, શરીઅત મુજબ તેના ઉપર જે હુકમ લાગુ પડતો હોય તેનો ફેંસલો જાહેર કરે.

## ★ આવો ! હવે મૂળ મુદ્દા પર ! ★

મુજદ્દિદે આ'ઝમ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એ જે લોકોને કાફિર કહ્યા, તે ઉપરોક્ત વર્ણન મુજબ અલ્લાહ તઆલા અને તેના પ્યારા મહબૂબ રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ની સુન્નત તેમજ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી લઈને આજ સુધીના તમામ ઉલ્માએ અહલે સુન્નતની તાબેદારીમાં અને પ્રણાલિકા અનુસાર જ કર્યું છે.

હવે આપણે ફક્ત જોવાનું એ રહ્યું કે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એ જે લોકોને કાફિર કહ્યા છે તેમનાથી ખરેખર કોઈ કુફ્ર થયું છે કે નહીં ? અને એ કુફ્રિયા બાબત (લખવા, બોલવા કે અમલ કરવામાં) તેઓ ગુનેહગાર છે કે નહીં ? આ વિષયમાં ચાર નામો ખાસ ચર્ચાને લાયક ઠરે છે : **(૧)** મૌલાના રશીદ અહમદ ગંગોહી **(૨)** મૌલાના કાસિમ નાનોત્વી **(૩)** ખલીલ અહમદ અંબેઠવી **(૪)** મૌલાના અશરફ અલી થાનવી. આ વિશે અમે ન્યાયી તપાસ કરીએ તે પહેલાં એ સ્પષ્ટ રીતે બતાવી આપીએ કે આ મૌલાનાઓનો સંબંધ કયા ગૃપ સાથે હતો ? આ ચારેય વ્યક્તિઓ મૌલાના ઈસ્માઈલ દહેલ્વીના અનુયાયીઓ અને એમની કિતાબ તકવિયતુલ ઈમાન, સિરાતે મુસ્તકીમ, રિસાલા યકરોઝી, ઈજાહુલ હક્ક વગેરે.... પ્રમાણે અકીદા અને અમલ કરનાર હતી. આ ચારેવમાં એમનામાં સૌથી વધુ પ્રિય તથા મોભદાર ગણાતા મૌલાના રશીદ અહમદ ગંગોહીએ પોતાના ફતાવામાં મૌલાના ઈસ્માઈલ દહેલ્વીની કિતાબ તકવિયતુલ ઈમાન માટે લખ્યું છે કે;

"તકવિયતુલ ઈમાન ઘણી જ સારી કિતાબ છે, એને રાખવી, પઢવી અને એના ઉપર અમલ કરવો અયન ઈસ્લામ છે." *(ફતાવા રશીદિયહ, કરાંચી પ્રેસની છપાઈ, પેજ–૪૧)*

આ મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વી તે જ છે જેમણે પોતે તકવિયતુલ ઈમાન કિતાબ લખી તો તે સમયના દિલ્હીના બધા જ ઉલમાએ અહલે સુન્નતે એકમતે તેનો રદ લખ્યો, અને તેમને કાફિર કહ્યા જેની વિગત ઉલમાના પણ ઉસ્તાદ હઝરત અલ્લામા ફઝલે હક્ક ખૈરાબાદી رحمۃ اللہ علیہ ની કિતાબ "તહકીકુલ ફતાવા બ ઈબ્તાલુત્તગ્વા"માં વર્ણવેલ છે, જેની સચ્ચાઈ ઉપર તે સમયના દિલ્હીના સર્વ મહાન ઉલ્માએ કિરામે પોત પોતાની મહોર (સહી) લગાવી છે. કિતાબ તકવિયતુલ ઈમાનના વિરૂધ્ધ એમના જ ખાનદાનના બલ્કે એમના કાકાના દિકરા (પિત્રાઈભાઈ) મૌલાના મુહમ્મદ મૂસા અને મૌલાના મખ્સૂસુલ્લાહે "મોઈદુલ ઈમાન" નામની કિતાબ લખી. આ સિવાય દેશના ખૂણે ખૂણેથી તકવિયતુલ ઈમાનની વિરૂધ્ધ લખાણો લખી વિરોધ જાહેર કરવામાં આવ્યો. મૌલ્વી ઈસ્માઈલના મૃત્યુ પછી એમના અનુયાયીઓએ એમના સમર્થનમાં જે કિતાબો લખી તેના પણ ઉલ્માએ સતત વિરોધ દર્શાવી જવાબોમાં કિતાબો લખતા રહ્યા છે. જેનો એક દસ્તાવેજી પુરાવો હાજી

ઈમ્દાદુલ્લાહ મુહાજિરે મક્કીની કિતાબ 'ફૈસલા હફત મસાઈલ'' છે, અને એમના મુરીદ, ખલીફા મૌલાના અબ્દુસ્સમીઅ રામપુરી સાહેબની કિતાબ ''અન્વારે સાતેઅહ'' છે.

મુજદ્દિદે આ'ઝમ હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ જયારે દીનના માર્ગદર્શન અને હિદાયતની ગાદી ઉપર બિરાજમાન થયા તે વળા દેશનું દીની વાતાવરણ એવું હતું કે મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વીના અનુયાયી મૌલ્વી કાસિમ નાનોત્વીની કિતાબ ''તહઝીરુન્નાસ''ના વિરૂધ્ધમાં આખાય દેશમાં આગ લાગેલી હતી. જેની વિગત આગળ આવી રહી છે.

એ જ મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વીના મઝહબને ફેલાવનાર મૌલ્વી રશીદ અહમદ ગંગોહી અને મૌલાના ખલીલ અહમદ અંબેઠવીની કિતાબ ''બરાહીને કાતેઅહ્''એ પણ દેશમાં ગુસ્સાની આગ ભડકાવેલી હતી. જેના પરિણામે ભોપાળ રાજયમાં (હિ. ૧૩૦૬) ભાવલપુર મુકામે કિતાબના લેખક મૌલ્વી અંબેઠવી અને મૌલાના ગુલામ દસ્તગીર કસૂરીની વચ્ચે એક અગત્યનો ઐતિહાસિક મુનાઝિરો થયો, જે મુનાઝિરાના ફૈંસલો આપનાર જજે મૌલાના ખલીલ અહમદ અંબેઠવીની વિરૂધ્ધ પોતાનું જજમેન્ટ (ફૈંસલો) આપ્યું.

જયારે મુજદ્દિદે આ'ઝમ હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ''તહઝીરુન્નાસ'' અને ''બરાહીને કાતિઅહ''ની તે ઈબારતો (લખાણો)થી કે જેમાં જરૂરિયાતે દીનનો ઈન્કાર અને સરદારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની તૌહીન હતી વાકેફ થયા તે તે કઈ રીતે શક્ય હતું કે આપ તેનાથી જાણકાર થયા પછી પણ ચૂપ રહી શકે ! આપે પ્રથમ એ લોકોના રદમાં ''જઝાઉલ્લાહુ અદુવ્વહુ'', ''સુબ્હાનસ્સુબુહ'' વગેરે કિતાબો લખી પરંતુ એ લોકોએ એનો કોઈ જ જવાબ ન આપ્યો, ન તો એ કુફ્રી ઈબારતથી તૌબા કરી, ન તો ઈબારતો પાછી ખેંચી. એટલે પછી આ'લા હઝરતે હિ.સ.૧૩૨૦ માં એ કુફ્રી લખાણોને કારણે એમને કાફિર ઠરાવ્યા. આ'લા હઝરતે એમને કુફ્રનો ફત્વો આપ્યો તે બરાબર છે કે નહીં ! આવો અને અકીદાઓની રોશન કસોટી પર પરખ કરો.

હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم અને સહાબાએ કિરામે તેમજ ઉલમાએ સલફ એટલે પહેલાંના ઉલમા અને ઉલમાએ ખલફ અર્થાત આ સમયના ઉલમાએ કિરામ તમામે ખાતેમુન્નબીય્યીનનો અર્થ નબીઓમાં સૌથી છેલ્લા નબી બતાવ્યો છે. એટલે કે હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلمની જાહેરી જિંદગીના સમયમાં કે તે પછી કયામત સુધી કોઈને પણ નબુવ્વતનો દરજ્જો નથી મળી શકતો, અને કોઈ નબી થવો શક્ય જ નથી. અને તે શર્તની સાથે કે એમાં કોઈ અર્થઘટનને કે તખસીસ (ખાસપણા)ને સ્થાન જ નથી. સ્પષ્ટ રીતે ફર્માવવામાં આવ્યું છે કે, જો કોઈ આ બાબત કોઈ તા'વીલ (અર્થઘટન) કરે તખસીસ (ખાસપણું) કરે તો તે પણ કાફિર છે. જેના વિષયમાં હદીષોમાં, ઉલમાએ કિરામ, ફુકહએ કિરામ, મોહદ્દિષીને કિરામના ફર્માનોથી કિતાબ ભરી છે. જેને આ વિષયમાં વધુ જાણકારી મેળવવી હોય તેણે મુજદ્દિદે આ'ઝમ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ની કિતાબ 'જઝાઉલ્લાહુ અદુવ્વહુ'નો અભ્યાસ કરવો. જેમાં ૧૩૦ (એકસો ત્રીસ) હદીષો અને ૩૦ (ત્રીસ) ઉલમાએ કિરામના ફર્માનોથી સાબિત કરેલ છે કે ખાતિમુન્નબીય્યીનનો અર્થ ''આખરી નબી'' એવો સ્પષ્ટ, ચોક્કસ, યકીની અને મશહૂર છે કે અગર સામાન્ય પબ્લિકના માણસના પણ પૂછવામાં આવે કે ખાતિમુન્નબીય્યીનનો અર્થ શો છે તો તેમણે જરૂર તરત જ કહેશે ''છેલ્લા નબી'' આ બાબત જરા પણ શંકાને સ્થાન જ નથી. એટલા જ કારણે એ ઈસ્લામના જરૂરી અકીદાઓમાંથી છે.

**(૧)** હઝરત ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ શિફા શરીફમાં ફર્માવે છે :–

**અર્થાત** : ''નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ખબર આપી છે તેઓ પોતે ખાતેમુન્નબીય્યીન છે, અને એ પણ ખબર આપી કે અલ્લાહ તઆલાએ એમને ખાતેમુન્નબી બનાવ્યા અને તમામ મખ્લૂકના રસૂલ

બનાવ્યા, આ વાત પર ઉમ્મતનો ઈજમાઅ (સર્વસંમતિ) છે. આ કથન (ખાતેમુન્નબી) પોતાના જાહેરી અર્થ ઉપર જ આધારિત છે. એટલે આખરી નબી હોવું એ જ અર્થ છે જેમાં કોઈપણ તા'વીલ (અર્થઘટન) કે બીજા કોઈ પણ મતલબને સ્થાન નથી. એટલે ઉપરોક્ત જણાવેલ તે લોકો કે **જેઓ ખાતેમુન્નબીય્યીનના અર્થમાં તા'વીલો કરી જાહેરી અર્થને માનતા નથી તેઓના કાફિર હોવામાં કોઈ શંકાને સ્થાન નથી."** *(શિફા શરીફ, ભાગ–૨, પેજ–૨૫૦)*

**(૨)** શિફા શરીફની ઉપરોક્ત ઈબારતને મુફતી મુહમ્મદ શફીઅ મુફતીએ દેવંબદે પણ પોતાની કિતાબ " ખત્મે નબુવ્વત ફિલ અષાર"માં કાદિયાનીઓના વિરૂધ્ધ એક સનદ (પ્રુફ) રૂપે રજુ કરી છે.

**(૩)** હુજજતુલ ઈસ્લામ ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ કિતાબુલ ઈકતેસારમાં ફર્માવે છે, "એમાં શંકા નથી કે પૂરી ઉમ્મતે ખાતેમુન્નબીય્યીન"થી એ જ સમજ્યું છે કે એનો મતલબ એ જ છે કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم છેલ્લા નબી છે, આપના પછી કયામત સુધી કદી પણ ન કોઈ નબી થશે ન કોઈ રસૂલ. વળી આ બાબત બીજ કોઈ અર્થઘટન થઈ શકતું જ નથી અને જે કોઈ કરે તો તેના દિમાગની બકવાસ કહી શકાય. **એવાઓને કાફિર કહેવામાં કોઈ ચીજ રોકી શકતી નથી કારણ કે એ કુર્આનની સ્પષ્ટ આયતને જૂઠાડી રહ્યા છે** જેને પૂરી ઉમ્મતે સર્વસંમતિથી માન્ય રાખી છે કે એમાં કોઈ જ તા'વીલને સ્થાન નથી.

**(૪)** અલ્લામા અબ્દુલગની નાબેલ્સી શર્હે ફવાઈદમાં લખે છે કે, તત્વજ્ઞાનીઓનું એમ કહેવું કે નબુવ્વત કસબ એટલે કે મેહનતથી મળી શકે છે એ એટલું સ્પષ્ટ જૂઠ છે કે એને સમજાવવાની જરૂરત જ નથી અને કેમ જૂઠ ન હોય કારણ કે એનો મતલબ થાય કે આપણા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાથે અથવા એમના પછી બીજા નબીનું હોવું શક્ય છે. તો આવી વાતથી કુર્આનની આયતને જૂઠાડે છે.

એટલા માટે જ કુર્આને કરીમે આની ઉપર સ્પષ્ટ નક્કર દલીલ કાયમ કરી દીધી કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم છેલ્લા નબી અને છેલ્લા જ રસૂલ છે. અને હદીષમાં છે કે "હું સૌ નબીયોમાં છેલ્લો નબી છું અને મારા પછી કોઈ જ નબી નથી." ઉમ્મતે આ બાબત અકીમતે સર્વસંમતિ સાધી કે આ કથન પોતાના જાહેરી અર્થમાં બાકી છે. અને આ તે મસ્અલાઓમાંથી છે કે જેના કારણે તત્વજ્ઞાનીઓને (ફિલોસોફરોને) કાફિર કહેવામાં આવ્યા છે, અલ્લાહ તઆલા એમના ઉપર લા'નત મોકલે.

**(अ)** વાંચકો ! વિચાર કરો કે આ ત્રણેવ લખાણોથી સ્પષ્ટ થયું કે પૂરી ઉમ્મતનો એના ઉપર ચોક્કસ જરા પણ શંકા વિના ઈજમાઅ (એકમતી) છે કે **ખાતેમુન્નબીય્યીન** અને **લા નબીય્ય બાઅદી**નો ફક્ત અને ફક્ત એ જ અર્થ છે કે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم છેલ્લા નબી જ છે, છેલ્લા જ રસૂલ છે, હુઝૂરના સમયમાં કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પછી કોઈ બીજા નબી બનીને આવવાને જાઈઝ માનવાવાળો કાફિર છે. પછી ભલે તે નબી બિલ અર્ઝ માને, ઝિલ્લી, બરુઝી (અવતાર) નબી માને, ગમે તે રીતે માને પણ તે કાફિર છે.

**(ब)** હુઝૂરના સમયમાં કે તે પછી કોઈ નબી માનવાને શક્ય માનવું ખાતિમિય્યતે મુહમ્મદીના વિરોધમાં છે અને કુર્આનને જૂઠાડવા સમાન છે.

**(क)** એટલા માટે એમ કહેવું કે હુઝૂરના સમયમાં અથવા હુઝૂરના પછી કોઈ અન્ય નબી પેદા થાય તો પણ આપનું છેલ્લા નબી હોવું હેમખેમ રહે છે ! અને એનાથી ખાતમિય્યતે મુહમ્મદીમાં કશો ફરક પડશે નહીં !

**આવુ માનવું કુર્આનને જૂઠુ ઠરાવવાને કારણે કુફ્ર છે અને એવું કહેનાર, માનનાર કાફિર છે.**

**(ड)** આ લખાણો એ બતાવી દીધું કે ઉમ્મતની એ બાબતે પણ એકમતી છે, આ વાતમાં કોઈપણ પ્રકારના અર્થઘટનની જરા પણ ગુંજાઈશ નથી. બલ્કે અર્થઘટન કરનાર કાફિર છે. એટલા માટે એવું કહેવું કે ખાતેમુન્નબીય્યીનનો અર્થ નબી બિઝ્ઝાત (સ્વયં પોતે નબી) છે, જરૂર જરૂર કુફ્ર છે, અને એવું કહેનાર કાફિર છે. *(ક્રમશઃ)*

بجاہ حبیبہ رحمۃ للعالمین سید
المرسلین صلی اللہ تعالیٰ علیہ وعلیٰ آلہ
واصحابہ اجمعین۔

# બુરી નજરથી બચો!

હપ્તો : ૦૨

★ લેખક ★
ફકીહે અસ્ર અલ્હાજ મૌલાના મુફતી મુહમ્મદ અમીન સાહબ ફૈસલાબાદી
★ અનુવાદક ★
જનાબ મૌલાના મોહસિન મક્કી મિસ્બાહી (સેગવા)

### ★ હદીષ નં. : ૧૫ ★

સૈયેદેના અબૂ ઉમામહ સહાબી رضی اللہ عنہ થી રિવાયત છે :–

سمعت رسول اللہ صلی اللہ علیہ وسلم یقول
اکفلوالی ستا اکفل لکم بالجنۃ اذا حدث
احدکم فلا یکذب واذا ائتمن فلا تخن
واذا وعد فلا یخلف وغضوا ابصارکم
وکفوا ایدکم واحفظوا فروجکم۔

અલ્લાહના પ્યારા રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, હે મારી ઉમ્મત! તમે મારા માટે છ (૬) વસ્તુઓ (કાર્યો)ની ઝમાનત (વાયદો) લો, તો હું તમારા માટે જન્નતની ઝમાનત (વાયદો) આપું છું :–

૧. જ્યારે તમારામાંથી કોઈ બોલે તો જૂઠ ન બોલે.
૨. જ્યારે તમારા પાસે અમાનત રાખવામાં આવે તો ખયાનત ન કરે.
૩. જ્યારે તમારામાંથી કોઈ વાયદો કરે તો તે વાયદાની વિરૂધ્ધ ન કરે.
૪. તમે પોતાની નજરોને નીચી રાખો.
૫. પોતાના બંનેવ હાથોને રોકો.
૬. પોતાની શરમગાહ (ગુપ્તાંગ)ની હિફાઝત કરો.

**અપીલ :** મુસલમાન ભાઈઓ તથા બહેનોથી અપીલ છે કે વિચારો !! શું આપણને અલ્લાહ તઆલાએ બેકાર પેદા કર્યા છે ?! શું આપણાથી હિસાબ લેવામાં નહીં આવે ? રબ ફર્માવે છે :
افحسبتم انما خلقنا کم عبثا وانکم الینا لا توجعون۔
શું તમે ધારો છો મેં તમોને બેફાયદા (બેકાર) પેદા કર્યા છે ? શું તમે મારા દરબારમાં પાછા નહીં આવો ?!

તેમજ ફર્માવ્યું જમીન આસમાનના પેદા કરનારે કે :–

ان السمع والبصر والفواد کل اولئک
کان عنہ مسئولا۔

**તર્જુમા :** ખરેખર કાનના વિશે પણ સવાલ થશે અને આંખના વિશે પણ સવાલ થશે અને દિલના વિશે પણ સવાલ થશે.

હે મુસલમાન ! વિચાર કર ! શું આંખના નાજાઈઝ હરામ જોવા વિશે સવાલ ન થશે ? જરૂર થશે ! કુર્આનનો ફૈસલો અટલ છે. અલ્લાહ આપણને ગફલતની ઉંઘથી જગાડે.

بجاہ حبیبہ رحمۃ للعالمین سید المرسلین
صلی اللہ تعالیٰ علیہ وعلیٰ آلہ واصحابہ اجمعین۔

**સવાલ :** અચાનક કોઈ સ્ત્રી પર નજર પડે તો શું કરવું ?!

**જવાબ :** અચાનક નજર પડે તો તરત નજર નીચી કરી લે.

### ★ હદીષ નં. : ૧૬ ★

قال جریر بن عبداللہ البجلی رضی اللہ
عنہ قال سالت النبی صلی اللہ علیہ وسلم
عن نظر الفجأۃ فامرنی ان اصرف بصری

**તર્જુમા :** જરીર ઈબ્ને અબ્દુલ્લાહ સહાબીએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! જો મારી નજર અચાનક કોઈ સ્ત્રી પર પડી જાય તો શું કરું ?! તો મને મારા આકાએ હુકમ આપ્યો કે નજરને ફેરવી લે !

તફસીરે ઈબ્ને કષીરમાં છે જો અચાનક કોઈના પર નજર પડી જાય જેનું જોવું હરામ છે તો જલ્દીથી નજર ફેરવી લે !

## બુરી નજર વિશે હિકાયતો

### ★ મોઢું કાળુ થઈ ગયું ! ★

એક આલિમેદીનનો ઈન્તેકાલ થયો તો કોઈએ એમને સ્વપ્નમાં જોયા કે એમનો ચહેરો કાળો થઈ ગયો છે. ખ્વાબ જોવાવાળાએ કારણ પૂછયું તો એ આલિમેદીને બતાવ્યું કે એક દિવસ એક છોકરાની તરફ દિલ ભરીને જોયું એટલા માટે મારું મોઢું આગમાં બળી ગયું (કાળુ થઈ ગયું.) *(તફસીરે રૂહુલ બયાન, ભાગ–૬, પેજ–૧૫૪)*

### ★ મોઢાનો ગોશત સડીને ખરી ગયો ! ★

એક સાહેબનો ઈન્તેકાલ થયો તો અમને કોઈએ ખ્વાબમાં (સ્વપ્નમાં) જોયા અને પૂછયું કે અલ્લાહ તઆલાએ તમારા સાથે કેવો સુલૂક (વર્તાવ) કર્યો ? એમણે જવાબ આપ્યો કે મારા બધા જ ગુનાહો બખ્શી દેવામાં આવ્યા પરંતુ એક ગુનાહને બખ્શવામાં ન આવ્યો અને મને એ ગુનાહના કારણે રોકવામાં આવ્યો અને મારા મોઢાનો ગોશત સડીને ખરી ગયો. પૂછયું કે એ કયો ગુનોહ હતો ?! જવાબ આપ્યો, એક દિવસમેં એક છોકરા તરફ શહવત (ખ્વાહિશ)થી જોયું હતું. *(નુઝહતુન્નાઝિરીન, પેજ–૨૦૬)*

### ★ પૂરું કુર્આન ભૂલી ગયો ! ★

અબૂ અબ્દુલ્લાહ જયલી ફર્માવે છે કે એક દિવસ હું મારા ઉસ્તાદ સાથે જઈ રહ્યો હતો તો મેં એક ખૂબસૂરત છોકરો જોયો અને મેં કહ્યું, હે ઉસ્તાદ ! શું તમે વિચારો છો કે અલ્લાહ તઆલા આવી સુરતવાળાને અઝાબ આપશે ! આ સાંભળી ઉસ્તાદે ફર્માવ્યું, આ જોવાનો બદલો તું જલ્દીથી જોઈશ ! એ શાગિર્દનું બયાન છે કે વીસ (૨૦) વરસ પછી હું પૂરું કુર્આન ભૂલી ગયો. *(નુઝહતુન્નાઝિરીન, પેજ–૨૦૬)*

### ★ કબરમાં સખત તકલીફ ! ★

એક નેક માણસ નમાઝ, રોઝા, તહજ્જુદની પાબંદી કરવાવાળો જેણે હજ્જ પણ કરી હતી. પરંતુ તે નજર (નિગાહ)ની હિફાઝત ન કરતો હતો, સ્ત્રીઓ તરફ બુરી નજરથી જોયા કરતા હતો. એનો ઈન્તેકાલ થયો તો એક દોસ્ત જેને કશ્ફે કુબૂર (કબરની હાલત જાણી જવું) હતું એ તેની કબર પર ગયો. પાછા આવીને તેણે બતાવ્યું કે પેલા આબિદને (ઈબાદત ગુઝાર) બુરી નજરના કારણે સખત તકલીફ થાય છે.

### ★ ૬૦ વર્ષથી ઈબાદતમાં મગ્ન આબિદનો બદ્‌નજરથી બુરો અંજામ ! ★

એક જગ્યાએ એક ઈબાદત ગુઝાર હતો એના પડોસમાં અમુક લોકો રહેતા હતા એમની એક બહેન જવાન હતી. એ પડોસી કારોબારના કારણે દૂર જવાના હતા. એમણે મશ્વેરો કર્યો કે બહેનને કોની પાસે મૂકીને જઈએ ? કોઈ પણ એક દેખાયું નહીં તો એમણે ફેંસલો કર્યો કે આપણી પડોસમાં મોટા નેક આબિદ ઝાહિદ રહે છે એ જિમ્મેદારી લે તો આપણને કોઈ જાતની ફિકર નથી. આ બધું વિચારી એ લોકો પેલા આબિદ (ઈબાદતગુઝાર) પાસે ગયા અને પોતાની પરેશાની બયાન કરી. પહેલાં તો આબિદ સાહબે ના પાડી છેવટે પેલા લોકોની આજીઝીથી માની ગયા. તમે બે ટાઈમની રોટી અમારા દરવાજા પર મૂકી દસ્તક આપજો તો અમારી બહેન આવીને લઈ જશે. પેલા આબિદે આ વાત માની લીધી. ભાઈઓના ગયા પછી આવું ચાલ્યા કર્યું. એક દિવસ અચાનક આબિદ સાહબની નજર પેલી બહેન પર પડી ગઈ તો એને જોઈ આબિદના દિલમાં ખ્વાહિશ જાગી ઉઠી. કારણ કે ઉમ્મતના વાલીનું ફર્માને આલિશાન છે, બુરી નજર શયતાનના તીરોમાંથી એક તીર છે. અને શયતાને જાતે એ કહ્યું છે કે બુરી નજર મારા તીરોમાંથી એક તીર છે એ જેને વાગે છે એ ખાલી નથી જતું ! બસ ! એ તીર પેલા આબિદને બુરી નજરથી હિફાઝત ન કરવાના લીધે વાગી ગયું. પછી તેણીના ઘરે આવવા જવાનું

ચાલું થઈ ગયું અને એ બુરા કાર્ય(ઝિના)માં સંડોવાઈ ગયો. એટલે સુધી કે પેલી સ્ત્રી સગર્ભા થઈ ગઈ. શયતાને વસવસો આપ્યો કે હે આબિદ ! લોકોને ખબર પડશે તો બદનામી થશે અને તેને કતલ કરી નાખશે. આબિદે પેલી સ્ત્રીને મારી નાખી અને ઘરના સહનમાં દફનાવી દીધી. અને જ્યારે એના ભાઈઓ આવ્યા તો આ આબિદને પૂછયું કે અમારી બહેન ક્યાં ગઈ ? તો આબિદે કહ્યું, મને ખબર નથી ! ક્યાંક ચાલી ગઈ હશે ! શયતાને માણસની સૂરતમાં આવીને ભાઈઓને બતાવ્યું કે પેલા આબિદે આવું કર્યું છે અને કતલ કરીને આ જગ્યાએ દફનાવી છે. જ્યારે જમીનનું ખોદાણ કર્યું તો બહેનની લાશ બહાર આવી. પછી પેલા આબિદનું દુનિયામાં જે થયું તે થયું અને સાથે સાથે ૬૦ વરસની ઈબાદત પણ બરબાદ થઈ ગઈ.

## ઈમાની તાકત અને અલ્લાહની તૌફીકથી બદ્‌નજરથી બચનારાઓની હિકાયતો

### ★ એક અજીબ બોધદાયક પ્રસંગ ★

સૈયેદેના સુલમાન બિન યસાર પોતાના એક સાથી સાથે હજ્જ કરવા માટે નીકળ્યા અને જ્યારે સબવાના મુકામ પર (એક જગ્યાનું નામ છે) પહોંચ્યા તો ત્યાં રોકાણ કર્યું સાથીએ કહ્યું કે તમે અહીંયા તશરીફ રાખો અને હું બજારથી ખાવા પીવાનો સામાન લઈ આવું. એના ગયા બાદ હઝરત સુલેમાન બિન યસાર જે ઘણા ખૂબસૂરત હતા, પોતે તંબુમાં બેઠા હતા એટલામાં એક ગામડિયણ ઔરત જે પહાડની ચોટી પર રહેતી હતી તે તેણીએ આપને જોઈ લીધા અને આપના પર આશિક થઈ ગઈ. જો તે બુરી નજરથી બચી જાત તો આ વસ્તુ ન બનત. અલ્લાહ તઆલા ફર્માવે છે, હે મેહબૂબ ! તમે મુસલમાન સ્ત્રીઓને હુકમ આપો કે તે પોતાની નજરોને નીચી રાખે. પેલી ગામડિયણ સ્ત્રી બુરખો પહેરી નીચે ઉતરી અને સામે ઉભી થઈ બોલી, મને કાંઈક આપો ! આપે વિચાર્યું કે ખાવાનું માંગ્યુ હશે જેથી સુલેમાન ઉભા થયા કે તેણી માટે ખાવાની કોઈ વસ્તુ તલાશ કરીને આપે. સ્ત્રીએ કહ્યું, હું ખાવાનું કશું માંગતી નથી હું એ વસ્તુ માંગુ છું જે સ્ત્રીઓને પુરૂષોથી મળે છે ! આ સાંભળી આપે ફર્માવ્યું, તને શયતાને તૈયાર કરીને મોકલી છે, આમ કહી હઝરતે પોતાનુ માથુ ગુથણો પર મૂકી બૂમો પાડીને રડવાનું ચાલુ કરી દીધુ ! એટલા જોરથી રડયા કે પેલી સ્ત્રી ડરી ગઈ અને બુરખો ઓઢી ચાલી ગઈ. આપ રડતા રહ્યા ત્યાં સુધી કે સાથી આવી ગયો. એણે જોયું કે હઝરતની આંખો રડી રડીને સુજી ગઈ છે. સાથીએ કારણ પૂછયું તો આપે જવાબ ન આપ્યો. પરંતુ સાથીના વારંવાર પૂછવા પર પૂરો વાક્યો કહી આપ્યો. તો સાથીએ બુમો પાડીને રડવાનું ચાલુ કરી દીધુ ! હઝરતે પૂછયું, તું કેમ રડે છે ?! સાથીએ જવાબ આપ્યો, હઝરત ! જો હું તમારી જગ્યા પર હોત તો બદ્‌કાર્યથી ન બચી શકત ! પછી એઓ ચાલવા લાગ્યા. જ્યારે ખાનાએ કા'બાનો તવાફ કર્યો તો હઝરત સુલેમાન બિન યસારને ઉંઘ આવી ગઈ. જોયું કે એક બુઝુર્ગ હુસ્નો જમાલવાળા છે, અર્ઝ કરી કે તમારું નામ શું છે ? ફર્માવ્યું, યૂસુફ ! અર્ઝ કરી, યૂસુફ સિદ્દીક (અલ્લાહના નબી !) આપે ફર્માવ્યું, હા ! હું તે જ છું ! અર્ઝ કરી, હુઝૂર ! અઝીઝે મિસ્રની બીવી (ઝુલેખા) (સાથે) તમારો વાકિઓ અજીબ છે ! ફર્માવ્યું, તારો મામલો ગામડિયણ સ્ત્રી સાથે વધારે અજીબ છે !

### ★ આંગળી સળગાવી દીધી પણ.....! ★

એક બાદશાહની બીવીઓ તફરીહ (ફરવા) માટે બાગમાં ગઈ. તફરીહથી ફારિગ થઈ તો પોત પોતાની પાલખીઓ (ડોલી)માં બેસી ગઈ પરંતુ શહઝાદી જે ફૂલો લેવામાં મશગૂલ હતી પણ ઊંટવાળાઓ સમજ્યા કે બેસી ગઈ છે જેથી તેઓ ચાલવા લાગ્યા. જ્યારે શહઝાદી પાછી ફરી તો જોયું કે પાલખીઓ રવાના થઈ ચૂકી છે. રાતનો સમય હતો. શહઝાદી ઘણી પરેશાન થઈ એવામાં એક મસ્જિદ પર તેની નઝર પડી તો પનાહ લેવા મસ્જિદમાં ચાલી ગઈ. ત્યાં એક

નેક નવ જુવાન મુસાફિર પણ હતો. મુસાફિરની નજર હુસ્નો જમાલવાળી શહઝાદી પર પર પડી તો જાલિમ નફ્સે વસવસો આપવાનું ચાલુ કરી દીધું કે આવો મોકો ક્યારે હાથ આવશે ! નફ્સની ખ્વાહિશ પણ પૂરી કરો અને સોનું પણ હાંસલ કરો ! પરંતુ ઈમાને કહ્યું કે જો બુરૂ કાર્ય કર્યું તો કયામતના દિવસે દોઝખની આગથી છૂટકારો કઈ રીતે થશે ?! નફ્સે કહ્યું, કયામતની આગ તો ઘણી દૂર છે ! આ ટાઈમ મજા કરવાનો છે. ઈમાને કહ્યું, આ ચિરાગ જે મસ્જિદમાં બળે છે એ તે આગ છે જેને અલ્લાહ તઆલાએ કેટલા વખત પોતાની રહમતથી ધોઈને દુનિયામાં મોકલી છે, પહેલાં તેની ચકાસણી કરી લે ! જો આ આગને સહન ન કરી શકાય તો દોઝખની આગ કેમ કરી વેઠી શકાશે ?! આ વિચારી પેલા ઈમાનદાર નવજુવાને પોતાની આંગળી ચિરાગ (દીવા)ની આગ પર મૂકી તો તે તરત જ બળી ગઈ. જ્યારે દુ:ખ ઓછું થયું તો નફ્સે જોશ માર્યો તો ફરી આંગળી દીવા પર મૂકી દીધી, જલન થઈ તો ખેંચી લીધી. આવું કરતાં કરતાં રાત પૂરી થઈ અને આંગળી બાળી નાખી. સવારે પોલીસ શહઝાદીને તલાશ કરતી મસ્જિદમાં આવી. શહઝાદીને પોલીસ બાદશાહ પાસે લઈ ગઈ. બાદશાહના પૂછવા પર પોલીસે બતાવ્યું કે શહઝાદી મસ્જિદમાં હતી અને એક નવજુવાન મુસાફિર પણ હતો. બાદશાહને ગુસ્સો આવ્યો અને બેકાબૂ થઈ શહઝાદીને મારવા તલ્વાર ઉઠાવી. શહઝાદીએ કહ્યું, પિતા મારું કત્લ કરવું તમારા માટે આસાન છે પરંતુ પહેલાં મારી વાત તો સાંભળો ! મસ્જિદના મુસાફિરને બોલાવી જુઓ કે તેના હાથનો શું હાલ છે ? પછી તમારે જે કરવું હોય તે કરજો, નહીં તો મુસલમાનની કત્લ કયામતના દિવસે ખૂબ ભારી પડશે. બાદશાહે મુસાફિરને બોલાવ્યો. બાદશાહને વાસ્તવિક હાલની ખબર પડી તો હેરાન રહી ગયો અને ડરી ગયો. તે બાદશાહને કોઈ છોકરો ન હતો જેથી બાદશાહે તે મુસાફિરનો નિકાહ શહઝાદી સાથે કરી આપ્યો અને હુકૂમત તેને સુપ્રત કરી દીધી અને પોતે અલ્લાહ તઆલાની ઈબાદતમાં મશગૂલ ગઈ ગયો.

## ★ બોધ ★

અલ્લાહ તઆલાના ખૌફે પેલા નવજુવાનને જેણે પોતાની આંગળી જલાવી દીધી બાદશાહ બનાવી દીધો. હવસની થોડી લઝ્ઝતથી બચનારને શહઝાદી પણ હલાલરૂપે નસીબ થઈ અને બાદશાહત પણ ઈનામમાં મળી. *(મક્તૂબાતે સદરિય્યહ્, પેજ–૧૦૫)*

મુસલમાન ભાઈઓ તથા બહેનોની ખિદમતમાં અપીલ છે કે તે કબ્ર અને કિયામતના દિવસને સામે રાખી વિચારે, ખૂબ વિચારે ! આ દુનિયાની જિંદગીના વિશે જેની હેસિયત આખેરતની જિંદગી સામે કશી પણ નથી. કેવળ નફ્સને ખુશ કરવા હમેશાંની જિંદગીને બરબાદ કરી દેવી શું એ અકલમંદી છે ?! આ દુનિયાની જિંદગી આખેરતની જિંદગીના મુકાબલામાં કમ છે. અલ્લાહના પ્યારા રસૂલ ﷺ નું ફર્માન વાંચો : ફર્માવ્યું, જો તું આ જિંદગી પેલી કાયમી જિંદગી સાથે સરખાવવા માંગતો હોય તો સમંદર પર ચાલ્યો જા ! અને સમંદરમાં આંગળી ડૂબાડી કાઢી લે તો તારી આંગળીની તરીને (આંગળીને ભીની થવાને જેટલુ પાણી ગયું છે) એને સમંદર (મહા સાગર)ના પાણી સાથે જે નિસ્બત છે એવી જ નિસ્બત આ જિંદગીને આખેરતની જિંદગી સાથે છે.

તો આપણે ગફલતની ઉંઘથી ઉઠવું જોઈએ અને નબી ﷺ નો દામન મજબૂતીથી પકડવો જોઈએ. જ્યારે ઈન્સાન સાચી તૌબા કરી લે તો અલ્લાહ તઆલા બધા જ ગુનાહ માફ કરી દે છે :

ومن يعمل سوٓءا او يظلم نفسه ثم
يستغفر الله يجد الله توابا رحيما۔

**તર્જુમો** : જે કોઈ બુરાં કાર્ય કરી લે અથવા પોતાના નફ્સ પર જુલ્મ કરે પછી તે અલ્લાહથી ગુનાહોની બખ્શિશ માંગે અને તૌબા કરે તો તે અલ્લાહને તૌબા કબૂલ કરનાર મહેરબાન પામશે.

واللّٰہ تعالٰی الموفق ونعم الوکیل

*(સંપૂર્ણ)*

## બઝમે ઔલિયા

### ડાકૂઓના સરદારમાંથી ઈમામે શરીઅત-મુક્તદાએ તરીકત બનેલ તે

# હઝરત ફુઝૈલ ઈબ્ને અયાઝ رحمۃ اللہ علیہ

(કાર્યાલય)

ઈમામે રબ્બાની, આસિમે હમ્દાની, અઝીમ મોહદ્દિષ અને જલીલુકદર આબિદ અબુલ ઉલા અથવા અબુલ ફૈઝ હઝરત ફૈઝુલ ઈબ્ને અયાઝ رحمۃ اللہ علیہ ઈબ્રાહીમ ઈબ્ને શમાશ તથા અન્ય મોહદ્દિષોના કથનાનુસાર સમરકંદમાં પેદા થયા અને અબી વરદમાં ઉછેર પામ્યા. ઈબ્ને સઅદનો ખયાલ છે કે ખુરાસાનમાં પેદા થયા અને તા'લીમ તથા કેળવણી કૂફામાં થઈ. *(તઝકેરતુલ્ હુફ્ફાઝ, ભાગ-૧, પેજ-૨૦૦)*

મૌલાના જામી رحمۃ اللہ علیہ એ જન્મ સ્થળના બારામાં વિવિધ કથનો રજુ કર્યાં છે. અમુક વર્ણન કરનારાઓએ આપને ખુરાસાની કહ્યા છે, અમુકે આપનું જન્મ સ્થળ સમરકંદ બતાવ્યું છે, અમુકે જન્મ સ્થળ કૂફા બતાવ્યું છે અને અબીવરદમાં ઉછેર પામ્યા છે. અમુકનું કથન છે કે આપ બુખારામાં પેદા થયા. *(નફહાતુલ ઉન્સ, પેજ-૧૮૫)* પરંતુ ઈબ્રાહીમ ઈબ્ને શમાશનું કથન (કૌલ) દુરુસ્ત છે.

**પ્રારંભિક દિવસો** : ખુદા જાણે એમાં શું મસ્લેહત હતી કે આપ વર્ષો સુધી ખુરાસાનના જંગલોમાં ડાકૂગીરી કરતા રહ્યા. ડાકૂઓનો એક ગિરોહ આપની સરદારીમાં જંગલમાંથી પસાર થનાર કાફલાઓને કશાય ખચકાટ વિના લૂટી લેતો, મોટા મોટા કાફલા આપના થકી તબાહીનો શિકાર બનતા, ફુઝૈલ ડાકૂના નામથી મોટા મોટા જિગરવાળાઓને પસીનો છૂટી જતો, જે માર્ગે ફુઝૈલ પહોંચી જતા કોઈની એ તરફ જવાની હિંમત ન થતી.

ડાકૂગીરી તથા લૂટારાપન છતાં ફુઝૈલનો અંગત કિરદાર એ હતો કે તે દિવસે રોઝા રાખતા, પંજગાના નમાઝો ઉપરાંત અસંખ્ય નફ્લો નમાઝો પણ પઢતા હતા. તેમના હાથ નીચેના ડાકૂઓમાં જો કોઈ બેનમાઝી હોતો તો તેને પોતાની ટોળીમાંથી કાઢી મૂકતા. એકવાર ફુઝૈલના ગિરોહે કોઈ કાફલાને લૂટયો અને તેઓ બેસીને ખાવામાં વ્યસ્ત થયા તો લૂટાનાર કાફલાની કોઈ વ્યક્તિએ તેમને પૂછયું કે, શું તમારો કોઈ સરદાર નથી ? તેમણે જવાબ આપ્યો કે "છે !" પરંતુ અત્યારે તે નમાઝમાં વ્યસ્ત છે. તે વ્યક્તિએ કહ્યું કે અત્યારે તો કોઈ નમાઝનો સમય નથી ! ડાકૂઓએ કહ્યું કે તે નફ્લ અદા કરી રહેલ છે. પછી તેણે પૂછયું કે તમારી સાથે ખાવા નથી ખાતો ?! તેમણે જવાબ આપ્યો કે તે દિવસે રોઝો રાખે છે. તેણે કહ્યું કે, આ મહીનો રમઝાનનો તો નથી ?! ડાકૂઓએ કહ્યું કે તે નફ્લી રોઝા રાખે છે. ફુઝૈલની વિગતો સાંભળીને તેને ઘણુ આશ્ચર્ય થયું. તેણે આપની પાસે જઈને પૂછયું, રોઝા નમાઝની સાથે ડાકૂગીરીને શો સંબંધ છે ?! આપે પૂછયું કે શું તમે કુર્આન મજીદ પઢયું છે ? તેણે કહ્યું કે હા ! મેં કુર્આન મજીદ જરૂર પઢયું છે. તો હઝરત ફુઝૈલે આ આયતે કરીમા તિલાવત કરી : **અર્થ** : "બીજાઓએ પોતાના ગુનાહનો સ્વીકાર કરતાં પોતાના નેક અમલને ભેળસેળ કરી નાખ્યો તેની સાથે." તે વ્યક્તિ આપની જીભેથી

કુર્આની આયત સાંભળીને અધિક આશ્ચર્યમાં ડૂબી ગઈ. *(તઝકેરતુલ્ ઔલિયા, પેજ–૫૪)*

**માણસાઈ તથા અમાનત** : ડાકૂગીરી તથા લૂટફાટનો દયાહીન ધંધો અપનાવવા છતાં આપની અંદર રહમ દિલી, માણસાઈ તથા કમજોરોનો લેહાઝ બાકી હતો. જેમ કે જે કાફલામાં કોઈ સ્ત્રી હોય અથવા જે મુસાફરો પાસે થોડોક સરખો માલ હોય તેને હાથ ન લગાડતા અને જેને લૂટતા તેની પાસે કાંઈ ન કાંઈ માલ મત્તા, સફરખર્ચનો સામાન જરૂર છોડી દેતા.

એ અજબની વાત છે કે જે દૌલતની લૂટફાટના માટે આપ જંગલોની ખાક ફેંદતા રહેતા હતા, પણ જો કોઈ પોતાનો માલ તેમને અમીન સમજીને સોંપી દેતો તો તેને હાથ પણ ન લગાડતા અને એ જ હાલતમાં પાછો આપતા.

એકવાર કોઈ કાફલો ફુઝૈલના એરિયામાંથી પસાર થઈ રહ્યો હતો એમાંના એક માલદાર શખ્સની પાસે ઘણી રકમ હતી. તેણે વિચાર્યું કે આટલી મોટી રકમ જંગલમાં જ ક્યાંક દફન કરી દેવામાં આવે તો ડાકૂઓના લૂંટવાથી બચી શકે. જેથી કોઈ સ્થળની તલાશમાં નીકળ્યો તો તેણે જોયું એક આબિદ તથા ઝાહિદ મુસલ્લા પર ઈબાદતમાં વ્યસ્ત છે, તેણે બધી જ રકમ તે બુઝુર્ગ પાસે અમાનત રાખી દીધી. કાફલામાં આવ્યો તો પૂરો કાફલો લૂટાઈ ચૂક્યો હતો. તે શખ્સ પોતાની રકમ લેવાના માટે જ્યારે તે બુઝુર્ગ પાસે પહોંચ્યો તો જોયું કે તે લૂટારાઓ સાથે મળીને લૂટનો માલ વહેંચવામાં વ્યસ્ત છે. તો તે માલદારને એ વાતથી ખૂબ જ દુઃખ થયું કે પોતાના હાથે પોતાનો સઘળો માલ લૂટારાને સોંપી દીધો. હઝરત ફુઝૈલની નજર જ્યારે તેના પર પડી તો નજીક બોલાવીને પૂછયું કે, અહીં કેમ આવ્યા છો ? તેણે ડરતાં ડરતાં કહ્યું કે મારી રકમ પાછી લેવા માટે આવ્યો છું. કહ્યું કે જ્યાં રાખી હતી ત્યાંથી ઉઠાવી લો. જ્યારે તે પોતાની રકમ લઈને પાછો ફર્યો તો આપના સાથીઓએ કહ્યું કે આ રકમ આપસમાં વહેંચવાને બદલે તમે પાછી કેમ આપી દીધી ?! આપે જવાબ આપ્યો કે તેણે મારા પર વિ□ાસ કર્યો અને હું અલ્લાહ પર વિ□ાસ કરું છું.

**આપની તૌબાનો પ્રસંગ** : ફુઝૈલની જિંદગીના દિવસો લૂટફાટ તથા ડાકૂગીરીમાં ગુજરી રહ્યા હતા કે એકાએક ખુદા તઆલાના ફઝ્લએ આપની જિંદગીની દિશા ગુનાહો તરફથી ફેરવીને ઝોહદ તથા ખુદાના ડરની તરફ ફેરવી દીધી. એમની તૌબાનો પ્રસંગ પોતાનામાં બસીરત તથા મઅરેફતનો દિલદ્રાવક સબક ધરાવે છે.

એક મોટો સોદાગર મર્વથી માવરદ જઈ રહ્યો હતો. જ્યારે તેણે મર્વથી સફરની તૈયારી કરી તો લોકોએ તેને કહ્યું કે અઢળક માલની હિફાઝતના માટે બહાદુર નવયુવાનોનું એક દળ તમારી સાથે લઈ જાવ. તમારા માર્ગમાં આ વિસ્તારનો મશહૂર ડાકૂ ફુઝૈલ રહે છે જેના હાથમાંથી કોઈ કાફલો સલામત નથી નીકળતો. તેણે કહ્યું, મારા માટે કોઈ રક્ષકદળ ની જરૂરત નથી, મેં સાંભળ્યું છે કે તે એક ખુદાથી ડરનાર ઈન્સાન છે. સોદાગરે કોઈ રક્ષકદળ લેવાને બદલે મર્વથી એક કારી પોતાની સાથે રાખી લીધો અને કાફલાના સૌથી આગલા ઊંટ પર તેને બેસાડી દીધો અને સૂચના આપી કે જ્યારે કાફલો જંગલેથી પસાર થાય તો તે કુર્આન શરીફની તિલાવત શરૂ કરી આપે. જેથી કારીએ એ જ પ્રમાણે કર્યું. કુદરતનો કરિશ્મો જુઓ કે ફુઝૈલ પોતાના પડાવમાં બેસીને કાફલા પર તૂટી પડવાની વેતરણમાં હતા કે તેમના કાનના પડદા સાથે સૂરએ હદીદની આ આયતે મુબારકા ટકરાઈ :–

**તર્જુમો** : શું ઈમાનના દાવેદારો માટે હજી સમય નથી આવ્યો કે તેમનાં દિલો ખુદાની યાદ અને તેના નાઝિલ કરેલા સત્યની પ્રતિ ઝુકી જાય અને તે લોકોની જેમ ન બની જાય જેમને એમનાથી પહેલાં કિતાબ અતા કરવામાં આવી, તેમનો હાલ એ થઈ

ગયો કે જ્યારે કિતાબ મળવાને અમુક મુદ્દત પસાર થઈ ગઈ તો તેમનાં દિલો સખ્ત થઈ ગયાં અને આજે પણ એમનામાંના મોટાભાગના નાફર્માનીના માર્ગે ચાલી રહ્યા છે. જાણી લો ! કે અલ્લાહની જમીનને તેના મુડદા થઈ ગયા બાદ જીવન અર્પે છે, જુઓ ! અમે અમારી તા'લીમાતને તમારા સમક્ષ તદ્દન સ્પષ્ટ કરી દીધી કદાચ કે તમે બુદ્ધિથી કામ લો." *(સૂરએ હદીદ, આ. ૧૬, ૧૭, પારા–૨૭)*

રાતનો ભયાનક સન્નાટો ચોતરફ છવાયેલો હતો. આયતે કરીમાની અસર અને કારીનો દર્દમય અવાજ ગફલત તથા મદહોશીના પદડા ચીરીને દિલની ગહરાઈઓમાં ઉતરી ગયો, આગળ વધતા કદમ થંભી ગયા અને જીભ અનાયાસે પોકારી ઉઠી, "કેમ નહીં ! મારા પરવરદિગાર ! સમય આવી ગયો છે કે ગુનાહોના સમંદરેથી નીકળીને તારા રહમના દામનમાં પનાહ લઈ લઉં !"

આપ ત્યાંથી નીકળીને એક તરફ ચાલી નીકળ્યા. માર્ગમાં એક કાફલાએ પડાવ નાખેલો હતો. કાફલાવાળા આપસમાં ચર્ચા કરી રહ્યા હતા કે અમુક લોકો કહે છે કે હવે અહીંથી ચાલી નીકળવું જોઈએ. અમુકનું કહેવું હતું કે રાત અહીં જ પસાર કરવી જોઈએ કેમ કે ફુઝૈલ ઘાતમાં બેસેલો હશે અને જોતજોતામાં આપણા ઉપર તૂટી પડશે. તેમની આ ચર્ચાએ ફુઝૈલના દિલો દિમાગને ઝંઝોળીને રાખી દીધું. વિચારવા લાગ્યા કે મારી રાતો ગુનાહોમાં વહી રહી છે, મુસલમાન મારાથી ભયભીત છે તેઓ મારા કારણે ન બેખૌફી સાથે સફર કરી શકે છે ન રોકાણ કરી શકે છે, શું મારે આ પ્રવૃત્તિઓથી દૂર ન થવું જોઈએ ? તેમના ઝમીરે સવાલ કર્યો અને જીભે દિલની ભાવનાને રજુ કરતાં જવાબ આપ્યો, "પરવરદિગાર ! હું તારી તરફ પલ્ટુ છું અને આ તૌબા પછી મારી જિંદગીને તારા ઘરની ખિદમતના માટે ખાસ કરું છું."

ફુઝૈલની જિંદગીમાં ઈન્કિલાબ આવી ચૂક્યો હતો, પથ્થર દિલ મીણ બની ચૂક્યુ હતું, ગફલતપણા અને લજ્જત પરસ્તીને બદલે ખુદાનો ખૌફ તેમના દિલમાં ઘર કરી ચૂક્યો હતો. તેમણે દુનિયાનો ત્યાગ કરીને તકવા પરહેઝગારીની જિંદગી અપનાવી લીધી હતી અને જેમનો માલ લૂંટયો હતો જે તેમની પાસે હતો તે માલિકોને શોધી શોધીને તેમને હવાલે કરી દીધો.

**એક યહૂદીની તૌબા** : ડાકૂગીરીના જમાનામાં બગદાદનો એક યહૂદી પણ આપની લૂટમારનો નિશાન બન્યો હતો. તૌબા પછી હઝરત ફુઝૈલે તેને બચેલો માલ પરત કરીને તેનાથી માફી ચાહી તો તેણે માફ કરવાથી ઈન્કાર કરી દીધો. જ્યારે આપે ખૂબ આગ્રહ કર્યો તો તેણે કહ્યું કે હું એ શરત પર માફ કરી શકુ છું કે તમે સામેના માટીના ટેકરાને સાફ કરી નાખો. આપ રાજી થઈ ગયા અને સવારથી સાંજ સુધી માટી ખોદતા રહ્યા. સતત મહેનત અને પૂરી કોશિશ થતાં માટી ખત્મ ન થઈ. ખુદાની શાન જુઓ કે એક દિવસે સખત આંધી આવી અને આખા ટેકરાને ઉડાડીને લઈ ગઈ. આ મન્ઝર જોઈને યહૂદી પ્રભાવિત થયો અને આપની અદાવત દિલમાંથી કાઢી નાખી પણ એક કસોટી ઔર કરવા ચાહી. કહ્યું કે મેં એવી કસમ ખાધી છે કે જ્યાં સુધી તમે મારો સઘળો સામાન પાછો નહીં આપો ત્યાં સુધી તમને માફ કરીશ નહીં. તમે કેવળ એટલું જ કરો કે મારા તકીયાની નીચે એક અશરફીઓની થેલી રાખેલી છે તેને લાવીને મને આપી દો કે જેથી મારી કસમનો કફ્ફારો થઈ જાય. જેથી આપે થેલી તેને આપી દીધી. પછી તેણે કહ્યું કે પ્રથમ મને મુસલમાન બનાવો પછી હું માફ કરીશ. તો આપે તેને કલ્મો પઢાવીને મુસલમાન બનાવી લીધો. ઈસ્લામ કબૂલ કર્યા પછી તેણે એ હકીકત જાહેર કરી કે મેં તૌરાતમાં પઢયું હતું કે, **"સાચા દિલથી તૌબા કરનાર મુસલમાન જો માટીને હાથ લગાડી આપે તો તે સોનુ બની જાય."** મારી થેલીમાં માટી ભરેલી હતી અને આપે જ્યારે મને ઉઠાવીને આપી તો તે તદ્દન

સોનાથી ભરેલી બની ગઈ. તો મને યકીન થઈ ગયું કે આપે સાચા દિલથી તૌબા કરી છે અને આ માટી કેવળ તૌબાની બરકતથી નર્યુ સોનુ બની ગઈ અને મને ઈસ્લામ ધર્મની સચ્ચાઈ ઉપર પણ યકીન થઈ ગયું. *(તઝકેરતુલ્ ઔલિયા, પેજ–૫૫)*

**ઈલ્મ પ્રાપ્તિ માટે વતનનો ત્યાગ :** સાચી તૌબા કર્યા બાદ હઝરત ફુઝૈલ ઈબ્ને અયાઝે જાહેરી તથા બાતિની ઈલ્મોની પ્રાપ્તિનો ઈરાદો કર્યો. પોતાની પત્નીને કહ્યું કે હું એવી સફરે જઈ રહ્યું છું જેમાં મુશ્કેલીઓ તથા મુસીબતોનો સામનો કરવો પડશે એટલા માટે તમને આઝાદ કરું છું જેથી તમે જે રીતે ચાહો તમારું જીવન પસાર કરી શકો. નેકબખ્ત પત્નીએ કહ્યું કે, હું આખુ જીવન આપના દામન સાથે બંધાએલી રહી છું, જીવનના દુ:ખ સુખમાં હું આપની સાથે જ રહીશ. જેથી આપે બીવી બચ્ચાંને સાથે લીધાં અને ઈલ્મ તથા વિદ્યાના કેન્દ્ર કૂફા પહોંચ્યા જ્યાં ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ અને સમયના અન્ય વિદ્યાના ઈમામોથી ફૈઝ હાંસલ કર્યો અને ઈલ્મો તથા વિદ્યાઓમાં કમાલની કક્ષાએ પહોંચ્યા. આપના ખાસ શૈખો આ પ્રમાણે છે :–

ઈમામે આ'ઝમ અબૂ હનીફા, મુહમ્મદ ઈબ્ને અબી લયલા, ઈમામ અઅમશ, સલ્માન તમીમી, મન્સૂર ઈબ્ને મોઅતમર, હમીદ તવીલ, યહ્યા ઈબ્ને સઈદ અન્સારી, મુહમ્મદ ઈબ્ને ઈસ્હાક, જા'ફર ઈબ્ને મુહમ્મદ સાદિક, ઈસ્માઈલ ઈબ્ને ખાલિદ, સુફયાન ષૌરી, બનાન ઈબ્ને બિશ્ર, અબાન ઈબ્ને અબી અયાશ, અબૂ હારૂન અબદી હસીન ઈબ્ને અબ્દુર્રહ્માન, અતા ઈબ્ને સાઈબ. *(તહઝીબુત્તહ્દીબ, ભાગ–૮, પેજ–૨૯૪, તઝકેરતુલ્ હુફ્ફાઝ, ભાગ–૧, પેજ–૨૦૦)*

**મક્કા મુકર્રમામાં રોકાણ :** લાંબા કાળ સુધી કુર્આન તથા તફસીર, હદીષ તથા ફિકહની તા'લીમ પછી કામિલ મુર્શિદની તલાશ થઈ અને હઝરત ઈમામ હસન બસરી علیہ الرحمۃ والرضوان થી ફૈઝયાબ થવા માટે બસરાની દિશા પકડી. માર્ગમાં ખબર પડી કે હઝરત હસન બસરી દુનિયાથી કૂચ કરી ચૂક્યા છે તો સખત ગમગીન થયા. કોઈએ કહ્યું કે ગમગીન થવાની જરૂરત નથી, હઝરત હસન બસરીના ખલીફા તથા જાનશીન હઝરત અબ્દુલવાહિદ ઈબ્ને ઝૈદ મૌજૂદ છે, તેમની પાસે પહોંચો. જેથી આપે મક્કાની દિશા પકડી, ત્યાં જ શૈખે તરીકતના દામને કરમથી જોડાઈ ગયા અને ફક્ર તથા ઈરાદતનો ખિર્કો હાંસલ કર્યો અને મુજાહિદા તથા રિયાઝતની જિંદગી પસાર કરવા લાગ્યા. એક દિવસે અબ્દુલવાહિદ ઈબ્ને ઝૈદે ફર્માવ્યું, હે ફુઝૈલ ! તમે તમામ ચીજોથી પરહેઝ કરો ! કેમ કે દુરવેશી એ ખામોશી તથા બેખુશીનું નામ છે, પોતાને ભૂલાવી દેવું અને ખામોશી અપનાવી લેવી એ જ દુરવેશી છે, એને અપનાવી લો અને પોતાના પાછલા ગુનાહો પર પસ્તાવો તથા માતમ કરતા રહો. દરેક જગાએ દરેક ઠેકાણે ખુદાને હાઝિરો નાઝિર જાણો, આજથી તમારું નામ ખુદાના મહબૂબ બંદાઓમાં સમાવી લેવામાં આવ્યું છે. *(સયરુલ્ અકતાબ, પેજ–૪૭)*

ખ્વાજા ફુઝૈલ ઈબ્ને અયાઝે હઝરત શયખ અબ્દુલ વાહિદ ઈબ્ને ઝૈદના સિવાય અન્ય ઔલિયાએ કામેલીનથી પણ ખિર્કો તથા ફક્રો ઈરાદત હાંસલ કરી હતી અને તેમની સોહબતમાં ફૈઝ પામ્યો હતો. એમાં હઝરત ઈમામ મુહમ્મદ બાકિર, હઝરત ઈમામ જા'ફર સાદિક અને અબુલ ગયાષ ઈબ્ને મન્સૂર ઈબ્ને મો'તમર ઈબ્ને અબ્દુલ્લાહ સલ્લમા કૂફી નોંધપાત્ર છે. સારાંશ કે ફુયૂઝો બરકાતે રૂહાનીના લેહાઝથી આપની ઝાતે ગિરામી મજમઉલ બહરૈન (બે સમુદ્રોનું સંગમ) હતી.

**ઝોહદ તથા તકવો :** હઝરત ફુઝૈલ ઈબ્ને અયાઝે હરમે ઈલાહીના વિસ્તારને પોતાનું રેહઠાણ બનાવ્યું અને તેના સાયામાં પૂરી જિંદગી ઝોહદ તથા વરઅ, ખશિય્યતે ઈલાહી સાથે દુનિયાથી બેનિયાઝ થઈને ફકીરી તથા દુરવેશીમાં પસાર કરી દીધી.

આપના તકવાની કબૂલાત સમયના મહાનથી મહાન વલીઓ બુઝુર્ગોએ કરી છે, જેમ કે :–

**અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક કહે છે :** પૃથ્વીના પટ પર ફુઝૈલથી અફઝલ કોઈ માણસ બાકી નથી રહ્યો.

**અબ્દુર્રહ્‌માન ઈબ્ને મહદી કહે છે :** ઈમામ માલિકથી વિશેષ (રૂહાની) પ્રભાવશાળી અને ફુઝૈલથી વિશેષ પરહેઝગાર કોઈ માણસ નથી.

**શરીક કહે છે :** દરેક જમાનામાં દરેક કૌમના માટે કોઈ ન કોઈ શખ્સ હુજ્જત (દલીલ) હોય છે અને ફુઝૈલ પોતાના જમાના માટે હુજ્જત છે. *(તઝકેરતુલ્ હુફ્ફાઝ, પેજ–૨૦૦, ભાગ–૧)*

હઝરત ફુઝૈલ ઈબ્ને અયાઝની ઈબાદત તથા રિયાઝત દુનિયાથી બેનિયાઝી તથા કનાઅત (થોડામાં સંતોષ) તથા તવક્કુલના સબૂતમાં એક દિલ દ્રાવક પ્રસંગ વાંચકોની સેવામાં રજુ કરીએ છીએ :–

દુનિયાની સૌથી મહાન હુકૂમતનો સત્તાધીશ ખલીફા હારૂન રશીદ હજ્જના માટે હાજર થયો. એક રાતે જ્યારે ચોતરફ સન્નાટો છવાઈ ગયો તો ફઝલ ઈબ્ને રબીઅ બરમક્કીને સાથે લઈને કોઈ અલ્લાહવાળાની તલાશમાં નીકળ્યો. એ બંનેવ સુફયાન ઈબ્ને ઐનિયહ્ અને અબ્દુર્રઝ્ઝાક ઈબ્ને મસામની પાસે આવ્યા પણ હારૂન રશીદના દિલને સંતોષ ન થયો. પછી એ લોકો ફુઝૈલ ઈબ્ને અયાઝના મકાન પર પહોંચ્યા. એ સમયે આપ નમાઝમાં વ્યસ્ત હતા અને આ આયતે કરીમા તિલાવત કરી રહ્યા હતા. **તર્જુમો** : "શું એ લોકો સમજે છે કે તેમણે બુરાં કામો કર્યાં, અમે તેમને નેક કામ કરનારાઓની બરાબર કરી દઈશું ?!"

આ સાંભળીને હારૂન રશીદે કહ્યું કે આનાથી મોટી નસીહત અન્ય શી હોઈ શકે છે ?! જ્યારે ફુઝૈલ નમાઝથી ફારિગ થયા અને દરવાજા પર ટકોરા માર્યા તો હઝરત ફુઝૈલે અંદરથી પૂછયું કે, કોણ ?! ફઝલે કહ્યું, અમીરુલ મો'મિનીન તમને મળવા આવ્યા છે. જવાબમાં ઘણી જ બેપરવાહીથી કહ્યું, મારે અમીરુલ મો'મિનથી અને એમને મારાથી શું લેવા દેવા ?! ફઝલે કહ્યું, શું આપના પર અમીરની ઈતાઅત જરૂરી નથી ? ફુઝૈલ ઉપલા માળેથી નીચે ઉતર્યા અને દરવાજો ખોલ્યો, દીવો ઓલવીને એક ખૂણામાં ઉભા થઈ ગયા. હારૂન અને ફઝલ બંને આપને શોધવા લાગ્યા. સંજોગોવસાત આપના હાથ પર હારૂન રશીદનો હાથ પડી ગયો તો આપે ફર્માવ્યું, આ હાથ કેટલો નરમ છે ?! કાશ ! એ જહન્નમના અઝાબથી બચી જાય ! હારૂને અર્ઝ કરી કે, તમો કાંઈક નસીહત ફર્માવો. તો આપે ઈર્શાદ ફર્માવ્યો, તમારા વાલિદ હુઝૂરે અકરમ ﷺ ના કાકા હતા અને જ્યારે તેમણે હુઝૂરથી વિનંતિ કરી કે મને કોઈ દેશનો સત્તાધીશ બનાવી દો ! તો હુઝૂરે ફર્માવ્યું કે, હું તમને તમારા નફ્સનો હાકિમ બનાવું છું. હુકૂમત કિયામતના દિવસે શરમિંદા કરશે.

હારૂને ફરી કહ્યું, કાંઈક અધિક ઈર્શાદ ફર્માવો ! આપે ઈર્શાદ ફર્માવ્યો, જ્યારે ઉમર ઈબ્ને અબ્દુલઅઝીઝને ખિલાફત સોંપવામાં આવી તો સાલિમ ઈબ્ને અબ્દુલ્લાહ, મુહમ્મદ ઈબ્ને કઅબ કરઝી, રજાઅ ઈબ્ને હયાતને બોલાવ્યા અને પુરદર્દ લેહજામાં ફર્માવ્યું કે મને આ આઝમાઈશમાં નાખવામાં આવેલ છે તો તમે લોકો મને એના બારામાં મશ્વરો આપો. તેમણે ખિલાફતને એક આઝમાઈશ ખયાલ કરી પણ તમે તથા તમારા સાથી તેને અણમોલ નેઅમત સમજીને તેના પર તૂટીને પડી રહ્યા છો, જેથી સાલિમે કહ્યું કે જો તમે કિયામતના દિવસે અલ્લાહના અઝાબથી નજાત ચાહો છો તો મુસલમાનોમાં જે મોટી ઉમરનો છે તેને તમારા બાપના સમાન અને જે મધ્યમ વયનો છે તેને તમારો ભાઈ અને જે નાનો છે તેને તમારો પુત્ર સમજશો અને તમારા બાપ સમાનની સાથે ભલાઈનો વર્તાવ

કરશો, તમારા ભાઈને રહમ તથા કરમથી નવાઝશો અને તમારા બાળક પર હેત વરસાવશો.

રજાઅ્ ઈબ્ને હયાતે કહ્યું કે, ''જો તમે કિયામતના દિવસે અલ્લાહના અઝાબથી મેહફૂઝ રહેવા ચાહો છો તો મુસલમાનોના માટે પણ એ જ પસંદ કરો જે તમારા માટે પસંદ કરો છો. અને જે ચીજને પોતાને માટે બુરી સમજો છો તેને મુસલમાનોના માટે પણ બુરી સમજો, પછી જ્યારે ચાહો કશાય ડર કે ભય વિના તમારી જાન ખુદાને સુપ્રત કરી દો.''હે અમીરુલ મો'મિનીન ! હું પણ તમને એ જ કહું છું, હું તમને એ દિવસનો ડર અપાવું છું જ્યારે મહાન મહાન મજબૂત કદમ ડગી મગી જશે, શું તમારા સાથીઓ ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝના સાથીઓ જેવા છે ? અને તમને તેમના જેવી વાતોની તલ્કીન કરે છે ? ખલીફા હારૂન રશીદ રડતાં રડતાં હોશ ગુમાવીને ગબડી પડયો.

ફઝલે હઝરત ફુઝૈલને કહ્યું કે, હે શયખ ! અમીરુલ મો'મિનીનની સાથે નરમી કરો. આપે જવાબ આપ્યો, ઈબ્ને રબીઅ ! તમે તથા તમારા સાથીઓએ અમીરુલ મો'મિનીનને કત્લ કરી નાખેલ છે અને હવે મને નરમીની તલ્કીન કરો છો ! હારૂનને રાહત થઈ તો અધિક નસીહતની માંગણી કરી. હઝરત ફુઝૈલે કહ્યું, ઉમર ઈબ્ને અબ્દુલઅઝીઝથી એક ગવર્નરે શિકાયત કરી કે કામ એટલુ વધારે છે કે સૂવાનો સમય નથી મળ તો. ઉમરે લખ્યું, કે હે ભાઈ ! દોઝખી દોઝખમાં હમેશાં જાગેલા રહેશે, સૂઈ શકશે નહીં. તમે તે વખતનો ખયાલ કરો કે ઊંઘ અથવા જાગૃતાવસ્થામાં તમારા રબની તરફ હંકારી જવામાં આવશે, તમારા કદમોને ડગમગવા ન દો, ક્યાંક તમારી ગણના સમયને નાસમજનાર લોકોમાં કરવામાં આવે અને ઉમ્મીદ તમારાથી કટ થઈને રહી જાય.

હારૂન ચોધાર આંસૂંએ રડવા લાગે છે પછી કહે છે કે ખુદાની રહમત તમારા પર સાયો કરે, કાંઈક ઔર ફર્માવો. ફુઝૈલ કહે છે, અય હસીનો જમીલ (હેન્ડસમ) ચેહરાવાળા ! કિયામતના દિવસે અલ્લાહ તઆલા તને આ મખ્લૂકના બારામાં સવાલ કરશે, આ ચેહરાને આગથી બચાવ અને જીવનની દિવસ રાતો એવી રીતે પસાર કર કે તારા દિલમાં તારી પ્રજાના બારામાં કોઈ ખોટ કે કીનો ન હોય, કેમ કે નબી ﷺ એ ફર્માવ્યું, જે (હાકિમે) એ હાલતમાં સવાર કરી કે દિલમાં પ્રજા પ્રતિ કીનો ભરેલો છે તે જન્નતની ખુશ્બુ પામશે નહીં. હારૂન ચોધાર આંસૂંએ રડવા લાગ્યો, પછી પૂછવા લાગ્યો કે તમારા પર કોઈ કરજ છે ? ફુઝૈલે કહ્યું કે, જી હા ! મારા રબનું કરજ છે ! જેની તે મારાથી માગણી કરશે, તો મારા માટે હલાકત છે. જ્યારે મારાથી હિસાબ લેવામાં આવશે, હલાકત છે મારા માટે જ્યારે મારી કોઈ દલીલ કામ આવશે નહીં. હારૂને કહ્યું કે મારા કહેવાનો આશય લોકોનું કરજ છે. ફુઝૈલે કહ્યું કે મને મારા રબે એનો હુકમ નથી આપ્યો. તેણે મને હુકમ આપ્યો છે કે તેના વાયદાને સાચો જાણું અને તેની ફર્માબરદારી કરું. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું છે : **અર્થ :** ''મેં જિન્નાત તથા ઈન્સાનોને ઈબાદત સિવાય અન્ય કોઈ હેતુ માટે પેદા નથી કર્યા.'' ન તો મને તેનાથી રોજી હાંસલ કરવાની ખ્વાહિશ છે અને ન હું ચાહુ છું કે તે મને ખવડાવે.

આ હજાર દીનાર તમારાં બાળબચ્ચાંના ખર્ચને માટે કબૂલ ફર્માવો, અને તમારા રબની ઈબાદતમાં એનાથી મજબૂતી હાંસલ કરો. ફુઝૈલે કહ્યું, સુબ્હાનલ્લાહ ! મારી નસીહતોએ તમારા પર કોઈ અસર નથી કરી ! હું તમને બલાના જંગલથી કાઢી રહ્યો છું અને નજાતની તરફ બોલાવી રહ્યો છું અને તમે મને બલામાં ગિરફતાર કરી રહ્યા છો ! શું આ તમારો જુલ્મ તથા નાઈન્સાફી નથી ?!

પછી મજલિસમાં ખામોશી છવાઈ જાય છે. હારૂન તથા ફઝલ ત્યાંથી વિદાય થઈ જાય છે. બહાર

આવીને હારૂને કહ્યું, આ ખરેખર સાહિબે ફઝ્લ બુઝુર્ગમાંથી છે જેમની મને તલાશ હતી. *(સીરતુલ ઔલિયા, પેજ–૪૪,૪૫, કશ્ફૂલ મહજૂબ, પેજ–૧૭૬, તઝકેરતુલ્ ઔલિયા, પેજ–૫૭, સફ્વાતુસ્સલાત, ભાગ–૨, સયરુલ અકતાબ, પેજ–૪૭, ૪૯)*

આ મર્દે દુર્વેશ છે જેને ત્યાં પોતાના યુગનો મહાન બાદશાહ દિલના દર્દનો ઈલાજ અને પરેશાનીઓમાં તસલ્લીનો સામાન શોધવા આવ્યો છે જેની જિંદગી કુર્આને પાકની મો'જિઝામય તાસીરનું જીવતુ જાગતુ દષ્ટાંત છે.

ફુઝૈલ ઈબ્ને અયાઝની આ ચર્ચાથી તેમની ઉચ્ચ દષ્ટિ, ખુદાનો ખૌફ, સિયર ચશ્મી, ખુદા પર વિ□ાસ તથા તવક્કુલ અને ખુદા સિવાયનાથી બેનિયાઝી (બેપરવાહી)નું અનુમાન થાય છે. આ ચર્ચા તેમની વિચારસરણી મુસીબતઝદા તબકાને પણ જાહેર કરે છે. સમયનો બાદશાહ તેમના દરવાજા પર હાજર છે પરંતુ પોતાના અમુક સમકાલિન ઉલમાથી ઉલ્ટુ તે બાદશાહનું સ્વાગત કરવાને બદલે તેનાથી કતરાવાની કોશિશ કરે છે, અને પછી નસીહતો કરે છે અને એમાં એ બાબતનો લેહાઝ નથી કરતા કે સમયના એક શહેનશાહ સાથે વાત કરી રહ્યા છે, કશાય ખચકાટ વિના ઉઘાડી વાત કહે છે, તેના સ્થાનથી ફરજો યાદ અપાવે છે અને તે દિવસનો ભય અપાવે છે જ્યારે તેણે પોતાની જવાબદારીઓનો જવાબ આપવો પડશે, તેની કાર્યપદ્ધતિની ટીકા કરે છે.

**રોજીનો હલાલ ઝરીયો :** હઝરત ફુઝૈલ હલાલ રોજીના બારામાં અતિશય સાવધાન હતા. એ જ કારણે તેમણે અમીરો તથા ખલીફાઓની મદદ ન સ્વીકારી અને ન પબ્લિકની મદદ સ્વીકારી. પોતાના હાથોની કમાઈ વડે જે કાંઈ મળતું તે ખાઈ લેતા હતા. બશીર ઈબ્ને હારિષનું બયાન છે કે ફુઝૈલની ગણના તે દસ માણસોમાં થાય છે જેઓ હલાલ રોજી સિવાય પોતાના પેટમાં કોઈ ચીજ જવા નથી દેતા.

ઈમામ શઅરાનીનો ઈર્શાદ છે, "તે હમેશાં ખેતીકામ કરતા હતા અને તેનાથી પોતાનો અને પોતાનાં બીવી બચ્ચાંનો ખર્ચ ચલાવતા હતા." *(તહઝીબુત્તહઝીબ, ભાગ–૮, પેજ–૨૯૬)*

**યાદે ઈલાહી અને કુર્આનથી દિલચસ્પી :** ફુઝૈલ ઈબ્ને અયાઝના ખાદિમ ઈબ્રાહીમ ઈબ્ને અશ્અષનું બયાન છે કે મેં ફુઝૈલથી વધીને કોઈ એવો માણસ નથી જોયો જેના દિલમાં ખુદાનો ખયાલ બેસી ગયો હોય. ફુઝૈલની મજલિસમાં જ્યારે અલ્લાહનો ઝિક્ર કરવામાં આવે છે અથવા તે કુર્આન સાંભળે છે તો ડર તથા ભય છવાઈ જાય છે, આંખોએથી આંસૂ વહેવા માંડે છે અને એ પ્રમાણે ચોધાર આંસૂએ રડે છે કે મજલિસમાં હાજર રહેલા તેમના પર દયા ખાવા માંડે છે. *(હવાલો ઉપર મુજબ)*

રાત દિવસ ઈબાદત તથા રિયાઝત એ તેમના જીવનની ખાસિયત બની ચૂકી હતી. તે અમૂલ્ય સમયને ગૈરુલ્લાહની સાથે વ્યસ્ત થઈને બર્બાદ કરવાનું હરગિઝ પસંદ કરતા ન હતા. એકવાર સુફયાન ષૌરી અને ફુઝૈલ ઈબ્ને અયાઝે ઈલ્મી તથા દીની મસાઈલમાં રાત પસાર કરી. એકાએક સૂફયાન ષૌરી رحمۃ اللہ علیہ ની જીભેથી નીકળ્યું કે, આજની રાત કેવી મુબારક છે કે એકાંતના ડરનો સામનો ન કરવો પડયો. હઝરત ફુઝૈલ ઈબ્ને અયાઝે ફર્માવ્યું કે એને નામુબારક રાત કહો ! હઝરત સુફયાને કહ્યું કે એવું શાથી ?! ફર્માવ્યું, તમે રાતભર એ ફિકરમાં રહ્યા કે કોઈ સારી વાત મને સંભળાવે અને હું એ ઉલ્ઝનમાં ડૂબેલો રહ્યો કે તમારી વાતોના મુનાસિબ જવાબ તલાશ કરતો રહું જેથી તમને મારો જવાબ પસંદ આવે અને યોગ્ય લાગે. કાશ ! મને એકાંત નસીબ થાત કે હું રાત ગિર્યાઓઝારી (રૂદન આજીજી)માં પસાર કરતો. *(સિયરુલ્ અકતાબ, પેજ–૪૫)*

હઝરત ફુઝૈલ રાત આવતી તો ખુશ થઈ જતા, ફર્માવતા કે રાતના સમયે માલિક સાથે ભંગ વિનાના

એકાંતનો મોકો મળે છે. અને જ્યારે દિવસ તુલૂઅ થતો તો રંજમય થઈ જતા અને કોઈ ખૂણામાં છુપાઈ જતા. ફર્માવ્યા કરતા કે જેને એકાંતથી ગભરામણ થાય છે તે દુનિયાવાળાઓથી દિલચસ્પી ધરાવે છે અને જેને દુનિયાવાળાથી દિલચસ્પી હશે તે સલામતીથી દૂર રહેશે. *(હવાલો ઉપર મુજબ)*

હઝરત ઈમામ અહમદ ઈબ્ને હંબલનું બયાન છે કે એકવાર અમે લોકો ફુઝૈલ ઈબ્ને અયાઝની પાસે ગયા અને તેમની પાસે અંદર આવવાની ઈજાઝત ચાહી તો ઈજાઝત ન મળી. કોઈએ કહ્યું કે તેઓ કુર્આનનો અવાજ સાંભળી લે તો નીકળી આવશે ! અમારી સાથે એક મોટા અવાજવાળો માણસ હતો અમે તેને કહ્યું કે કુર્આનની કોઈ આયત પઢો ! તેણે મોટા અવાજે સૂરએ કૌષર પઢવાનું શરૂ કર્યું તો આપ તરત જ બહાર નીકળી આવ્યા. તે વખતે એમની હાલત એ હતી કે દાઢી આંસૂઓથી તર હતી. આપ ખૂદ કુર્આન પઢતા તો આપનો અવાજ ખૂબ જ ગમગીન અને પસંદીદા હોતો અને અટકી અટકીને પઢતા એવું જણાતું કે કોઈ માણસને સંબોધીને પઢી રહ્યા છે. *(સફવાતુસ્સફવાત, ભાગ–૨, પેજ–૧૩૫, તઝકેરતુલ્ ઔલિયા, પેજ–૫૮)*

હઝરત ફુઝૈલ ફર્માવે છે કે, જો હું ઈબાદત ન કરું તો હું બેકરાર રહું છું, મને સબર નથી વળતી.'' *(નફહાતુલ્ ઉન્સ, પેજ–૧૫૮)*

**આપનો ઈલ્મી મકામ :** સાચી તૌબા કર્યા બાદ હઝરત ફુઝૈલ ઈસ્લામી ઈલ્મો તથા વિદ્યાઓની પ્રાપ્તિના પ્રતિ એકદમ ધ્યાનિત થઈ ગયા હતા. આપના મશહૂર ઉસ્તાદો તથા શયખોનો ઉપર ઉલ્લેખ થઈ ચૂક્યો છે. તેમણે જે ખંત તથા લગનપૂર્વક ઈલ્મેદીન પ્રાપ્ત કર્યો હતો જેનાથી આપ ઈમામતના દરજ્જે બિરાજમાન થઈ ગયા હતા. વિલાયતના શહેનશાહ હોવાની સાથોસાથ ઈલ્મી ક્ષેત્રોના પણ અમીર હતા. ઈલ્મે હદીષ તથા ફિકહમાં તેમનાથી લાભ પામનારાઓની ઘણી મોટી જમાઅત છે, જેમ કે અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક, યહ્યા ઈબ્ને સઅદ કેતાન, કઅનબી, ઈમામ શાફઈ, અસદ ઈબ્ને મૂસા, કતીબા, બિશ્ર હાફી, મસદદ, યહ્યા ઈબ્ને યહ્યા, અહમદ ઈબ્ને મિકદામ, અબ્દુર્રઝ્ઝાક હમીદી, ઈબ્ને મઅદી, ઈબ્ને વહબ, અસ્મઈ, સુફયાન અનિયહ્. *(તઝકેરતુલ્ હુફ્ફાઝ, ભાગ–૧, પેજ–૨૦૦, તહઝીબુત્તહઝીબ)*

**વાંચકો ખાસ નોંધ લે ! :** આવા હોય છે બુઝુર્ગો ! આવા હોય છે અલ્લાહવાળા ! જેઓ જાહેરી ઈલ્મ, કુર્આન હદીષના ફિકહના ઈલ્મના શહેનશાહ પણ હોય છે અને શરીઅતની પાબંદીમાં પણ અજોડ હોય છે, ખુદાથી ડરનાર પણ પુષ્કળ હોય છે અને દુનિયાની દૌલત ભેગી કરી મહેલોમાં રહેનાર તથા ખાઈ પીને મોજમજા કરનારા નથી હોતા !

આજકાલ ગમે તેને વલી તથા હસ્તી બનાવી દેવામાં પબ્લિક ખચકાતી નથી તો સમજે, જુએ અને અલ્લાહે અક્કલ આપી છે તેને કામે લગાડે અને આગલા આવા બુઝુર્ગોની સાથે તેમને સરખાવી જુએ, **જો એમના જેમ ઈલ્મ, ખુદાનો ડર, શરીઅતની પાબંદી, હરામ કામોથી દૂરી, દુનિયાની મોજ મજાથી નફરત, બંગલા વાડી, ગાડીની લાલચથી દૂર જણાય ત્યારે શક્યતા રહે છે કે તે વલી હોઈ શકે !** બાકી કહેવાતી તથા કાનો કાન જતી કરામતોની વાતોમાં ભરમાશો નહીં !

વળી વલીઓથી મહોબ્બત હોય તો તેમના જેવું જીવન બનાવવા કોશિશ કરશો, એવું નહીં કે એક તરફ આશિકે ઔલિયા બનો અને બીજી બાજુ તેમના કથનોથી વિરૂદ્ધ જીવન જીવો ! એ દા'વો ફોગટનો તથા બનાવટી ગણાશે. માટે બુઝુર્ગોના જીવનનો અભ્યાસ કરીને આપણે તેમના નક્શે કદમ પર ચાલીને સાચા આશિકે ઔલિયા હોવાની દલીલ પૂરી પાડવી જોઈએ અને તો જ તેમનો દામન પકડેલો ગણાશે, કેવળ ના'રાબાજી કરી મોઢેથી થૂંક ઉડાવવામાં કોઈ તથ્ય નથી. *(સંપૂર્ણ)*

# ઈલ્મે દીનનું મહત્વ

અઝ : જનાબ મુહમ્મદ ઈમરાન રઝા
(મુતઅલ્લિમ જામિઆ અશરફિયહ, મુબારકપુર)

ઈસ્લામના અરકાન અને ફરાઈઝનું જ્ઞાન પ્રત્યેક મુસલમાન પર ફર્ઝ છે, ઈલ્મે દીન એક એવી દૌલત છે જે દરેકને પ્રાપ્ત નથી થતી, ઈલ્મના આધારે જ આલિમે દીન અન્યોથી ઉચ્ચતમ છે, ઈસ્લામમાં ઈલ્મની ફઝીલત અને તેનું મહત્વ જે રીતે વર્ણવવામાં આવ્યું છે તેનું ઉદાહરણ અન્ય કોઈ ધર્મમાં જોવા મળતુ નથી. અલ્લાહ ﷻ એ કુર્આનમાં ઈલ્મ અને ઈલ્મવાળાઓની ફઝીલત ઠેક ઠેકાણે વર્ણવી છે, ફર્માવ્યું, **(અર્થ)** : શું જાણવાવાળા અને ન જાણનાર સરખા છે ?!

બધા જ જાણે છે કે જ્ઞાની અને અજ્ઞાની એક નથી થઈ શકતા, ઉપરોક્ત આયતે કરીમાથી સ્પષ્ટપણે જાહેર થાય છે કે ઈલ્મની કેટલી વિશિષ્ટતા અને ફઝીલત છે ?

એ જ રીતે મોઅલ્લિમે કાએનાત ﷺ એ પોતાની પ્યારી ઉમ્મતના મર્દો અને ઔરતો માટે ફર્માવ્યું, **(અર્થ)** : ઈલ્મે દીન પ્રાપ્ત કરો ભલે તેના માટે ચીન સુધી સફર કરવો પડે, અર્થાત ગમે એટલા દૂરનો સફર કરવો પડે. બીજા સ્થાને ફર્માવ્યું, **(અર્થ)** :ઈલ્મે દીન પ્રાપ્ત કરવું પ્રત્યેક મુસલમાન પુરૂષ અને સ્ત્રી પર ફર્ઝ છે.

મુસલમાનો ! નબીએ ઉમ્મી ﷺ પર કુર્બાન જાઓ ! આપની નિગાહે નુબુવ્વતના સમક્ષ ભાવિની સર્વે વાસ્તવિકતાઓ સ્પષ્ટ હતી, આપ નિહાળી રહ્યા હતા કે એક યુગ એવો પણ આવશે જેમાં આ નેક અને અત્યંત જરૂરી કાર્યને ઐબ સમજવામાં આવશે કે આઢેડ વય અથવા વૃદ્ધાવસ્થામાં કોઈ ઈલ્મે દીન પ્રાપ્ત કરે, આ નકારાત્મક વિચાર બીજી કૌમો કરતાં મુસ્લિમ પ્રજામાં વધુ જોવામાં આવે છે. દુનિયવી જ્ઞાનમાં પણ મુસલમાનો બીજી કૌમોથી પાછળ જ છે, ન જાણે કેમ પોતાની કૌમી જરૂરતથી આટલા ગાફિલ છે ?

અફસોસ ! જે કૌમનો પાયો જ ઈલ્મ શીખવા, શીખવવા અને બીજાઓની સુધારણા અને તબ્લીગ પર છે આજે તે કૌમ આ મેદાનમાં કોઈ અસરકારક કિરદાર (રોલ) અદા કરવાથી આજિઝ છે, ઘણુ બધુ હોવા છતાં હાથપગ વિનાની થઈ બેઠી છે. જે કૌમ ઈલ્મ જેવા હથિયારને લઈને સમગ્ર વિ□ પર પોતાની અઝમતનો સિક્કો જમાવેલ હતી આજે એ જ દોલતથી તેનું દામન ખાલી છે, એ રસૂલ ﷺ જે હમેશાં કહેતા રહ્યા કે, હે મજલિસમાં ઉપસ્થિત રહેનારાઓ સાંભળો ! તમારા પર જરૂરી છે કે જેઓ ઉપસ્થિત (હાજર) નથી તેઓ સુધી મારો પૈગામ (સંદેશ) પહોંચાડી દો !

જે આજે પણ એક બાજુ ડંકાની ચોટ પર પોકારી રહી છે કે હે ઉમ્મતના આલિમો ! કુર્આન અને અહાદીષની જે બાબતો તમારા જ્ઞાનમાં છે બીજાઓ સુધી કેમ નથી પહોંચાડતા ?! અજ્ઞાનીઓને ધાર્મિક જ્ઞાન કેમ નથી આપતા ?! શું તમને તમારી ફરજ (જિમ્મેદારી)નો એહસાસ તે નથી ? તો બીજી બાજુ તે લોકોથી પણ સંબોધન કરી રહી છે જેઓ આલિમોથી દૂર ભાગે છે કે, હે મુસલમાનો ! શું તમને દીનનું શિક્ષણ પ્રાપ્ત કરવાનો શોખ નથી ? શું પોતાના આલિમોની સંગત અને મજલિસ જે સવાબ પ્રાપ્તિ અને દીનને જાણવાનું માધ્યમ છે તેને ત્યજી ગૈરોના હેઠળ જીવવા, મરવાને પોતાની કામ્યાબી સમજો છો ? શું તમારા સીનામાં તે દિલ નથી, તે જોશ નથી, તેમના જેવી તડપ નથી ! જેના દ્વારા અસ્હાબે સુફ્ફા, સહાબા અને તાબઈન

رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْن ની એક અતિપવિત્ર જમાઅત તૈયાર થઈ હતી?

મુસલમાનો ! હજુ પણ ગફલતની ગાઢ નિંદ્રામાંથી સજાગ થવાનો સમય છે, પોતાના ખોવાએલ ઉચ્ચતમ સ્થાન, ઈજ્જત અને અઝમતને પ્રાપ્ત કરવાના ઘણા ખરા માધ્યમો છે, પરંતુ શર્ત એ છે કે કુર્આન અને હદીષ પર સારી રીતે અનુસરણ કરનારા થઈ જાવ, જો સફળતા ઈચ્છતા હોઉ તો લો ! કુર્આન અને હદીષથી ઈલ્મે દીન શીખવા અને શીખવવાની ફઝીલત અને મહત્વને સ્વંય ચક્ષુઓથી નિહાળી પઢો અને અમલ કરો. આપણું ઈમાન છે કે જો મુસલમાન આજે પણ અલ્લાહ અને તેના રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ની આજ્ઞાઓનું સારી પેઠે પાલન કરે તો આ જમાનામાં પણ તે જ ક્રાંતિ સર્જી શકે છે જેણે કરોડો માનવોના ભાગ્ય પલટાવી દીધાં હતાં, આ ક્રાંતિના પાછળ કોઈ ભૌતિક તાકતનો હાથ ન હતો પરંતુ અહકામે ખુદા અને ફર્માને રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم પર સાચા દિલથી અનુસરણ હતું.

એકવાર સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, હે અબૂ ઝર ! رضی اللہ عنہ તમે ક્યાંક જઈ કુર્આનની એક આયત શિખો તો તે તમારા માટે સો રકાત નફ્લ પઢવાથી બેહતર છે. અને અગર (જો) એક મઝમૂન (લેખ) ઈલ્મે દીનનો શિખી લો ભલે તેના પર અમલ થાય કે ન થયા તે તમારા માટે એક હજાર રકાત નફ્લ નમાઝ પઢવાથી બેહતર છે. *(ઈબ્ને માજહ્)*

આ હદીષથી ઈલ્મેદીન શિખવાની અહમિયત સાબિત થઈ. જેમાં સૌથી મોટી હિકમત એ છે કે જે માણસ ધાર્મિક જ્ઞાન સંપૂર્ણપણે અથવા એટલું કે જે તેના માટે અનિવાર્ય છે ન જાણતો હોય અને રાતો રાત નફ્લ નમાઝો પઢતો હોય તેના માટે ઉચિત (ઉત્તમ) છે કે તે જ સમયમાં ધાર્મિક જ્ઞાન શિખે.

બીજી બાબત એ કે જેઓ આમ કલ્પના કરે છે કે, "જ્યારે અમલ જ નથી થાતો તો પૂછવા અને શીખવાથી શું ફાયદો ?!" તેમના નકારત્મક વિચારનો પણ રદ થાય છે. સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم નું આ કથન કે "અમલ થાય કે ન થાય તેનું શિખવું એક હજાર રકાતો નફ્લ પઢવાથી બેહતર છે !" આમાં પણ કેટલીયે હિકમતો હોઈ શકે છે. સૌ પ્રથમ એ કે જે વ્યક્તિને જાણ થઈ થઈ જાય કે આ કાર્ય કરવાથી ઈમાનને ખતરો છે, તેના માટે હાનિ જ હાનિ છે. તો શક્ય ત્યાં સુધી તેનાથી બચવાની કોશિશ કરશે, આ રીતે તે ગુમરાહીથી સુરક્ષિત રહેશે. **બીજું** એ કે જ્યારે કોઈને કોઈ બાબતની જાણ થઈ જશે તો ઈન્શાઅલ્લાહ ! કદી ન કદી અલ્લાહ તઆલા તેને અમલની તૌફીક જરૂર અતા ફર્માવશે. **ત્રીજું** એ કે તે બાબત જાણ્યા બાદ પોતે અન્ય લોકોને બતાવી શકાશે કે જેઓ નથી જાણતા. અને આ સવાબનું કાર્ય છે જેનાથી તેને પણ મળશે.

એકવાર નબીએ રહમત صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, કે સૌથી ઉત્તમ સદકો એ છે કોઈ મુસલમાન ઈલ્મ પ્રાપ્ત કરે અને પોતાના ભાઈને શિખવે. *(ઈબ્ને માજહ્)*

આ હદીષથી ઈલ્મ વિશે બીજું પાસુ જાણવામાં આવ્યું કે જે વ્યક્તિ ઈલ્મ શિખે તે બીજાને પણ શીખવે. અલ્હમ્દુલિલ્લાહ ! સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم ઉમ્મત પર કેટલા રહીમ છે કે ફર્માવ્યું, જે ઈલ્મ શીખે અને બીજાને શીખવે તો આ એવો સદકો છે જે સૌ સદકાઓથી ઉચ્ચતમ છે અને યકીન છે કે જે નિઃસ્વાર્થ અને અલ્લાહના માટે બીજાઓને ઈલ્મે દીનનું શિક્ષણ આપે છે તે તેનો આ અમલ અલ્લાહ તઆલા કુબૂલ ફર્માવે છે. અને આ એટલો મહાન સદકો છે જે હજારો રૂપિયા ખૈરાત કરવાથી બેહતર છે.

રબ્બે કરીમ કુર્આનમાં ફર્માવે છે, **(અર્થ) :** "હે ઈમાનવાળાઓ ! પોતાને અને પોતાના ઘરવાળાઓને જહન્નમથી બચાવો." *(સૂરએ તહરીમ, આ. ૬)*

આ આયતના હેઠળ હઝરતે અલી મુર્તઝા کرم اللہ تعالیٰ وجہہ الکریم તફસીર ફર્માવે છે કે પોતાના ઘરવાળાઓને

દીનની વાતો શિખવો *(હાકિમ)*

આ તફસીર અનુસાર આ આયતથી માલૂમ પડયું કે પોતાને અને પોતાના ઘરવાળાઓને ઈલ્મની અમર (લાઝવાલ) દૌલતથી માલામાલ કરવું જ મનુષ્યની સૌથી મોટી સફળતા છે, નહીંતર અજ્ઞાનતા આપણને ક્યાંયના પણ ન રાખશે ! કારણ કે ઘણીયેવાર એમ બને છે કે એક વ્યક્તિ ઘણી અનુભવી હોય છે પોતાની બુદ્ધિ દ્વારા દુનિયા જીતી લે છે પરંતુ અજ્ઞાનતા કદી તેને કાંટાળી વાડીઓમાં પણ ઉતારી દે છે. તો જહન્નમની અગ્નિથી મુક્તિનો સૌથી ઉચિત માર્ગ એ છે કે ઈલ્મે દીન પ્રાપ્ત કરી અન્યોને શિક્ષણ આપીએ અને તેના પર અડગતાથી અનુસરણ કરતા રહીએ એમાં જ આપણી વાસ્તવિક સફળતા છે.

એકવાર રહમતે આલમ ﷺ નો દરિયાએ કરમ જોશમાં હતો, ફર્માવ્યું, ઈમાનવાળાના અમલ અને નેકીઓમાંથી જે વસ્તુ તેને મૃત્યુ બાદ પણ મળતી રહે છે તે પૈકી આ બાબતો પણ છે : **(૧)** નફાકારક જ્ઞાન **(૨)** નેક ઔલાદ, જેને છોડી મૃત્યુ પામ્યો હોય **(૩)** સદકાએ જારીય્યહ્.

અન્ય એક હદીષમાં ફર્માવ્યું કે; કોઈ બાપે પોતાની ઔલાદને કોઈ આપવા જેવી વસ્તુ ન આપી જે (સારા અદબ) સભ્યતાથી ઉત્તમ હોય. ઓલમાએ કિરામે સભ્યતા (અદબ)થી મુરાદ ઈલ્મે દીન દર્શાવ્યો છે. જાણવામાં આવ્યું કે એક બાપ પોતાની ઔલાદ માટે જેટલી સંપત્તિ છોડી જાય તેનો તે દરજ્જો નથી જે પોતાની ઔલાદને ઈલ્મેદીન શિખવવાનો છે. વર્તમાન યુગમાં મુસ્લિમ પ્રજા ઈલ્મે દીનથી કોસો દૂર છે, દુનિયા પ્રાપ્ત કરવા માટે તો તન, મન, ધનનીયે બાજી લગાડી દે છે, રાત દિવસ એક કરી નાખે છે, દુનિયા પ્રાપ્તિ માટે તો તેમની પાસે ઘણો સમય હોય છે. જ્યારે હદીષમાં વર્ણન થયું છે કે, **(અર્થ)** : દુનિયા મુરદાર છે અને તેને પ્રાપ્ત કરવાવાળા કૂતરા છે.

હુઝૂરે પાક સાહિબે લૌલાક ﷺ ની નિગાહે બસીરત નિહાળી રહી હતી કે એક જમાનો એવો પણ આવશે જેમાં બદ્અમલી આમ થઈ જશે. લોકો દુનિયાને આખેરતનો તોશો સમજી લેશે, જ્યારે કે વાસ્તવિક્તા તેનાથી વિપરીત હશે. તો આ દુનિયા અને તેના તલબગારો વિશે ફર્માવ્યું કે તે કૂતરા સમાન છે. રબ તઆલાએ પણ આ દુનિયા વિશે ફર્માવ્યું, **(અર્થ)** : હે રસૂલ તમે ફર્માવી દો દુનિયાનો સામાન ઘણો જ ઓછો છે !

નિ:શક ! આ કુર્આની આયતો અને અહાદીષે કરીમા આજે પણ આપણા માટે દીવાદાંડી છે કે તેની હદોથી આગળ ન વધીએ દુનિયાને શરીઅતના વર્તુળમાં જ રહી પ્રાપ્ત કરીએ. હલાલ અને હરામમાં ફરક જાણીએ અને આ તે જ સમયે શક્ય થશે જ્યારે આપણે ઈલ્મની દૌલતથી માલામાલ હોઈએ, અન્યોને ઈલ્મે દીન પ્રાપ્ત કરવાની તબ્લીગ કરીએ, પછી તો આપણા ભાગ્યમાં બલંદી જ બલંદી છે, કામ્યાબી આપણા ચરણો ચુમશે. (ઈન્શાઅલ્લાહ !) આ જ ઈસ્લામી તા'લીમાત અને રહબરે આલમ ﷺ નો પૈગામ છે. *(સંપૂર્ણ)*


**★ અમારા માનવંતા પેટ્રન ગ્રાહક બન્યા છે ★**

★ જનાબ મુશ્તાક હસન તાંદલજાવાળા–દયાદરા ★ જનાબ ઈકબાલભાઈ ચોકવાલા–દયાદરા

★ શબ્બીર ભાઈ એચ. શેખ– મહમદપૂરા (ભરૂચ) રૂા. ૧૦૦૦/– અંકે એક હજાર રૂપિયા પૂરા ભરીને પેટ્રન થયા છે, જઝાકલ્લાહ ! *(**નોંધ** : પેટ્રન સભ્યને ૧૧ વર્ષ સુધી અંકો રવાના થશે.)*

આપ પણ રૂા. ૨૫૦૦/– ભરી આજીવન સભ્ય કે રૂા. ૧૦૦૦/– ભરી પેટ્રન સભ્ય બનો તેવી વિનંતી છે. *–તંત્રી*

# ફતવા વિભાગ

★ અઝ ★

હઝરત મુફતી મુહમ્મદ હારૂન રશીદ કાદરી અમજદી કંબોલવી

### ★ ફતવા નં. : ૦૯ ★

**સવાલ** : શું ફર્માવે છે દીન તથા મિલ્લતના મુફતીઓ આ મસ્અલામાં કે જે અંગ્રેજી સ્કૂલોમાં ટાઈ લગાડવી જરૂરી હોય એમાં બાળકોને તા'લીમ આપવી કેવી છે ? બૈયનૂ તૂજરૂ. *[**પ્રશ્નકર્તા** : મુહમ્મદ જાવેદ અખ્તર રઝવી, તાલાળા હાઈવે રોડ, ગોવિંદપૂરા, વેરાવળ, જિ. જુનાગઢ–ગુજરાત]*

**જવાબ** : હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ علیہ الرحمۃ والرضوان લખે છે કે, ''ટાઈ લગાડવી હરામ સખ્ત હરામ છે, તે કુફ્રનું નિશાન બદ્અંજામ છે, ખૂબ જ બુરું કામ છે. એ ખુદા તઆલાના ફર્માનની ખુલ્લી રદ છે. ટાઈ નસારા (ઈસાઈઓ)ને ત્યાં હઝરત સૈયેદેના મસીહ علیہ السلام ને સૂળી આપવામાં આવવાની અને સર્વ નસરાનીઓનો ફિદીયો થઈ જવા (વલ્અયાઝુબિલ્લાહિ તઆલા) વિશેના તેમના બાતિલ અકીદાની યાદગાર છે. નસ્રાનીઓના ટાઈની જેમ આ ક્રોસ નિશાની પણ કુર્આનના વિરૂધ્ધ છે. વલ્અયાઝુ બિલ્લાહિ તઆલા. ખુદા તઆલાનો ઈર્શાદ છે :– مَا قَتَلُوْہُ وَ مَا صَلَبُوْہُ'

*(પારા–૫, સૂ. નિસાઅ, આયત–૧૫૭)* યહૂદે ઈસા મસીહને નથી કત્લ કર્યા નથી સૂળી આપી. *(ફતાવા મુસ્તફવિયહ્, પેજ–૫૨૬)*

જેથી મુસલમાનના માટે જરૂરી છે કે જે અંગ્રેજી સ્કૂલોમાં ટાઈ લગાડવું કમ્પલસરી હોય ત્યાં પોતાનાં બાળકોને તા'લીમ ન અપાવે, એટલા માટે કે હરામથી બચવું અને બચાવવું જરૂરી છે. ઈર્શાદે બારી તઆલા છે :–

''یٰاَیُّھَاالَّذِیْنَ اٰمَنُوْاقُوْا اَنْفُسَکُمْ وَاَھْلِیْکُم نَارًا

''હે ઈમાનવાળાઓ ! તમારી જાનો અને તમારાં ઘરવાળાંઓને આગ (જહન્નમ)થી બચાવો.'' *(પારા–૨૮, સૂ. તહરીમ, આયત–૬)* અલ્લાહ બેહતર જાણનાર છે.

***લખનાર** : મુહમ્મદ હારૂન રશીદ અમજદી કંબોલ્વી*

***અલ્ જવાબુ સહીહુન્** : જલાલુદ્દીન અહમદ અમજદી*

### ★ ફતવા નં. : ૧૦ ★

**સવાલ** : શું ફર્માવે છે દીન તથા મિલ્લતના મુફતીઓ આ મસ્અલામાં કે ચાંદ અલીએ પોતાની પત્નીના વિશે આઠ દસ વખત કહ્યું કે હું તેને તલાક આપુ છે. હવે ફરી તે સ્ત્રીને રાખવા ચાહે છે તો તેના માટે શરીઅતનો શો હુકમ છે ?! બૈયનૂ તૂજરૂ. *[**પ્રશ્નકર્તા** : મુહમ્મદ જામિન અલી, રિજવાપુર, પો. લાલપુર–બસ્તી]*

**જવાબ** : ઉપરોક્ત સ્થિતિમાં ચાંદ અલીની પત્નીને તલાકે મુગલ્લઝા થઈ ગઈ, હલાલા વિના તેના નિકાહમાં નથી આવી શકતી. જેમ કે ઈર્શાદે બારી તઆલા છે :–

فَاِنْ طَلَّقَھَا فَلَا تَحِلُّ لَہٗ مِنْ بَعْدُحَتّٰی تَنْکِحَ زَوْ جًا غَیْرَہٗ

''જો ત્રણ તલાક તેને આપી હોય તો હવે તે ઔરત હલાલ થશે નહીં જ્યાં સુધી બીજા પતિની પાસે ન રહે.'' *(પારા–૨, સૂ. બકરહ્, આયત–૨૩૦)* અને હલાલાનો તરીકો એ છે કે પ્રથમ ઈદ્દત ગુજાર્યા પછી કોઈ સુન્ની સહીહુલ અકીદા શખ્સ સાથે સહીહ નિકાહ કરે અને તેનાથી સંભોગ પણ કરે, તે તેને તલાક આપી દે અથવા મૃત્યુ પામે તો તે સ્ત્રી ફરીથી ઈદ્દત ગુજાર્યા બાદ પ્રથમ પતિ સાથે નવી મહેર સાથે નિકાહ કરી શકે છે.

**નોંધ** : **(૧)** જો સ્ત્રીને ખતરો હોય કે બીજો પતિ તલાક આપશે નહીં તો એ સ્થિતિમાં તે પતિ પાસે પહેલાં એ કહેવડાવી લે કે જો હું આ સ્ત્રી સાથે

નિકાહ કરું તો તેને પોતે પોતાને તલાકે બાઈન આપવાનો અધિકાર રહેશે અને પતિ આ શરત સાથે નિકાહ કબૂલ કરી લે. હવે આ રીતે નિકાહ કરવાથી સ્ત્રી જ્યારે ચાહશે પોતે પોતાની મેળે તલાકે બાઈનને લઈ લેશે. જેમ કે દુર્રે મુખ્તાર મઅ શામી, ભાગ–૫, પેજ–૪૮ માં છે :–

لو خافت ان لا يطلقها تقول
زوجتك نفسى علىٰ امر بيدى

**(૨)** તલાકની ઈદ્દત ત્રણ મહીના અને તેર દિવસ જે અવામ (પબ્લિક)માં મશહૂર છે તે ગલત છે. તલાકની ઈદ્દત ત્રણ હૈઝ છે તે ઔરતો માટે જેમને હૈઝ (માસિક) આવે છે. જેમ કે ઈર્શાદે ખુદાવંદી છે :–

وَالْمُطَلَّقٰتُ يَتَرَبَّصْنَ بِاَنْفُسِهِنَّ ثَلٰثَةَ قُرُوْءٍ-

"તલાકવાળીઓ પોતાની જાનોને રોકેલી રાખે ત્રણ હૈઝ સુધી." *(પારા–૨, સૂ. બકરહ્–૨૨૮)* અને જે સગર્ભા હોય તેની ઈદ્દત બાળ જન્મ (કે ગર્ભ નિવારણ) છે તથા જે સન્ને અયાસ સુધી પહોંચી ચૂકી હોય એટલે કે ૫૫ વરસની હોય અને જે સ્ત્રીઓને નાની વયના કારણે હૈઝ આવતુ નથી તેમની ઈદ્દત ત્રણ માસ છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

***લખનાર** : મુહમ્મદ હારૂન રશીદ અમજદી કંબોલ્વી*

***અલ્ જવાબુ સહીહુન્** : જલાલુદ્દીન અહમદ અમજદી*

## ★ ફતવા નં. : ૧૧ ★

**સવાલ** : શું ફર્માવે છે દીન તથા મિલ્લતના મુફતીઓ આ મસ્અલામાં કે મા બાપનું પોતાના કોઈ પુત્ર કે પુત્રીના બારામાં એવું કહેવું કે મારી સંપત્તિમાંથી તેને હિસ્સો ન આપવામાં આવે, મેં તેને મારા વારસાથી મેહરૂમ કરી આપ્યો. તો આ સંજોગોમાં તે પુત્ર કે પુત્રી પોતાના મા બાપના વારસાથી મેહરૂમ થઈ જશે કે નહીં ? બૈયનૂ તૂજરૂ.

*[**પ્રશ્નકર્તા** : મુહમ્મદ યાકૂબ આદમ રઝવી, ડંગાપાળા, પો. બુળહી જાગીર, ઉ. દીનાજપુર]*

**જવાબ** : મા બાપનું પોતાના કોઈ પુત્ર કે પુત્રીના વિશે એ કહેવું ગલત છે કે મેં એને મારા વારસામાંથી મેહરૂમ કરી આપ્યો. વારસામાં જે આપવાજોગ હોય તે આપવુ શરીઅતના હુકમથી છે. મૂરિષ પોતાના કોઈ વારસની વારસદારીને બાતિલ નથી કરી શક્તો એટલે સુધી કે ખૂદ વારસદાર પણ પોતાના હક્કને ત્યજી નથી શક્તો, કેમ કે ખુદા તઆલાએ ખૂદ વારસદારોનો હિસ્સો નિશ્ચિત કરી રાખ્યો છે. ઈર્શાદે બારી તઆલા છે :–

يُوْصِيْكُمُ اللّٰهُ فِيْٓ اَوْلَادِكُمْ لِلذَّكَرِ مِثْلُ حَظِّ الْاُنْثَيَيْنِ-

એટલે અલ્લાહ તમને હુકમ આપે છે તમારી ઔલાદના બારામાં કે પુત્રનો હિસ્સો બે પુત્રીઓના બરાબર છે." *(પારા–૪, સૂ. નિસાઅ–૧૧)* હઝરત અમામા رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો છે :–

ان الله تعالىٰ قداعطى كل ذى حق حقه-

*(મિશ્કાત શરીફ–૨૬૫)* અલ્બત્ત ! જે મૃત્યુ શૈયામાં પોતાનો માલ પોતાની મિલ્કતથી વેડફી કાઢે તો વારસ કાંઈ પામશે નહીં પણ આ નાપાક ઈરાદાથી જે ફેઅલ કરશે અલ્લાહની નજીક તે ગુનેહગાર થશે. હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો છે :–

ميراثه من الجنة يوم القيامة-
من قطع ميراث وارثه قطع الله

જેથી માબાપનું કોઈ વારસના વિશે એવું કહેવું બેકાર છે કે એને મારી સંપત્તિમાંથી હિસ્સો આપવામાં ન આવે. વારસ પોતાના મૂરિષના વારસામાંથી જરૂર હિસ્સો પામશે, શરત એકે ઈર્તેદાદ (દીનથી ફરી જવું) વગેરે કોઈ કારણ ઉપસ્થિત ન થાય. અલ્લાહ બેહતર જાણનાર છે. *(મિશ્કાત શરીફ, ૨૬૬)*

*ઈઝહાર કર રહે હો ખુશી કા હરામ પર ! – ઐ કાશ ! ગૌર કરતે ખુદા કે કલામ પર !*
*કરતે હો મુસ્તફા કે નવાસોં પે હાય ! હાય ! – કૈસા મઝાક હૈ યે શહીદોં કે નામ પર !*
*–"આકિબ" બરકાતી–પેટલાદ*

# મુસીબતમાં મૌતની તમન્ના કરવું કેવું ?!

અઝ : મૌલાના અલ્તાફ હુસૈન મિસ્બાહી–વાગરા

## ★ મૌતની તમન્ના કરવુ કેવું છે ? ★

હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂર ખ્વાજએ કોનૈન ગૈબદાં નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે :–

તમારામાંથી કોઈ પણ જ્યારે મુસીબતમાં પડી જાય તો મૌતની ખ્વાહિશ ન કરે અગર ખ્વાહિશ જ હોય તો કેવળ આ પ્રમાણે કહે, હે અલ્લાહ ! જ્યાં સુધી મારી જિંદગી બાકી છે ત્યાં સુધી મને હયાત રાખ અને જ્યારે મારા માટે મૌત બેહતર હોય તો મને મૌત આપ. *(તઝકેરતુલ્ મૌત, અલ્લામા જલાલુદ્દીન સુયૂતી)*

## ★ નેકી અને બુરાઈમાં ફરક ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂર નબીએ ગૈબદાં صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે તમારામાંથી કોઈ પણ મૌતને ન માંગે, કેમ કે અગર નેક છે તો ઉમ્મીદ છે કે નેકીઓ વધતી જશે અને જો ખરાબ છે તો બની શકે છે કે આગળ જતાં નેકીની પ્રતિ વળે. *(તઝકેરતુલ્ મૌત)*

આ હદીષનો મતલબ એ છે કે ખરાબ માણસ નેકીના રસ્તા પર આવી શકે છે પણ નેક માણસ ખરાબ રસ્તા પર નથી જઈ શકતો, નેક માણસની ખ્વાહિશ હોય છે કે હું નેકીઓને વધારી અલ્લાહ તઆલાથી નજીક થઈ જાઉં અને એ જ નેક માણસની નિશાની છે કે તે અલ્લાહ તઆલાથી વધારે નજીક થવાની કોશિશ કરે. અર્થાત મૌતને તલબ ન કરો અને અલ્લાહ તઆલા પાસે ઉમર વધારવાની દુઆ કરો. જેમ કે કે હદીષે પાક છે કે હઝરત ઉબાદા બિન સામત رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂર નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે શું હું તમોને તમારામાં બધાથી વધારે બેહતર માણસની ખબર ન આપું ?! સહાબાએ કિરામે બારગાહે નબવીમાં અર્ઝ કરી, કેમ નહીં ! યા રસૂલલ્લાહ ! તો આપે ફર્માવ્યું કે તમારામાંથી જેને ઈસ્લામમમાં લાંબી ઉમર નસીબ થઈ અને નેક જિંદગી ગુજારી. *(તઝકેરતુલ્ મૌત)* **અર્થાત :** લાંબી ઉમર નેક કામ માટે જ છે અને નેક કામ માટે જ લાંબી ઉમર છે, જેમ કે હદીષે પાક છે :–

## ★ સૌથી સારો તથા સૌથી બુરો માણસ કોણ ?! ★

ઈમામ અહમદ વ તિર્મિઝી رضی اللہ عنہما એ અબૂબક્રથી રિવાયત કરી કે એક માણસે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની બારગાહમાં અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم બધાથી વધારે સારો માણસ કોણ છે ? હુઝૂર નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, "બધાથી વધારે સારો માણસ એ છે કે જે લાંબી ઉમર અને નેક અમલ કરે. ફરી પૂછયું, યા રસૂલલ્લાહ ! બધાથી વધારે ખરાબ માણસ કોણ છે ? હુઝૂર નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે તમારામાંથી બધાથી ખરાબ માણસ એ છે કે જે લાંબી ઉમર અને ખરાબ અમલ કરે. *(તઝકેરુલ મૌત)*

તો જેણે લાંબી ઉમર હાંસલ કરી અને નેક અમલ કર્યા તેના માટે તો ખુશ ખબરી છે કે તે સૌથી વધારે સારો માણસ છે પણ જેણે લાંબી ઉમર મેળવી અને ખરાબ અમલ કર્યા તેના માટે ખુશ ખબરી નથી પણ ચેતવણી છે કે તે સૌથી વધારે ખરાબ માણસ છે. હવે ફૈસલો તમારા હાથમાં છે કે સૌથી સારા માણસ બનવું છે કે સૌથી ખરાબ ! જાહેર છે કે કોઈ પણ માણસ એવું નહીં ચાહતો હોય કે તે અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ ની નઝદીક સૌથી વધારે ખરાબ માણસ ગણાય ! જેથી મુસલમાનો મૌતને તલબ ન કરે અને લાંબી ઉમરની દુઆ કરે પણ તેની પાછળ નેક કામનો મકસદ હોવો જોઈએ. કેમ કે રબ ફર્માવે છે, **(અર્થ)** : "મેં જિન્નાતો અને માણસોને કેવળ ઈબાદત માટે જ પેદા કર્યા છે." જિંદગી સાથે આ આયતને પણ યાદ રાખો. *(સંપૂર્ણ)*

# બરકાતે ખ્વાજાની ટપાલ

## વાંચકો લખે છે કે .......

**★ જનાબ સૈયદ હસમતઅલી મુઝફ્ફરઅલી કાઝી-જંબુસરનો પૈગામ ! ★**

અસ્સલામુ અલૈકુમ,

જનાબ શબ્બીરભાઈ પટેલ સાહબ, તેમજ બરકાતે ખ્વાજા પરિવાર,બાદ સલામ અર્ઝ કે આપના દ્વારા પ્રકાશિત **"બરકાતે ખ્વાજા"** માસિકનો અંક મળ્યો અંક જોતા જ દિલ બાગ-બાગ થઈ ગયું. અંક જોયા બાદ જો તમને મુબારકબાદી ન આપું તો આપની કલમ સાથે અન્યાય કર્યો ગણાય. અલ્લાહ રબ્બુલ ઈઝઝતથી દુઆ છે કે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત બુઝુર્ગાને દીનના વસીલાથી આપની આ ખિદમત મકબૂલ કરે. અલ્લાહ આપની ઉમ્રમાં બરકત અતા કરે અને આપ દીને ઈસ્લામની જે ખિદમત કરી રહ્યા છો તે ખિદમતમાં અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત દીન દુની ચૌગુની તરક્કી અતા કરે. અને વાંચક મિત્રો પણ ઈલ્મના ખજાના રૂપી "બરકાતે ખ્વાજા" અંકને વાંચી અને તેના પર અમલ કરી પોતાની આખેરતની તૈયારીમાં લાગી જાય. જે લોકોના હાથમાં આ અંક હશે તે તો "બરકાતે ખ્વાજા"ના ગ્રાહકો હશે જ પરંતુ જે લોકો બરકાતે ખ્વાજાના ગ્રાહકો નથી તેઓને વધુ પ્રમાણમાં આ અંક તરફ ખેંચવા અને તેના પર અમલ કરવા પ્રયત્નો કરશો તેવી મારી નમ્ર અપીલ છે. આજના યુગમાં ઠેરઠેર દુનિયવી સ્કીમો ચાલી રહી છે, જેમાં એક વ્યક્તિ ત્રણ ગ્રાહકો બનાવે પેલા ત્રણ બીજા ત્રણ ગ્રાહકો બનાવશે એમ કુલ નવ થશે. પેલા નવ બીજા ત્રણ ગ્રાહકો બનાવશે એમ કુલ ૨૭ થશે. એમ વધતાં વધતાં................ આ તો માત્ર દુનિયાવી ફાયદો છે. તો "બરકાતે ખ્વાજા"ના ગ્રાહકોને મારી હાર્દિક વિનંતિ કે એક ગ્રાહક માત્ર ત્રણ નવા ગ્રાહકો બનાવે દુનિયાવી પ્રચારમાં તો માત્ર દુનિયામાં જ ફાયદો થશે પરંતુ દીનના આ પ્રચારમાં દુનિયા તો દુનિયા આખેરત પણ સંવારી શકાશે. તો ચાલો ! મારી આ સલાહ વાંચીને દીનના કામમાં લાગી જાવ. અલ્લાહ જરૂર આ કાર્યનો બદલો આપશે. અલ્લાહને આપણી કઈ અદા પસંદ પડે છે તે તો અલ્લાહ જ જાણે છે !

***-લિ. હસમતઅલી મુઝફ્ફરઅલી સૈયદ-જંબુસર***

*[સૈયદ સાહબ ! આપની વાણી મૌલા કબૂલ કરે અને ખરેખર નાચીઝમાં આવડત જાગે. તેમ જ વાંચકો પણ સુન્નિયતની લાગણી સમજી સાથ આપે. આપના મહૂર્મ વાલિદ સાહબ અમારાથી ખૂબ મહોબ્બત રાખતા હતા, આપની પણ ભલી લાગણીઓ બદલ આભાર, જઝાકલ્લાહ !]*

*-તંત્રી (બરકાતે ખ્વાજા માસિક)*

★ ★ ★ ★

ભાઈ શબ્બીર અલી રઝવી સાહેબ

સલામ મસ્નૂન બાદ આપના થકી સુંદર, ઘણુ જ સુંદર, ફોર કલર ટાઈટલ સાથે, નવી રીતે, નવા અંદાજ સાથે બરકાતે ખ્વાજા "માસિક" બીરપુર શરીફ ખાતે પોસ્ટમેન હાથમાં આપી ગયા, ત્યાં જ પૂરો અંક વાંચી ગયો. અલ્હમ્દુલિલ્લાહ ! તેના સર્વ લેખો ઘણા જ પસંદ આવ્યા. ખાસ કરીને **ઈસ્લામ અને આધુનિક શોધો**. આજના જમાનાની જોઈતી વાનગી જેવું લાગ્યું.

લિ. ***પીર સૈયદ મો. મદની બાવા એફ. દરિયાઈ કાદરી-બીરપુર શરીફ***

જનાબ શબ્બીર અલી સાહેબ,

આપનો નમૂના માટેનો **"બરકાતે ખ્વાજા"**નો પહેલો અંક મળ્યો જોઈને દિલ ઘણુ ખુશ થઈ ગયું, ઈમાનને તાજગી આપતી લેખોની હારમાળાથી ભરપુર અંક જોઈ દિલને તસલ્લી થઈ કે હજી પણ અલ્લાહ તઆલાએ સુન્ની ગુજરાતીઓ માટે એવા કલમના મુજાહિદો પણ રાખેલ છે જેઓ અજ્ઞાન (બેઈલ્મ) અને જાહિલ મુસલમાનોને ચિરાગની રોશની તરફ બોલાવે છે.

સુન્ની ગુજરાતીઓને ફખ્ર છે આપના ઉપર, ગુજરાતી તર્જુમાકાર જુઝ સંખ્યામાં રહી ગયા છે, તેમાં તમારું નામ મોખરે છે. આ સેવાનો બદલો આપને અલ્લાહ તઆલા દીન અને દુનિયામાં સરસ આપે. આપની ઉમ્ર દરાઝ ફર્માવે. આપની જાઈઝ તમન્નાઓ અને મુરાદો પૂરી કરે આપને ઔર વધુ તાકાત ફર્માવે, તેના પ્યારા હબીબ ﷺ ના સદકામાં. *–આમીન*

–લિ. ***લખાના (રઝવી)–જામનગર***

[પત્ર બદલ આભાર, જઝાકલ્લાહ ! અલ્લાહ અમને એ લાયક બનાવે જે તમે કહ્યું.*–આમીન*]*–તંત્રી (બરકાતે ખ્વાજા માસિક)*

★ ★ ★ ★

અસ્સલામુ અલૈકુમ,

જનાબ પટેલ શબ્બીર અલી રઝવી સાહબ,

"બરકાતે ખ્વાજા" માસિક અંક–૧ પહેલો અને બીજો અંક પઢયો વાંચી ઘણુ જ જાણવાનું મળ્યું. આ એક દીનની સારી તબ્લીગનું કામકાજ શરૂ કર્યું કહેવાય. અલ્લાહ તઆલા આ માસિકને વધુ તરક્કી કરે તેવી દુઆ છે અને આનાથી દીનનો ફેલાવો અને સુન્નિયતનો ફેલાવો થશે. ખુદા તઆલા "બરકાતે ખ્વાજા" (માસિક)ને દિન દૂની તરક્કી ફર્માવે.

*–લિ.* ***એહમદખાન સરદારખાન પઠાણ–પેટલાદ***

**★ હજ્જ વ ઝિયારત મુબારક હો ! ★**

હઝરત પીર મુશ્તાક અલી બાવા સાહબ–કલ્લાશરીફથી તેમજ અમદાવાદથી ડો. સાદિક સાહબ નક્શબંદી મુજદિદી તથા દાઉદ વલી પટેલ થામવાળા સહકુટુંબ હજ્જે બૈતુલ્લાહ શરીફ તથા ઝિયારતે રોઝાએ રસૂલ ﷺ માટે તશરીફ લઈ ગયા છે તેમજ પાલેજ–જુમ્આ મસ્જિદના ટ્રસ્ટી જનાબ અહમદમિયાં સૈયદ ઝિયારતે હરમૈન શરીફૈન માટે ગયા છે, મૌલા તઆલા કબૂલ ફર્માવે.*–આમીન (–તંત્રી : બરકાતે ખ્વાજો)*

★ ★ ★ ★

**★ રૂા. ૫/– ની પોસ્ટ ટીકીટ મોકલી મફત મંગાવો ★**

**★ ૧. કાદિયાનીઓને ઓળખો**

**★ ૨. નમાઝ છોડવાની ભયાનકતા**

**★ ૩. અલ્લાહવાળાઓની પેહચાન**

**સરનામુ** : સુન્ની યંગ મુસ્લિમ કમિટી
C/o. મદીના મંઝિલ,
પઠાણ કોમ્પલેક્ષ પાછળ, મુ. પાલેજ,
તા. જિ. ભરૂચ, પિન. ૩૯૨ ૨૨૦

★ ★ ★ ★

**જઝાકલ્લાહ !** : અમારા માનવતાં ગ્રાહક શેખ મોઈનુદીન હાજી બદરૂદીન (ભાઈનો લીમડો–જંબુસર) સાહબે શાદીની સુન્નત અદા થવાની ખુશીના પ્રસંગે રૂપિયા (રૂા. ૫૧/–) બરકાતે ખ્વાજા (મંથલી)ને ઈમદાદ કરી છે. જઝાકલ્લાહ *(–તંત્રી બરકાતે ખ્વાજા)*

**★ અમારા પેટ્રન તથા આજીવન ગ્રાહકો ★**

★ જનાબ ઈબ્રાહીમ હાજી અલી ભાઈ પટેલ આમોદ (આજીવન સભ્ય)

★ વલીભાઈ હોટલવાલા–થામ (પેટ્રન સભ્ય)

[U.K. ખાતે]

## "બરકાતે ખ્વાજા"ના ગ્રાહકો કરવા સહકાર કરનાર મુજાહિદો

★ જનાબ મૌલાના ઈસ્માઈલ ખોજબલવી–બોલ્ટન
★ જનાબ મૌલાના ઈકબાલ વોરાસમનીવાળા–બોલ્ટન
★ જનાબ હાફેઝ યૂસુફ દયાદરવી–બોલ્ટન
★ જનાબ શફીભાઈ અસૂરીયાવાળા–બોલ્ટન
★ જનાબ મૌલાના મોહસિન હવેલીવાળા–બોલ્ટન
★ જનાબ મૌલાના યૂનુસ મિસ્બાહી વાગરાવાળા–બોલ્ટન
★ જનાબ મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવી–બ્લેકબર્ન
★ જનાબ મૌલાના ઈદરીસ સાહબ દયાદરવી–બ્લેકબર્ન
★ જનાબ જિગર નબીપુરી–લંડન
★ જનાબ ગુલામભાઈ લોલા નબીપૂરી–લંડન
★ જનાબ અહમદ કડુજી નબીપૂરી–લંડન
★ જનાબ માસ્તર ઈસ્માઈલ હવેલીવાલા એન્ડ બ્રધર્સ–લંડન
★ જનાબ નાસિર ભાઈ બાજીભાઈ દયાદરવી–લેસ્ટર
★ જનાબ અનસભાઈ ઝંઘારવાળા–લેસ્ટર
★ જનાબ અલીભાઈ સગીર વરેડીયાવાળા–પ્રેસ્ટન
★ જનાબ મૌલાના કારી અબુલકલામ રઝવી–લેસ્ટર
★ જનાબ હાફેઝ ઈકબાલ દરબાર એન્ડ બ્રધર્સ–લંડન

તથા નામી અનામી સહાયકોને મૌલા કરીમ તેના હબીબ ﷺ ના સદકામાં બંને જહાનમાં બેહતરીન બદલો આપ. *–આમીન (તંત્રી)*

### ✪ સબસે બળા ✪

સબસે બળા બોઝ કર્ઝ હે
સબસે બળા સહારા ખુદા હે
સબસે અચ્છા તરીકા મેહનત હે
સબસે અચ્છા બદલા માફી હે
સબસે અચ્છી બાત ઉમ્મીદ હે
સબસે ખતરનાક ચીઝ લાલચ હે
સબસે બળી દૌલત ઈલ્મ હે
સબસે બળા નેઅમત તંદુરસ્તી હે
સબસે બળા મુફલીસી મુસીબત હે
સબસે બળા રેહનુમાએ હક્ક કુર્આન હે
સબસે બેહતર રોશની હદીષે પાક હે

[ રજુ કર્તા :
સૈયદ અમજદ અલી–હાડગુડ]

# બરકાતે ખ્વાજા (માસિક) માટે
# તમારું લવાજમ ક્યાં નોંધાવશો ?

**પેટલાદ :** દારુલ ઉલૂમ કાદરિયા, શેરપૂરા, પેટલાદ, જિ. આણંદ

**આમોદ :** મદ્રસા બરકાતે ખ્વાજા, બસ સ્ટેન્ડ પાસે–આમોદ, જિ. ભરૂચ

**જંબુસર :** હુસૈની કમિટી જંબુસર, જુમ્આ મસ્જિદ, જંબુસર, જિ. ભરૂચ

**ભરૂચ :** અમન ઓપ્ટિક, રૂંગટા સ્કૂલ સામેની ગલીમાં, પીર ભોલનશાહ દરગાહ પાસે

★ હેપ્પી ગારમેન્ટ (દયાદરાવાળા), કતોપોર બજાર, ભારત મેડિકલ પાસે–ભરૂચ

★ મકતબાએ તયબાહ, ભઠિયાર ગલીના નાકે, લવલી ટેલર પાસે–ભરૂચ

★ હનીફ માસ્તર અરગામાવાળા–રોશન પાર્ક, બાયપાસ–ભરૂચ

★ ઈન્ડિયન ફુટવેર, હોટલ પ્રેસિડન્ટ નીચે, રેલ્વે સ્ટેશન સામે–ભરૂચ

★ હાફેઝ ઈબ્રાહીમ કહાનવાળા, આયશા મસ્જિદ, રોશનપાર્ક–ભરૂચ

**અમદાવાદ :** દાઉદ વલી પટેલ થામવાળા, ૬૪૭–પટેલ કોટેજ, પીરાન પીર દરગાહ પાસે, રાયખંડ–અમદાવાદ

**જુનાગઢ :** રઝા પેન સેન્ટર એન્ડ કિતાબ ઘર, માંડવી ચોક–જુનાગઢ

**ભાવનગર :** રઝા ઈલેકટ્રીક સ્ટોર, સ્ટેશન રોડ, નળવાળો ખાંચો–ભાવનગર

**ઝાલોદ :** હાફેઝ ઈલ્યાસ સાહબ, કસ્બા મસ્જિદ–ઝાલોદ

**વડોદરા :** અઝીમ કિતાબ ઘર–કુરૈશ મહોલ્લા ★ હાફેઝ શબ્બીર સાહબ, મેમણ કોલોની

★ હાફેઝ ઈલ્યાસ સાહબ, મદાર મસ્જિદ પાસે, મદાર મહોલ્લા, વાયા : યાકૂતપૂરા

★ અમીરમિયાં કાઝી, એ/૩૨, આઈશા પાર્ક–૧,તાંદલજા રોડ

**સૂરત :** હાફેઝ સુલેમાન હલદરવી, પીપલી મસ્જિદ, ઝાંપા બજાર–સૂરત

**કિલ્લાપારડી :** ઈમ્તિયાઝ ડી. બાલા, ઠે. બિસ્મિલ્લાહ કોલોની સામે, કિલ્લા પારડી, જિ. નવસારી

**બિલિમોરા :** મૌલાના બિસ્મિલ્લાહખાન અશરફી C/o. મુલ્લા એગ્ઝ માર્ટ, સ્ટેશન મસ્જિદ પાસે

**વાગરા :** મુશ્તાકભાઈ મુન્શી, અબ્દુલભાઈ સારણવાલા–વાગરા

**ઉમલ્લા :** અબ્દુલ કાદિરભાઈ ખત્રી તથા ઈબ્રાહીમભાઈ ખત્રી, મસ્જિદ પાસે

**બોડેલી :** હાફેઝ સિરાજ સાંપાવાળા, ફઝલભાઈ ખત્રી બત્તીવાલા

**ખંભાત :** હાફેઝ સલીમ સાહબ, દા.ઉ. અન્વારે મુસ્તફા રઝા, ઠે. સાલવા

**પાલેજ :** અ. મજીદ શેખ ઓપરેટર, નવી વસાહત, દરગાહ રોડ

આ **"બરકાતે ખ્વાજા"** (માસિક) **"ઈસ્લામિક વેલ્ફેર મિશન"** દયાદરા તરફથી તેના પ્રમુખ, તંત્રી, પબ્લીશર તથા પ્રિન્ટર પટેલ શબ્બીર અલી રઝવી (B. Sc.)એ **"ટેક્નો પ્રિન્ટ"** કાટવાલા એસ્ટેટ, યાકૂતપૂરા, વડોદરામાં છપાવી ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરાની ઓફિસેથી પ્રગટ કર્યું.

# ગ્રાહકો કરવામાં સાથ આપનારાઓ
# જેમના અમો આભારી છીએ

**પેટલાદ** : જનાબ સૈયદ તાહિરબાપુ, જનાબ આકિબ ખાન બરકાતી, મુન્તઝિરખાં રઝવી,

**બિલિમોરા** : મૌલાના બિસ્મિલ્લાહખાન અશરફી, **C/o.** મુલ્લા એગ્ઝ માર્ટ, સ્ટેશન મસ્જિદ પાસે

**આમોદ** : હાજી અલ્લારખા ભાઈ કે. મલેક, જનાબ હાફેઝ અબ્દુર્રહીમ જીબાવા રાઠોડ, જનાબ હાફેઝ ભાઈખાં ઈબ્રાહીમ, મુહમ્મદ ભાઈ પાનવાળા

**ભરૂચ** : મુનીરભાઈ પઠાણ, ઉસ્માનખાન દયાદરાવાળા (હેપ્પી ગારમેન્ટ), ઈસ્હાક માસ્તર કોલવણાવાલા, હનીફ માસ્તર અરગામાવાળા, યૂસુફ ગડિમલ, હાફેઝ મુહમ્મદ હનીફ રિફાકતી, હાફેઝ ઈબ્રાહીમ કહાનવાળા, મેહબૂબ ડી. પટેલ (ખુર્શિદ પાર્ક), તારિકભાઈ (મદની ઈલેક્ટ્રિકલ્સ), મોઈનુદ્દીન ભાઈ (હાજી પીર કિરમાણી)

**ભાવનગર** : અબ્દુર્રઝ્ઝાકભાઈ, અલ્તાફભાઈ, લાલાભાઈ

**ઝાલોદ** : હાફેઝ ઈલ્યાસ સાહબ (કસ્બા મસ્જિદ)

**વડોદરા** : જાવેદભાઈ કુરૈશી–કુરૈશ મહોલ્લા

**સૂરત** : હાફેઝ સુલેમાન હલદરવી, હાફેઝ સઈદ ઈસ્લામપૂરી, મકસૂદભાઈ રાજવાની, સિરાજ તુંબી

**વાગરા** : મુશ્તાકભાઈ મુન્શી, અબ્દુલભાઈ સારણવાલા

**હાડગુડ** : સૈયદ અમજદ અલી ( અફસાના એસ.ટી.ડી. વાળા)

**ઉમલ્લા** : અબ્દુલ કાદિરભાઈ ખત્રી, ઈબ્રાહીમભાઈ ખત્રી

**બોડેલી** : હાફેઝ સિરાજ સાંપાવાળા

**ખંભાત** : હાફેઝ સલીમ સાહબ–સાલવા

**જુનાગઢ** : રઝા પેન સેન્ટર એન્ડ કિતાબ ઘર, માંડવી ચોક–જુનાગઢ

**ધોરાજી** : નવીવાળા ખિઝર સત્તાર, ઠે. નગીના મસ્જિદ સામે,

**વોરાસમની** : હાફેઝ અલ્તાફ, અન્વરભાઈ, હાજી મુહમ્મદ માસ્તર

**પાલેજ** : અ. મજીદ શેખ ઓપરેટર (સુન્ની યંગ કમિટી)

તેમજ અન્ય નામી અનામી ભાઈઓએ ગ્રાહકો કરવામાં સંપૂર્ણ સાથ સહકાર કર્યો છે. તેમજ સુન્ની માસિકો **તયબાહ, અલ મુઈન, ફયઝે રઝા** તંત્રી તથા સંપાદકોના પણ અમો આભારી છીએ કે દરેકે ખુલૂસ દિલે બરકાતે ખ્વાજા (માસિક)નું અવલોકન તેમજ જાહેરાત જોરશોરથી કરી છે. જઝાકલ્લાહ *(તંત્રી : બરકાતે ખ્વાજા)*

# હુઝૂર દિલ મેં સમાએ, હુઝૂર આંખો મેં........

જો ખ્વાબ મેં કભી આએં હુઝૂર આંખોં મેં
સુરૂર દિલ મેં હો પૈદા નૂર આંખોં મેં

હટા દેં આપ અગર રૂખ સે ઈક ઝરા પર્દા,
ચમક ન જાએ અભી બર્કે તૂર આંખોં મેં

ખુલે હંય દીદએ ઉશ્શાક કબ્ર મેં યોં હી
હય ઈન્તઝાર કિસી કા ઝરૂર આંખોં મેં

ખુદા હૈ તૂ ન ખુદા સે જુદા હય અય મૌલા
તેરે ઝહૂર સે રબ કા ઝહૂર આંખોં મેં

ખુદા સે તુમ કો જુદા દેખતે હંય જો ઝાલિમ
હય ઝૈગ કલ્બ મેં ઉન્કે, ફુતૂર આંખો મેં

ઉમંડ કે આહ નહીં આએ અશ્ક હાએ ખૂં
યે આ રહા હય દિલે ના સબૂર આંખોં મેં

હુઝૂર આંખોં મેં આએં, હુઝૂર દિલ મેં સમાએં
હુઝૂર દિલમેં સમાએં હુઝૂર આંખોં મેં

નઝર નઝીર ન આયા નઝર કો કોઈ કહીં
જચે ન ગિલ્માં નઝર મેં ન હૂર આંખોં મેં

મએ મહબ્બતે મહબૂબ સે યે હંય સર સબ્ઝ
ભરી હૂઈ હય શરાબે તહૂર આંખોં મેં

હુવા હય ખાતિમા ઈમાન પર તેરા **''નૂરી''**
જભી હંય ખુલ્દ કે હૂરો કુસૂર આંખોં મેં

[**તર્જ** : હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ મુસ્તફા રઝાખાં ''નૂરી'' (عليه الرحمة والرضوان)]

**(ઉર્સ : ૧૪ મુહર્રમુલ્ હરામ)**

Barkate Khwaja (Monthly) April-2004 Regd. No. G/Bch/54

GRWB/057/Bharuch/02

# ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરાના

## ઉદ્દેશો અને પ્રવૃત્તિઓ

આયોજન–પ્લાનિંગ વિના કામયાબી શક્ય નથી અને ઈલ્મ વિના આયોજન શક્ય નથી. અંધારામાં ફાંફાં મારવાથી મંઝિલ મળી જતી નથી અને નિશાન વિના ગોળી મારવાથી નિશાનો પાર પડતો નથી. સારાંશ કે ઈલ્મ એક અતિ મહત્વની ચીજ છે જે ઈન્સાનને કામયાબીથી મિલાવી દે છે.

★ **ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા**નો **મુખ્ય ધ્યેય** ઈલ્મે દીનના પ્રચારનો જ છે.

★ એ માટે ઘણી બધી જગ્યાએ ગરીબ ગામડાંઓ તથા ગરીબ વસ્તીઓમાં કુર્આનની તા'લીમ તથા દીની ઈલ્મની વ્યવસ્થા માટે મદ્રસા–મસ્જિદોના સંચાલનમાં સહકાર કરવાનું કાર્ય **ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા** કરે છે અને આ તેની સ્થાપ્નાનો મૂળ ધ્યેય છે.

★ ઉપરાંત બીજો ખાસ ધ્યેય **ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા**નો એ છે કે ગુજરાતી ભાષીઓમાં ઉચ્ચ કક્ષાના **ગુજરાતી આલિમો** બહાર પડે જે ઈન્કિલાબી મિજાઝવાળા તથા તેહરીકી તૌર પર ગુજરાતના સુન્નીઓની ખિદમત કરી ઈલ્મે દીનનો ફેલાવો કરે.

★ એ માટે હિંદુસ્તાનની વિખ્યાત અરબી યુનિવર્સિટી **જામિઆ અશ્રફિયા–મુબારકપુર** (જિ. આ'ઝમગઢ, યુ.પી.) ખાતે ગુજરાતી તલબા દાખલ કરીને ત્યાં ઉચ્ચ તા'લીમ નચિંતપણે મેળવીને આગળ વધે એ માટે તેમને માસિક સ્કોલરશીપ તથા જરૂરી સહાયનું કામ **ઈસ્લામિક વેલ્ફેર મિશન દયાદરા** કરી રહેલ છે.

★ ઉપરાંત આ કામો સાથે શક્ય બને તે રીતે અન્ય સહાયનાં કામો કરવાનું કાર્ય પણ **ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા**ના આયોજન હેઠળ છે.

★ ગરીબ આબાદીઓમાં મસ્જિદ–મદ્રસાના બાંધકામ માટે જો સખી દાતા મળી જાય તો તે કામોનું પણ આયોજન **ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા**ના લક્ષોમાંથી છે.

★ દીની તા'લીમની સાથે દુનિયવી શિક્ષણ ક્ષેત્રે પણ સુન્ની યુવાનો આગળ વધી શકે તે માટે ભાવિમાં આયોજન કરવાનું વિચારણા હેઠળ છે.

આ કામો કેવળ **સખીદાતાઓ દીન તથા સુન્નિયતની, કૌમની ભલાઈ કાજે** રાહે ખુદામાં સહાય માટે ભરપૂર સાથ આપે એના પર નિર્ભર છે. તો આપ આપની **લિલ્લ્લાહ, ઝકાત ખયરાત, સદકા, ફિત્રા, ન્યાઝની રકમમો, કુર્બાનીની ખાલોની રકમો** અમને પહોંચાડો.

**સંપર્ક સરનામુ :** **ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા**, C/o. ફયૂઝાને રઝા મંઝિલ,
મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન. ૩૯૨૦૨૦, ગુજરાત (ઈન્ડિયા)
ફોન નં. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મો. ૯૮૨૪૪૮૬૪૪૩

આ **"બરકાતે ખ્વાજા"** (માસિક) **"ઈસ્લામિક વેલ્ફેર મિશન"** દયાદરા તરફથી તેના પ્રમુખ, તંત્રી, પબ્લીશર તથા પ્રિન્ટર પટેલ શબ્બીર અલી રઝવી (B. Sc.)એ **"ટેકનો પ્રિન્ટ"** કાટવાલા એસ્ટેટ, યાકૂતપૂરા, વડોદરામાં છપાવી ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરાની ઓફિસેથી પ્રગટ કર્યું.

# યા સૈયદી ખૈરુલવરા ઉઠિયે...

(**અઝ** : શેર બે શઅ હઝરત મૌલાના હશ્મત અલીખાં સાહબ عليه الرحمة والرضوان)

મદદ કા વક્ત હૈ યા સૈયદી ખૈરુલ્વરા ઉઠિયે
હુવા અઅ્દાકા નરગા ઐ હબીબે કિબ્રિયા ઉઠિયે

સતાયે હંય બહુત અઅ્દાએ દીં તેરે ગુલામોં કો
પરેશાં હાલ હૈ ઉમ્મત, શહે હર દો સરા ઉઠિયે

તુમ્હારે નામ લેવા, મુશ્રિકોં સે તંગ આએ હંય
સિતમ કી તેગ સે કટતા હૈ, બંદો કા ગલા ઉઠિયે

રસૂલે હાશમી ઉઠિયે, ખબર લીજિયે ગુલામોં કી
મુસલમાનાં ને આલમ હૈં, બલા મેં મુબ્તલા ઉઠિયે

કહીં ભી અબ મુસલમાનોં કો આશાઈશ નહીં હાસિલ
ગરઝ ઈસ્લામ કી દુન્યા મેં હૈ, મહશ્ર બપા ઉઠિયે

હુસૈનીઓં પર જમિયત યઝીદી હમલા આવર હૈ
મદદ ફર્માઈએ એ દાફ એ કરબો બલા ઉઠિયે

મુસલમાં હો ગએ બે દસ્તો પા મઝલૂમ ઔર બેકસ
મદદ ફર્માઈયે, ઐ ખાલિદે સૈફે ખુદા ઉઠિયે

વહી ઈસ્લામ જિસ્કો આપને થા ઝિંદા ફર્માયા,
તુમ્હારે સોને સે ફિર સો ગયા ગૌષુલ્ વરા ઉઠિયે

તુમ્હીં હો બાદશાહે હિંદ, રહમત હો ગરીબોં પર
મેરે અજમેરી ખ્વાજએ મોઈનો રહનુમા ઉઠિયે

"**ઉબૈદ**" ખસ્તા કી ફરિયાદ સુન લો કાદરી દુલ્હા
ખુદા કે વાસ્તે યા મુરશિદી અહમદ રઝા ઉઠિયે

## ફખ્રે ગુજરાત હઝરત અલ્લામા મૌલાના યૂનુસ મિસ્બાહી વાગરાવાળાની અજોડ ઈલ્મી, ઈન્કિલાબી કૃતિઓ ગુજરાતીમાં મેળવો

ફખ્રે ગુજરાત હઝરત મૌલાના યૂનુસ મિસ્બાહી સાહબે (હાલ : પ્રેસ્ટન, યુ.કે.) સુન્ની ગુજરાતી સમાજને **ઈમાન** તથા **અકીદાની** મજબૂતી માટે **"તોહફાએ નજાત"** નામથી કુલ **નવ** તોહફા (નવ ભાગો) વિવિધ વિષયે ઈલ્મી ઈમાની વાનગીથી સભર ખ્વાનો ભરીને રજુ કર્યા છે અને **તોહફાએ નજાત** (ભાગ–૧૦) પણ પ્રસિદ્ધ થવાની અણી પર છે. દીને ઈસ્લામને જાણવા, પિછાનવા, તેના પર ચાલવા માંગનાર માટે સંપૂર્ણ માહિતીપૂર્ણ ખજાનો એટલે તોહફાએ નજાત !

★ **તોહફાએ નજાત** ***(ભાગ–૧, પેજીસ–૧૦૨)*** : જેમાં પતિના, પડોશીના, ઔલાદના હક્કો તેમજ મૌતની તકલીફો અને કબરના ભયંકર ખાડાનું વર્ણન છે. ***(હાલ સ્ટોકમાં નથી)***

★ **તોહફાએ નજાત** ***(ભાગ–૨, પેજીસ–૧૭૬)*** : જેમાં પત્નીના, માં બાપના હક્કો તેમજ આલમે બરઝખના ભયાનક અઝાબો તથા દોઝખની ભયંકર બર્બાદીઓનું વર્ણન છે. ***(હદિયો : રૂા. ૨૦/–)***

★ **તોહફાએ નજાત** ***(ભાગ–૩, પેજીસ–૨૫૨)*** : જેમાં નમાઝની ફઝીલત, તેના છોડવા પર અઝાબ, બુઝુર્ગોની નમાઝ, જિંદગીનો મકસદ, શૈતાનનો ભયાનક હુમ્લો, દોઝખીઓની કરૂણ દશા, ગુનોહ વબાલ છે.... વગેરે પ્રકરણો છે. ***(હાલ સ્ટોકમાં નથી)***

★ **તોહફાએ નજાત** ***(ભાગ–૪, પેજીસ–૪૫૦)*** : જેમાં નમાઝ, રોઝા, ઝકાત તથા ઉશ્રના વિગતવાર મસાઈલ સવાલ જવાબરૂપે દર્શાવ્યા છે. ***(હાલ સ્ટોકમાં નથી)***

★ **તોહફાએ નજાત** ***(ભાગ–૫, પેજીસ–૩૧૨)*** : જેમાં હુઝૂર કાયનાતથી પ્રથમ મખ્લૂક, નૂરી બશર તેમજ સલામો કિયામ અને મીલાદુન્નબીની સાબિતીનું વર્ણન છે. ***(હદિયો : રૂા. ૫૦/–)***

★ **તોહફાએ નજાત** ***(ભાગ–૬, પેજીસ–૨૭૨)*** : જેમાં સહાબાએ કિરામનો કિરદાર અને આપણે ? એ વિષય પર સહાબાનો ઈતિહાસ તેમની કુર્બાનીઓનું વર્ણન છે. ***(હદિયો : રૂા. ૫૦/–)***

★ **તોહફાએ નજાત** ***(ભાગ–૭, પેજીસ–૪૭૫)*** : યા'ને **કુર્આન એક ઝિંદા મો'જિઝો** જેમાં તમામ આસ્માની કિતાબોની વિગત, તેમાં થયેલ ફેરફારની વિગત તથા કુર્આન સુરક્ષિત તથા અજોડ હોવાની સાબિતીનું તથા તેની ફઝીલત વર્ણવી છે. ***(હાલ સ્ટોકમાં નથી)***

★ **તોહફાએ નજાત** ***(ભાગ–૮, પેજીસ–૪૩૨)*** : જેમાં વસીલા પર આટલી વિસ્તૃત ચર્ચા ક્યાંય વાંચી નહીં હોય તે છે. ***(હદિયો : રૂા. ૫૦/–)***

★ **તોહફાએ નજાત** **(ભાગ–૯, પેજીસ–૪૮૦)** : જેમાં મૌત, સકરાંત, કફન–દફન, ઈસાલે સવાબની લાજવાબ ચર્ચા છે. ***(હદિયો : રૂા. ૬૦/–)***

***જેને સાચે જ ઈસ્લામિક જ્ઞાન મેળવવું હોય તેઓ આ સરનામે સંપર્ક કરે :-***

**અંજુમને રઝાએ મુસ્તફા**, C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુા.પો. દયાદરા, તા. જિ. ભરૂચ,
પિન. ૩૯૨૦૨૦, ગુજરાત (ઈન્ડિયા) ફોન નં. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મો. ૯૮૨૪૪૮૬૪૪૩